॥ ॐ श्री ॥

दुःखनाशक-मनोत्साह-वर्धक-दर्पण.

આર્યહિત વર્ધક ઔષધાલય,

મુકામ, સુરત—સોનીફળીઆ.

વૈદ્ય શાસ્ત્રી મણિશંકર પાર્વતીશંકરની બનાવેલી

જગપ્રસિદ્ધ દવાઓ.

જે જે રાજસ્થાન, હિંદુસ્તાન, યુરોપ, આફ્રિકા અને અમેરિકા વિગેરેના [illegible] પ્રસિદ્ધ [illegible] ઔષધિઓ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કારીગરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કારીગરીથી [illegible] છે.

આંખના તમામ રોગોની દવા માટે—[illegible]

[illegible] પાછી લેવામાં આવતી નથી.

[illegible] ઉપર [illegible] [illegible] સિદ્ધિ છે.

મૂલ્ય રૂ. ૦-૮-૦

સ્પષ્ટ સમજુતી.

આ પુસ્તકમાં બે વિભાગ છે.

એક ભાગમાં કેટલીએક દવાઓનાં સ્વરૂપ તે દ્વારા મળેલા અનુભવ-તેમાં દવાઓના ગુણ અને સરટીફીકેટોનો સમાસ કરવામાં આવ્યો છે.

બીજા ભાગમાં **શ્રી લક્ષ્મિ હૃષિકેશનો રસીક સંવાદ**—તેના છ રસ એટલે છ પ્રકરણોમાં મનને ઉત્સાહ પમાડી આનંદ આપનારી રસિક નોવેલ સંકલિત કરી છે. જેમાં સ્વદેહે સ્વર્ગ પ્રાપ્ત [illegible] સાધન સુધીની નોવેલનો સમાશ થાય છે.

પ્રસ્તાવના.

સર્વ સદ્દગૃહસ્થો તથા સંનારીઓ પ્રત્યે મારી સપ્રેમ વિનંતી છે, કે, આ પુસ્તકમાં દર્શાવેલા વિષયો પરત્વે એમ ધારવાનું નથી કે, તેમાં મેં કાંઈ વધારો કર્યો છે. અગર તો નામના મેળવવા આ કાર્ય કર્યું છે, કે જેથી વધારે દ્રવ્ય સંબંધી લોભના હેતુથી પણ નહીં. પરંતુ મારા જાતી અનુભવમાં જે જે ગુરૂ કૃપાથી અગર સત સમાગમો થતાં જાતી અનુભવ શિવાય કોઈ પણ ચીજ બાહુલત્વમાં મુકી નથી, અને તેમ કરવા ઈશ્વર કે, જેણે દરેક ચીજો ઉત્પન્ન કરી છે, તે અગણીત અને અમુલ્ય છે, તેનાં કરેલાં કાર્યોનિજ માન આપી, તે કાર્યના કર્ત્તા તેજ પરમાત્મા છે, એવું માની દરેક કામ કરવામાં એક ફક્ત હાલના જમાનાને અનુસરતું વેહેવારીક કાર્ય જે નજરે પડતાં, કેટલાએક દુઃખી અને અજાણ્યાને વાકેફ કરી તેનાં દુઃખનો સત્વર નાશ થાય, એવા હેતુથી સદરહુ પુસ્તકમાં દર્શાવેલા વિષયો માટે જે જે શ્રમ આપ્યો છે, તેને માટે પરમાત્મા પાસે ક્ષમા ચાહું છું.

હવે એટલેથીજ નહીં અટકતાં આગળ જણાવવામાં આવે છે, કે, આયુર્વેદ–વૈદ્યક–અગર તો ડાકટરી વિષય

અવા પ્રાતિકર છે કે, તે હરેક કોમોને સામાન્ય લાભ રૂપ થઇ પડયા શિવાય રહેતો નથી, તેને માટે સર્વને ફરીથી મારી સપ્રેમ પુર્વક વિનંતી છે કે,—૧, शैव मार्ग—२, विष्णु मार्ग—३, देवी मार्ग—४; विठ्ठल नाथजीनो मार्ग—५, स्वामीनारायणनो मार्ग—६, कबीर—७, नानकसाइ—८, रामानंदी—९, गुरू दत्तात्रयनो मार्ग—१०, ज़ईननो मार्ग—११, मार्गी पंथ—१२, कांचलीयों पंथ—१४ ढुंढीआनो मार्ग—१४, पारसी भाईनो जरथोस्ति मार्ग—१५, जीससक्राइस्टनो मार्ग १६, मोहमेदीन मार्ग—१७, झंदनो मार्ग—१८, मोलेसलाम १९, होरा लोकोनो मार्ग० ઇત્યાદિક માર્ગના હરેક ગ્રાહકોને મારી એક સરખી પ્રેમ લક્ષણાથી, ચાહેનાત રાખી પરમાત્માના ફરમાનને માન આપી, ચાલવું એમાંજ જનસમૂહમાં હિત જળવાયલું એવું મારૂં માનવું છે. કારણ કે હરેક કોમોમાં ભલે ભાષા અને સમજ ફેર હોય, તો પણ દૈવાધીન વસ્તુ હરેકને માટે એક સરખીજ ગણવામાં આવે છે.

મનુષ્ય જીવનમાં દુઃખ અધ્યાત્મિક—આધિદૈવીક—આધિભૌકિતક એમ હેતુ રૂપે ત્રણ પ્રકારે અનુભવમાં આવે છે. તેમાં એ ત્રણ પ્રકારથી વ્યાધી ઉત્પન્ન થઇને વૃદ્ધિને પામે છે. વૈદ્યક શાસ્ત્ર સંપન્ન પરમ કૃપાળુ માહાત્માઓએ

દુઃખમાંથી મુક્ત કરવાર્થે અનંત પરિશ્રમ કરીને વનસ્પતિ આદિક ભૌતિક ઉપચારોનો ઉપયોગ કરવા માટે ગ્રંથાદિ દ્વારા કૃપા કરી ગયા છે. તે માહા સમુદ્રમાંથી શક્તિ તથા અનુભવ કરી કરીને; એ દુઃખ દૂર કરવાર્થે જે જે પરમાત્માએ મારા અંતઃકરણ દ્વારા મારા શરીરદ્વારા દવાઓના રૂપમાં કૃત્ય કરાવ્યું છે. તેમાંથી જન સમુહમાં વિશેષ ઉપયોગમાં ખાસ આવે તેવી દવાઓ આ પુસ્તકમાં લખી છે. એ દવાઓનો અનુભવ ઘણાઓએ કર્યો છે. છતાં તે અનુભવને જેઓ જન કલ્યાણાર્થે કાગળમાં દર્શાવી શકયા છે. તે પ્રદર્શન પણ સરટીફીકેટોના રૂપમાં આ પુસ્તકમાં મુકયું છે. તેથી એમ સમજવાનું નથી કે મારિ આત્મ સ્તુતિ માટે તે થયું છે. પણ કેવળ લોકહિતાર્થે પરમાત્માની સ્તુતિ રૂપે અંતરયામીપણે રહીને તેણે કરાવ્યું છે. માટે તેની પુંજા રૂપે મુકયા છે.

બીજું રોગનું કારણ જે અધ્યાત્મિક સ્થિતિ છે. તેનો અર્થ એવો થાય છે કે ચિંતા, ખેદ, અતિતૃષ્ણા, ઇર્ષાઆદિ મનમાં ઉઠેલા વેગો ભિન્ન ભિન્ન વ્યાધીઓને ઉપજાવે છે, તમને દૂર કરવા માટે રોગીના મનની પ્રશંન્નતાને ઉત્પન્ન કરવી એ કાર્ય કુશળ વૈદ્યને સહાય કરે છે. તેનું દ્રષ્ટાંત આપવા માટે આ પુસ્તકમાં રમુજી વ્યાખ્યાન રૂપે પ્રયાસ કર્યો છે. મારી પાસે પરમાત્માની કૃપા રૂપે એવા વ્યાખ્યાનોનો મોટો સમુહ છે. તેનો યોગ્ય સ્થળોએ ઉપયોગ કરૂં છું. તેમાંનું આ એક છે.

ત્રીજો હેતુ આધિદૈવિક છે. તેનું બળ પણ વૈદ્યને મદદ કરે છે. તેનાં દ્રષ્ટાંત રૂપે પણ વચ્ચે વચ્ચે જુદા જુદા દેવોનું સ્મરણ તથા ચિંત્વન આ પુસ્તકમાં કરાવ્યું છે. તેથી તે બંને પ્રકારની સાધ્યતા સહિત વૈદ્ય વીદ્યા સર્વોત્તમ ફળ બતાવે છે.

શાર્દુલ વિક્રિડિત છંદ

મધ્યાને રવિ રશ્મિમાં જળ દિસે, જેવું તથા ભુતને,
પાંચે જ્ઞાન વિના ત્રિલોક રચના, લાગે સમુદ્‌ ભૃત એ;
માળામાં ભ્રમથી ભુજંગ સરખું, ભાસે ન જ્યાં જ્ઞાનિને,
તે આત્મા સુખ બોધ રાશી ભજીએ, નિર્દોષને માનિને.

ઈશ્વિર ઉપાસના રૂપ મંગળાચરણ આ છે. જે ઈશ્વરને જાણ્યા વિના ઝાંઝવાના જળને જેમ પંચમાહાભુતથી થએલી સૃષ્ટ સમદ્‌ભુત એટલે સાચીજ હોય એમ લાગે છે. અંધઃકારમાં જ્ઞાની પુરૂષોને દોરડીમાં સર્પની ભ્રાંતિ થતી નથી એવા સત્ય સ્વરૂપ સ્વયંપ્રકાશ નિર્ગુણ બ્રહ્મ ૐ શ્રી અશ્વિની કુમાર વૈદ્યનાથ માહારાજાધીરાજની હમો નિરંતર ઉપાસના કરીએ છઇએ.

પ્રસ્તાવનાની સમાપ્તિ કરવા પહેલાં નમ્રતાપુર્વક જણાવું છુ કે આ પુસ્તક છપાવવામાં કોઈ સ્થળે નજર ચુકથી ભૂલ રહી ગઈ હોય તો તે વાંચનાર વિદ્વજનો સુધારી લેશે એ મારી પ્રાર્થના છે.

सर्वसर्वन जानन्ति सवर्ज्ञो नास्तिकींचन्, सर्वज्ञो भगवान्स्त्रयम् ॥

મુ૦ સુરત. } લી૦ વૈદ્યશાસ્ત્રી
સોનીફળીઆ } મણીશંકર પાર્વતીશંકર

દુઃખનાશક-મનોત્સાહ-વર્દ્ધક દર્પણ.

આર્યહિત વર્ધક ઔષધાલય

મુકામ સુરત સોનીફળીઆ.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાવતીશંકરની

જગત પ્રસિદ્ધ દવાઓ.

કે જે ગુજરાત, હિંદુસ્તાન, યુરોપ, આફ્રીકા અને અમેરીકા વિગેરેના યોગ્ય પાત્રોમાં પ્રસિધ્ધ પામેલી ઔષધિઓ માટે ઇ. સ. ૧૮૮૧ થી જાતી અનુભવિ ધંધા સંબંધી ખાત્રી દર્શાવનારા મોટા મોટા અધીકારીઓ તેમજ નામાંકિત સદ્ગૃહસ્થો તરફથી મળેલાં સંખ્યાબંધ સર્ટીફીકેટો પૈકીનાં સ્થળ સંકોચને લીધે ઘણાજ થોડા ટુંક સારાંશમાં દર્શાવ્યા છે,

આંખના તમામ રોગોની દવા અંજાવનાર પાસે ફી લેવામાં આવતી નથી.

પરમાત્મા ઉપર નિશ્ચયથી કાર્ય સિદ્ધિ છે.

रसपट्ट अथवा दुःखनाशक मनोत्साह वर्धक दर्पण.

रस—१.

हृषिकेश भगवान अने लक्ष्मिजीनो संवाद.

स्थळ वैकुंठपुरी.

વૈકુંઠની અંદર પોતાના મણીરત્ન જડીત મહેલ અને તેની આસપાસ આવેલા બગીચામાં પક્ષિઓ જેવાં કે, કોયલ, મેના, પોપટ વિગેરે પોતાના મધુર ગાયનથી, અને કોકીલાના સ્વરથી આખો મણીરત્ન જડીત મેહેલ અને તેની આસપાસનો ભાગ રમણીય કરી નાંખ્યો છે. દેવતાઇ હરણો આમ તેમ મોટી ફલંગો મારી ફરતાં હતાં, નાના વિધ પ્રકારની ચકલીઓ સુશોભીત વૃક્ષો ઉપર મધૂર શબ્દો બોલી રહી છે. મોર ટીઆઉં ટીઆઉ! કરી આખો બાગ ગજાવી મૂકે છે, એવા પોતાની કુદ્રત્થી બનેલા પુષ્પાદિકલતા, વિગેરે સુગંધી અને મનને પ્રફુલ્લિત આપનારા ગુલાબ, જાઇ, જુઇ, કેતકી, ચંપેલી વિગેરેથી મગજને આનંદ પમાડનારા અને, જે,

स्तुति आश्विनीकुमारनी

પદ.

દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે,
વૈદ્યનાથ અશ્વિનીકુમાર;
સત્ય છે વૈદ્યનાથ અશ્વિનીકુમાર,
પરમ દુઃખ ટાળે તે તો નિરધાર.
તેને નમન કરી અર્પણ કરવું, ખરૂં જે સત્ય નિરધાર;
પાવન થઇને પાવકમાં તરસે, કાર્યો અલૌકિક ધાર.
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે,
વૈદ્યનાથ અશ્વિનીકુમાર; સત્ય છે વૈદ્ય. ॥ ૧ ॥
રાગાદિ રોગને સમન કરે સૌ, દમન કરે નિરધાર;
સત્વગુણના ભંડારે, વિષ હરનારે, ત્રીગુણાત્મક સ્વયંપ્રકાશ.
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે,
વૈદ્યનાથ અશ્વિનીકુમાર, સત્ય છે વૈદ્ય. ॥ ૨ ॥
યજ્ઞોમાં જેનો ભાગ કીધો છે, સર્વ દેવોમાં પુજની તમામ;
દક્ષનું શીર જે, કપાઇ ગયું, પુન જોડી દીધું નિરવાણ.
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે,
વૈદ્યનાથ અશ્વિનીકુમાર, સત્ય છે. વૈદ્ય ॥ ૩ ॥
પુષાના દંત પુન સાંધી દીધા, રાજ્ય રોગોથી મુક્ત ચંદ્રમાં;
એવા કીધા ઘણા કાર્યો અલૌકિક, સર્વ દેવના વૈદ્ય શિરતાજ.
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે,

બગીચામાં આંબા, કેળ, ફણુસી, દ્રાક્ષ વિગેરે લતાદિ ફળદ્રુપ વનસ્પતિઓના મંડપો ઠામ, ઠામ, દેવતાઇ રીતી પ્રમાણે રચવામાં આવ્યા છે. એવા રમણીય બગીચામાં શાક્ષાત ભગવાન લક્ષ્મિજી સહુવર્તમાન અતી આનંદમા વિહાર કરતા ફરે છે, જ્યાંથી બગીચાના બીજા ભાગમાં જવાય છે ત્યાં, એકેએક સુવર્ણથી બનેલા હોજોમાંથી મંદ, મંદ, પાણીના ફુવારાઓ જાણે વૃષ્ટિનો આનંદ આપતા હોય, એમ દીપતા હતા. ચાલતાં ચાલતાં મંદ, મંદ પવનની લહેરો આવે છે. ચોગાન તરફ દ્રષ્ટિમર્યાદા સુધી બિલકુલ સપાટ મેદાન છે. અને તેના ઉપર મહા દેવતાઇ કૃતિથી એક અત્યંત મોટી લીલી શેત્રંજી બીછાવેલી હોય તેથી તે મેદાન જાણે સમુદ્રના પાણી સ્થિર અને લીલાં હોય, એવો ભાસ થાય છે. આ ઘટના નિહાળતા નિહાળતાં પોતાના મહેલ તરફ તેઓ સંચરે છે. હવે બગીચામાંથી મહેલમાં પ્રવેસ કરતાં લક્ષ્મીજી ભગવાનને કહે છે કે, આ મનોરંજક દેખાવ નિહાળતાં મારૂં મન શાંત અને સૌંદર્યતાથી આનંદમય પ્રફુલ્લિતપણાને પામ્યું છે. માટે આપ બીરાજો. એમ કહી મહેલમાં બીરાજ્યા

સાક્ષાત પરમાત્મા સ્વરૂપ જગત નિયંતા અને સૃષ્ટિના કર્તા પોતે લક્ષ્મિના પતિ છે. એવા જે સ્થળમાં રહે છે તેની અપૂર્વ અને અલૌકિક શોભાનું વર્ણન કરવા મનુષ્ય માત્રની બુદ્ધિ અસમર્થ છે. એ નિઃસંશય છે.

આવા રમણીય અને અલૌકિક રચનાવાળા સ્થળમાં સાક્ષાત ભગવાનને પૂર્ણાનંદપણામાં પ્રાપ્ત થયેલા જોઇ, લક્ષ્મીજીના મનમાં એક ભાવના ઉત્પન્ન થવાથી.

ત્યાં લક્ષ્મિજીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે.

વૈદ્યનાથ અશ્વિનીકુમાર; સત્ય છે. વૈદ્ય ॥ ૪ ॥
ભૃગુના પુત્ર ચ્યવન રૂષી જે, કામે; વૃદ્ધ થયા અતિ નિરવાણ;
અશ્વિનીકુમારે યુવાવસ્થા આપિને, દિવ્ય દેહે બનાવ્યાતા જાણ.
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે.
વૈદ્યનાથ અશ્વિનીકુમાર, સત્ય છે. વૈદ્ય ॥ ૫ ॥
રાજા ઈંદ્રના હસ્ત સ્તંભન થયા તે, કરી ચિકિત્સા રૂડે પ્રકાર;
વૈદ્યનાથે તે અશ્વિનીકુમાર, વૈદ્યનાથે તે આશ્વિનીકુમાર.
દેવાધી દેવના દેવો જે, વૈદ્ય છે.
વૈદ્યનાથ અશ્વિનીકુમાર, સત્ય છે. વૈદ્ય ॥ ૬ ॥
જગમાં જેણે અચળ નામ, સ્થાપ્યું, ક્ષેત્ર પવિત્ર અશ્વિનીકુમાર,
વૈદ્યશાસ્ત્રી કહે મણીશંકર નમીને, વારે વારે કરૂં હું પ્રણામ.
પ્રણામ વારે વારે કરૂં હું પ્રણામ,
દેવાધી દેવના દેવો જે વૈદ્ય છે.
વૈદ્યનાથ અશ્વિનીકુમાર,
સત્ય છે. વૈદ્યનાથ અશ્વિનીકુમાર.
પરમ દુઃખ ટાળે તે તો નિરધાર. ॥ ૭ ॥

વૈદ્ય શાસ્ત્રી મણિશંકર પાર્વતીશંકર.

દુહો-લક્ષ્મિજી—કરૂં એક હું વિનતી, કહેજો સાચી વાત;
કો મોટા વૈકુંઠપતિ, કે એ ભોળા નાથ.-૧

ભગવાન—મહાસાગર જે મેં મથ્યો. રત્ન ચૌદ જે લીધ;
તત્વરૂપ તું જેને વર્યો, શીવજીએ એ દીધ.-૨
હરી કહે મોટા હરા, મોટા હરી હરરાય;
આત્મદોનું એક છે, દેહ જુજવા થાય.-૩

આથી લક્ષ્મિજીના મનની બ્રાંતિ ટળી જતાં મનમાં આનંદ અને સંતોષ પામ્યાં. બાદ ભગવાન લક્ષ્મિજીની રજા લઈ પોતે એકલા અનેક સૃષ્ટિની રમણીયતા જોવા દેવોના અનેક કાર્યાર્થે વૈકુંઠમાં ફરવા નીકળી પડયા છે

હવે લક્ષ્મિજી એકલા પડવાથી મનમાં કલ્પનાનો આવિર્ભાવ થતાં જેમ.

દુહો—મન તુરંગી જાત છે, નવરૂં જો પડી જાય;
કરે કુતર્ક વિવિધતણા, વેગવાન બહુ થાય.-૧

બાદ લક્ષ્મિજી એકલા પડયા ત્યારે તેના મનમાં એવો વિચાર થયો કે આજે પાર્વતીને ત્યાં કૈલાસમાં જઇ, પટંતરમાંથી મહાદેવજીને પાર્વતીજી પાસે પુછાવું કે બેમાં મોટા કોણ છે આવી ઉરમી પેદા થવાથી—

છપય-છંદ—આજ શીવઘર જાઊં, જાંહા પાર્વતી નારી,
બાતગોષ્ટ બન જાય, સુખીએ જોડ હમારી.-૧

એવો વિચાર કરી લક્ષ્મિજી સોળે સણુગાર સજી સજ થયાં.

દુહો—શણગાર સોળ અંગે ધર્યા, દર્પણ લીધું હાથ;
મગ્ન થઇ ગઇ માનુની, દેખી રૂપ સુજાત.-૧

યોગ્યતાનો આધાર

ॐ ॥ अश्विनीकुमार माहादेवायनमः ॥

नत्वाशिवं परमतत्व कलाधिरुढं
ज्ञाना मृतैक चटुलं परमात्मरूपम् ।
रागादि रोग समनं दमनं स्मरस्य
सश्वत्क्षपा विषधरं त्रिगुणात्मरूपम्. ॥ १ ॥

શ્રેષ્ટ એવા તત્વજ્ઞાન રૂપી કળાને વિષે આરૂઢ થએલી જ્ઞાનરૂપી અમ્રતનોજ માત્ર લોભ રાખનારા, રાગ (સંસારાદિમાં આસિક્ત) વગેરે રોગોને સમાવનારા કામદેવનું દમન કરનારા, ચંદ્રને નિરંતર માથા ઉપર ધારણ કરનારા, અને સત્વ, રજસ્ તથા તમસ્ એવા ત્રિગુણ સ્વરૂપ, પરમાત્મારૂપ અશ્વિનીકુમાર માહાદેવને હું સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરૂં છું.

ॐ अश्विनीकुमारनो प्रकाश.

अश्विनौ देव भिषजौ, यज्ञ वाहा विति स्मृतौ ।
दक्षस्यहि शिरश्छिन्नं, पुनस्ताभ्यां समाहितम् ॥
प्रक्षीणा दशनाः पूष्णो, नेत्रे नष्टे भगस्यच ।
वज्रिणश्च भुजस्तम्भ, स्ताभ्यामेवं चिकित्सितः ॥१॥

સારથીએ રથ સજ કર્યો, જોડે દોનો બાર;
પવન વેગથી સંચર્યા, આવ્યા શીવને દ્વાર.—૨

લક્ષ્મિજી આવે છે એવી પાર્વતીજીને ખબર મળી એટલે તે આવી પોંચતાં માનાર્થે.

દુહો—આવત દેખી લક્ષ્મિજી, ભલે પધાર્યા આપ;
દુર્બળ જોગી જાણુ કે, કૃપા કરીજ અપાર.—૧

જેના જવાબમાં લક્ષ્મિજીએ કહ્યું કે, તમો મારામાં અને આપનામાં જે અંતર ગણો છો. એમ નથી, કારણ કે,

લક્ષ્મિજી-દુહો—લક્ષ્મિ કહે ગવરી સુણો, બેહેન કરો ન બડાઇ,
હમ, તુમ દોનું એક હે, એક મિત્ર દો ભાઇ. ૧

એવા માંહોમાંહે પોતાના મનમાં અનેક વિવાદો ચાલે છે એટલામાં કૈલાસમાંથી શ્રીશંકર આવી પહોંચે છે, તેની આશ્વાસના કરી લક્ષ્મિને બીજા ભાગના પટંતરમાં રાખી પાર્વતીજી મહાદેવને નીચે પ્રમાણે પુછે છે.

દોહોરો—ગવરી કહે શંકર સુણો, એક હમારી વાત;
કહો મોટા કૈલાસપતિ, કે મોટા વૈકુંઠનાથ.—૧

શંકર—વનમાં જઇને તપ કરૂં, ધરવા હરીનું ધ્યાન;
વનમાં જઇને તપ કરૂં, મળવા એને માન.—૨
સહાય આપણે એહની, ભક્તિ હરીની થાય;
શંકર કહે સુણ પાર્વતી, એ મોટા વૈકુંઠરાય.—૩
ભરણ પોષક ભગવાન છે, અન્નજળ એને હાથ;
ત્રણ લોક તારણ તરણ, મોટા વૈકુંઠનાથ.—૪

ભાવાર્થ—અશ્વિનીકુમાર દેવતાઓના વૈદ્ય છે, એનો યજ્ઞમાં ભાગ છે, એઓએ દક્ષના કપાઈ ગયેલા માથાને જોડી દીધું હતું, પૂષા દેવના પડી ગએલા દાંતને બેસાડી દીધા હતા, ભગદેવના ગએલા નેત્રને પાછા ઉત્તમ પુર્વરૂપ બનાવ્યા હતા, ઇંદ્રની સ્તંભિત થઇ ગયેલી ભુજાની ચિકિત્સા કરી હતી, પૂર્વે ચંદ્રમાને વ્યાકુલ થઈ ગએલા એવા રાજયરોગથી મુક્ત કર્યા હતા, સોમભાવથી નષ્ટ થઇ ગએલા ચંદ્રમાને સુખી કર્યા હતા ભૃગુના પુત્ર ચ્યવન રૂષિ, કે જે કામનાને વશ થઈ વૃદ્ધાવસ્થાથી દુઃખી થયા હતા, તેને પણ અશ્વિનીકુમારે વર્ણ, સ્વરયુકત, ફરીથી યુવાવસ્થા આપી હતી. એવી રીતે ઘણા પ્રકારના યોગ્ય ચિકિત્સા કર્મ કર્યા હતા, એવા કર્મોના પ્રભાવથી આ અશ્વિનીકુમાર વૈદ્યનાથ માહારાજાધિરાજની ઇન્દ્રાદિક દેવતા અને માહાત્માઓ નિરંતર સ્તુતિ કર્યા કરે છે, એવા અશ્વિનીકુમાર માહાદેવ વૈદ્યનાથ માહારાજાધિરાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ વારંવાર કરૂં છું. જે સ્વીકારી મારો ઉદ્ધાર કરી અલ્પ ક્ષુદ્ર એવી મારા સુદ્ધ અંતઃકરણથી જે કર્મ કરૂં છું તેમાં સાહાભુત થાઓ એવી મારી નમ્રતાપૂર્વક પ્રાર્થના છે.

ૐ અસ્તુ અસ્તુ અસ્તુ !!

શ્લોક—शीवस्य हृदयेविष्णुः ॥ विष्णोश्च हृदयेशीवः ॥

માટે હે પાર્વતી હું અને ભગવાન જુદા નથી, પરંતુ એક બીજાના હૃદયમાં એકજ રૂપ છઇએ. અને હમને એક બીજાને જુદા સમજનારાઓ કેવળ અજ્ઞાન છે.

હવે આ જગ્યાએ, ઇશ્વર સાક્ષાત છે. તે એકજ છે; પરંતુ કામોના વિભાગ પ્રમાણે દરેકને જુદા જુદા નામથી તે કર્તા તરફથીજ માણુસ જાતની બુદ્ધિને પોંચી વળવા માટે દરેક વાર્ડો અને કોમોમાં આ માફક સંસારમાં અલ્પ બુદ્ધિઓના સંસ્કારનો પડઘો પડવાથેં અનેક ધર્મના લોકો પરમેશ્વરને જુદા જુદા નામોથી ભજે છે; પરંતુ તે ઇશ્વર કે જે એકજ છે. સમજ ફેર હોવાથી તેમ અનેક ગ્રંથોના અને વેદાગોના અંગ ઉપરથી પોતાના અનેક નામો ધારણ કરનાર પરમાત્મા પોતેજ છે. જેમ વસ્ત્રો અનેક તરેહના બનાવવામાં બનાવટ કરનારની જુદી જુદી કારીગીરીથી ભાગો જુદા પાડવામાં આવે છે. છતાં પણ તે વસ્તુ મૂળ એક કપાસમાંથી નીકળતા રૂમાંથી બને છે તે રૂ એકજ છે. તેજ પ્રમણે ઇશ્વર પણ એકજ છે. પરંતુ વિભાગો માત્ર કલ્પાયલા છે.

મહાદેવ અને પાર્વતીજી પ્રત્યેનો અત્રે સંવાદ ચાલતો હોવાથી લક્ષ્મિજી પૂર્ણ ધ્યાનમાં પોતાના આ વીરભાવની સમજનો હેતુ પરીપૂર્ણ થવાથી અત્રે બીરાજેલા છે.

એવામાં શાક્ષાત ભગવાન વૈકુંઠમાંથી ફરીને પોતાના મેહેલ પ્રત્યે પધારતાં માલુમ પડયું કે લક્ષ્મિજી કૈલાસમાં પધારેલાં છે. તો તે વખતે ભગવાને પણ પોતાનો રથ કૈલાસ તરફ લઇ જવા સારથીને હુકમ કરવાથી તે તરફ રથ જતાં મહાદેવજીને ખબર મળી કે શાક્ષાત વિષ્ણુ ભગવાન અત્રે પધારે છે તેના માનાર્થે.

६०७१

એવા મહાત્માના આધારથી થએલું.

दुःखनाशक मनोत्साह वर्धक दर्पण.

વૈધક શાસ્ત્રોકત કર્મ કેવું છે.

एकं शास्त्रं वैद्य मध्यात्मकं वा ॥

જગત્માં શાસ્ત્ર એકજ છે, એટલે કાંતો એક વૈધક શાસ્ત્રકે, એક અધ્યાત્મિક શાસ્ત્રથી અધ્યાત્મક શાસ્ત્ર અજ્ઞાનરૂપી અંધકાર મહાત્માઓના સતસમાગમથી દૂર થઇ જેમ જ્ઞાનરૂપીદીવો પ્રકટ થાય છે, ને સંસાર ભ્રમણા નામનો માહારોગ દૂર થાય છે.

તેમજ વ્યાધિ પ્રાપ્ત થવાથી શરીરને જે જે દુઃખો પેદા થાય છે, તેને માટે આયુર્વેદના મહાત્માઓએ નિર્માણ કરેલી દીવ્ય ઔષધીઓથી પરવશ થએલા મનુષ્યને જેમ, નીચે પ્રમાણે

॥ श्लोक ॥

दृष्ट्वा यथा मृगपति गजयूथनाथः
संशुष्क मान मदबिन्दु कपोळधारः ॥
त्यक्त्वा वनं व्रजति चाकुळ मानसेन ।
दृष्ट्वा तथा गद गजो भिषजं मयाति ॥

છંદ ત્રોટકની ચાલ.

પીછે વિષ્ણુ કે આદરમાન દિયો, બહુ ભાતિ બિછાનો બિછાઇ દીયો;
તકીયો મૃગ ચંમર કોજ કીયો, તાકી ઉપર શીંગી ડાલ દીયો.—૧
એક તુંબીકી ભીતર નીરભરી, ફુલફુલકી છાબ તેયાર કરી;
અબ દેખત રાહ ખડે શીવજી, જબ વિષ્ણુકી સ્વારી આન ખડી.—૨

દુહો—આવત દેખી વિષ્ણુકું, ભલે પધાર્યા નાથ;
દુબળ જોગી જાણુકે, કૃપા કરીજ અપાર.—૧

મહાદેવજીના આવા દીન વચન ભગવાનથી સહન ન થતાં તે ક્ષણે તેના હૃદયમાં સમાઇ જાય છે. જે બનાવ લક્ષ્મિજી જોતાં મહાદેવના ચરણમાં નમન કરી પ્રાર્થના કરે છે.

તેમજ જોત જોતામાં સાક્ષાતકાર વિષ્ણુ ભગવાનના શરીરમાં મહાદેવજી અદ્રશ્ય થઇ જતાં એકરૂપ વિષ્ણુ ભગવાન માલમ પડે છે. તેજ ક્ષણે પાર્વતીજી પણ વિષ્ણુને નમન કરી પ્રાર્થના કરે છે. આ સ્થળે ચારે મહાદેવજી, પાર્વતી, લક્ષ્મિજી, ભગવાન સહ વર્તમાન, એક સ્વરૂપ-છતાં દેખાવમાં બે છો—તેનો પ્રશ્ન કર્યો કે, તમો એક છતાં જુદા જુદા નામો તથા સ્વરૂપોથી ઓળખાવા પ્રયત્ન કરો છો, તે શા માટે ? તેના જવાબમાં શાક્ષાતકાર શીવે નીચે પ્રમાણે પાર્વતીને તથા લક્ષ્મિને કહ્યું—

श्लोक—(शार्दुलविक्रिडित छंद.)

यंशेवाः समुपासते शिवइति, ब्रह्मेतिवेदांतिनो,
बौद्धा बुद्ध ईति प्रमाणपटवः कर्त्तेतिनैयायिकः
अर्हदित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकः
सायंवो विदधातु वांछित फलं, त्रैलोक्य नाथोहरिः ॥१॥

જેમ કોઈ સિંહને જોઇને હાથીઓના ટોળાના રાજાના ગંડસ્થળ ઉપરથી મદના બિંદુઓની ધારા સૂકાઈ જાય છે, અને તે મનમાં ભયાકુળ થઈ તે વનને છોડીને નાશી જાય છે, તેમ રોગરૂપી હાથી પણ વૈદ્યને દેખીને નાશી જાય છે. જેમ અંધકારથી વીંટાયલા આખા જગતને સૂર્ય પોતાના કિરણો વડે તત્કાળ પ્રકાશિત કરે છે તે પ્રમાણે.

॥ श्लोक ॥

तद्वत्सु वैद्य उपलभ्य रूजां विनाशं ।
शीघ्रंकरोति गदिनं गदमुक्त भारम् ॥

સુવૈદ્યો રોગને જોઈ તેનો તત્કાળ નાશ કરે છે, અને રોગીને રોગના ભારથી મુક્ત કરે છે. જયાં રોગ મુક્ત થયો એટલે મનને સ્થિરતા પ્રાપ્ત થાય છે, હવે મન સ્થિર થયું એટલે આયુર્વેદથી પણ આત્માનું કલ્યાણ થાય છે. જેનો સિદ્ધાંત નીચેના શ્લોક ઉપરથી જણાશે.

॥ श्लोक ॥

बहुतर मुपचारात्सारना धारमेकं ।
जननमपि सुखानां वर्धनंश्रेयसांवा ॥
विगत कलुष भावा चोज्ज्वला किर्त्ति मूर्त्ति
नेखलु कुटिल तास्याः श्रूयते लोक वृन्दैः ॥

અર્થ—પરમાત્મા કહે છે કે, જે શૈવી છે. તે શીવ કરી મને માને છે. વેદાંતી લોકો ઇશ્વરને બ્રહ્મ કરી મનેજ માને છે, બૌધ લોકો મારી બુધ રૂપે ઉપાસના કરે છે. પ્રમાણુમાં જે ચતુર લોકો તે નૈયાયીક (પૃથ્વી આદીક ઉત્પત્તિનો વિચાર કરનારા) તે લોકો મને કર્તા તરીકે માને છે. જૈન મત-ધારણુ કરનારા લોકો મને નિત્ય (પુજ્ય અર્હંત) અનાદી અનંત ગણી માને છે. તેમ મીમાંસીક લોકો મને કર્મ કરી માને છે. એ પ્રમાણે જેમાં જેમાં ભાવના રાખી નિશ્ચયાત્મક બુદ્ધિથી મને ભજે છે ત્યાં હું તેજરૂપમાં એકજ છું એમ માનવું. આ વિષેનું પાર્વ-તીજી અને લક્ષ્મિજીના મનનું સમાધાન થવાથી લક્ષ્મિજી અને ભગવાન મહાદેવ અને પાર્વતી પાસે રજા લઇ કૈલાશમાંથી પોતાના વૈકુંઠ પરત્વે પધાર્યા. રસ્તામાં શીવ તથા ભગવાન એ પ્રમાણે બે સ્વરૂપે દેખાવ છો. તેમાં એક બીજામાં ભળી જઇ એક રૂપ અમોને દેખાડયું એ ભારે ચમત્કાર થયો. એમ કહી લક્ષ્મીજી ભગવાનને પુનઃ પુનઃ પગે લાગે છે. એટલે ભગવાને કહ્યું કે, હું તો શું પણ મારા સાચા ભગતો પણ કાર્ય કારણુ પરત્વે એક અથવા બે સ્વરૂપોને મારી માફકજ ધારણુ કરે છે.

ત્યાર પછી કેટલોક વખત વિત્યા બાદ ભગવાન અને લક્ષ્મિજી બેઠા બેઠા અનેક વાદવિવાદ કરે છે એટલામાં લક્ષ્મિજીએ ભગ-વાન પ્રત્યે વિવાદ ઉઠાવ્યો કે. આ દુનિયામાં હવે માયા તમારા વડે મોટી કે મારા વડે મોટી તેને માટે મારા મનની સમાધાની થવી જોઇએ. આ વાતનો જવાબ આપતાં સાક્ષાત ભગવાને કહ્યું કે, મારા પ્રભાવવાળી માયા આગળ, તારા પ્રભાવવાળી માયા કશી

વૈદ્યશાસ્ત્રોક્ત કર્મ અનેક ઉપચારવાળુ હોવાથી લોકોને એક આધાર રૂપ અને સારરૂપ છે; વળી તે ઘણા સુખને ઉત્પન્ન કરનારૂં તથા કલ્યાણને વધારનારૂં છે, તથા તે કર્મથી જે કિર્તિ મળે છે, તે નિર્મળ અને ઉજળી છે, અને તે કીર્તિની મૂર્તિમાં કુટિલતા છે એમ લોકોના સમુદાયથી સાંભળવામાં આવતું નથી. અર્થાત વૈદ્યનું કર્મ એવું નિર્મળ અને પવિત્ર છે. કે, જેથી લોકોમાં તેની સરળ કિર્તિ પ્રસરે છે. માટે એના ઉપદેશો ઉપર અત્યંત આદર રાખવાથી, જેમ

॥ श्लोक ॥

आयु कामय मानेन, धर्मार्थ सुख साधनम्
आयुर्वेदोपदेशेषु, विधेयः परमादराः ॥

ધર્મ, અર્થ, અને સુખના સાધનરૂપ આયુષ્યની જે ઇચ્છા રાખતા હોય, તેવણે આયુવેદના શાસ્ત્રોના ઉપદેશો તરફ અત્યંત આદર રાખવો, મતલબ કે, તે શાસ્ત્ર સારી રીતે સમજવું અને તે પ્રમાણે કરવું એ આયુવેંદની મહત્તા સ્થાપન કરવાને તેની પરંપરા બતાવે છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

પણ ગણત્રી કરવાજોગ નથી, ત્યારે લક્ષ્મિજીએ કહ્યું કે ગમે તેમ કરો પણ માયામાં મારા પ્રભાવ આગળ તમારા પ્રભાવવાળી માયા ટકે એમ નથી. એ વાતના સંદેહનું નિરાકરણ કરવા માટે શાક્ષાત ભગવાન અને લક્ષ્મિજી બંને જણ અંતરીક્ષથી મૃત્યુ લોકમાં પધાર્યા. તો હવે લક્ષ્મિજીના મનનું સમાધાન કરવાર્થે, એક વિજયપુર નામનું નાનું ગામડું, કે જેમાં અજ્ઞાની લોકો જેવા કે, કોળી, દુબળા, ભીલ, વિગેરે જડ મનુષ્યો કે, જે કશાને માને નહીં. પણ ફકત ઉદર નિર્વાહર્થે આમ તેમ ભટકી પોતાનું પોષણ કરવા શીવાય કોઇ પણ ચીજ ઉપર જેની શ્રદ્ધા નહીં, એવા ગામમાં જઇ મુકામ કર્યો, હવે ગામમાં જઇ સઘળા ઉપલા વર્ગના માણસોને કહયું, ભાઇ! તમારા આત્માના કલ્યાણને અર્થે અત્રે હું એક બ્રાહ્મણ બહાર ગામથી આવ્યો છું; માટે મારા ઉપર શ્રદ્ધા રાખશો તો, પરમેશ્વરના નામની ભક્તિ કરવા વિષે તમોને કાંઇ જ્ઞાન થવા માટે સાત દિવસ બોધ કરવો છે. આવા શાક્ષાત ભગવાનના વચન સાંભળી સઘળાના મનમાં પ્રેરણા ઉત્પન્ન થઇ તેથી તેમણે કહયું કે. મહારાજ તમો સુખેથી આ ગામમાં રહીને ભગવાનની ભક્તિ કરવાનો રસ્તો હમોને બતાવો. તે ઉપરથી ભગવાને કહયું કે, કામકાજ મુકી દઇ સવારથી સાંજ લગી ભક્તિ માર્ગના જે જે બોધ તમોને આપવામાં આવે તે બેસી રહી સાંભળવા પડશે, તેમજ શાયંકાળે તમો માટે બીજા ગામમાં ભલામણ કરવાથી દરેકને માટે દુધ તૈયાર થઇ અત્રે આવશે. તેમાંથી ભક્તીની શામાપ્તીએ સાયંકાળે તમોને પ્રશાદી આપવામાં આવશે. આવી રીતની દરેક વાત ગામના લોકોને કહેવાથી અંતરીક્ષપણામાં રહેલા લક્ષ્મિજી પોતે આ બધી વાતથી માહેત થતાં ભગવાનને કહ્યું કે જોઇ અમારી માયા વગર

દેશકાળાદિ જ્ઞાન.

देशं कालं वयो वह्नि, सात्म्य प्रकृति भेषजम्
देहं सत्वं बलंव्याधे, र्दृष्ट्वा कर्म समाचरेत् ॥

દેશકાળ રોગીનું વય, તેના જઠરાગ્નિની શક્તિ તેનું સાત્મ્ય (એટલે અમુક વસ્તુ કે ક્રિયા તેને માફક આવે છે કે કેમ તેની પ્રકૃતિ, ઔષધ, રોગીનો દેહ, તેનું સત્વ અને વ્યાધિનું બળ, એટલા ઉપર વિચાર કરીને પછી વૈદ્યે રોગીનો ઉપચાર કરવાનું કર્મ કરવાનું છે.

આધુનિક અંગ્રેજી, યુનાની, તથા આપણા ઋષી મહાત્માઓએ, આયુર્વેદમાં મનુષ્ય જાતીને અનેક વ્યાધિ થાય છે, તેના ઉપર દવાઓ બતાવી છે, તેમાંથી કયા મતની દવા કરવી, એ માણસના વિચાર ઉપર છે. સાધારણ રીતે તો જે પોતાના દેશમાં ઉત્પન્ન થએલા માણસને તેજ દેશના માહાત્માઓએ નિર્માણ કરેલી દવાથીજ પ્રાણ જેવા અમૂલ્ય જીવનો બચાવ થાય છે, અને તેવીજ દવાઓ દેહને માફક આવે છે. અને તેથી વિરોધી પ્રકૃતિ હવા માન આદિ ગુણોવાળા દેશો માટે જે ઉત્કૃષ્ટ ગણાતી હોય; તે દવા વખતે વિષમતાને ઉત્પન્ન કરે છે, તે વાત ખાસ સુજ્ઞે લક્ષમાં રાખવાની છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

પૈસાવાળાની શ્રદ્ધા કેવી અવીચળ બેસાડી છે. તેનો આ પહેલો દાખલો જો. તેના જવાબમાં લક્ષ્મિજીએ કહ્યું કે આગળ ઉપર જોઇ લઇશું.

બાદ ભગવાનના કહેવાથી નીમેલી જગ્યા ઉપર ગામડીઆઓએ મહારાજની બેઠક તેઓની શ્રદ્ધા મુજબ તૈયાર કરી. તે પછી સાક્ષાત ભગવાને ભક્તીમાર્ગ વિષે વ્યાખ્યાન શરૂ કરતાં સઘળા ગામના માણસો તલ્લીન થઇ એક મનથી સાંભળતાં હતાં. છેવટ સાયંકાળે સમાપ્તિ થતાં ભગવાનના પ્રભાવવાળી માયાવઇ કૃતિથી દુધનાં તામડે તામડા બીજા અન્ય મજુર વર્ગ જેવા આવી મુકી ચાલતા થયા, જેની શાથે વડના પાંદડાના દુડીઆના ચોડેચોડા પણ આવી પડયા હતા. બાદ તેમાંથી એક માણસને આ પ્રશાદી દુધ દરેકને એક પડીઆમાં જોઇતું આપવા કહેવાથી તે મુજબ શરૂ થતાં સઘળા તૃપ્તિને પામ્યા,

પરંતુ લક્ષ્મિજી તો પોતે એક જોગેણના રૂપમાં અત્રેના સમાગમમાં આવી સૌથી વેગળાં બેસી રહ્યા હતા. હવે સઘળાને દુધ વ્હેંચી આપ્યા બાદ દુધ આપનારને ભગવાને કહ્યું કે, એક પડીઆ ઓ જોગેનકુ પણ દો. સબબકે ઓ અતિથી રૂપે ઇશ્વર આઇ હે. તે સાંભળી દુધ આપનાર માણસે એક પડીઓ આપવા જતાં જોગેણે કહ્યું કે, પડીયાકી કયા જરૂર હે, મેરી પાસે જોળીમેં બરતન હેં. એમ કહી પોતાની જોળીમાંથી હીરા માણેક જડીત સોનાની કટોરી કાઢતાં ઝળળળળળ કરી ઝળકાટ થઇ જતાં તેમાં પ્રશાદી દુધ જોગેણ રૂપમાં સાક્ષાત લક્ષ્મિજી આવેલાં છે, તેણે લીધું, ને દુધ પીવા બાદ પેલી કટોરી જે હીરામાણેક રત્ન જડીત એવી હતી તે ઉચ્ચીષ્ટ ગણી ફેંકી દીધી. જે લેવા ગામના

काची उपेक्षा—प्र०

विश्वंभर भरंत्वंमां, नोचेततस्मात् बहिस्कुरु;
उभयोर नास्तिशक्तिश्चे, त्यजविश्वंभरा भिधाम् ०॥

પરમાત્મા ઉપર નિશ્ચયથી કાર્ય સિદ્ધિ છે.

योमेगर्भगतस्यादौ, वृत्तिकल्पित वान् पय;
शेषा वृत्ति विधानेन, सोयं सुप्तो गतोस्तिकी ॥ १ ॥

ગર્ભની અંદર રહેલા વખતે પરમાત્માને વિષે એકાગ્રવૃત્તિથી જે નિશ્ચય રાખી, સ્તવન કર્યું, જે યોગથી માતાના થાનમાં દુધ પ્રાપ્ત થયું, તો બાકી રહેલી આબાદીની જીંદગી માટે, જન્મ થતાંની સાથે, પય ઉત્પન્ન કરનાર પરમાત્મા સચરાચર વ્યાપક આખી સૃષ્ટિનું પોષણ કરનાર નિદ્રાવશ નથી પણ સર્વને વિષે જાગ્રત છે.

નિશ્ચયાત્મક દરેક કાર્યની સિદ્ધિના એક સ્થંભ છે.

अनन्याश्चितंयन्तोमां, येजनाः पर्यु पासते ।
तेषांनित्याभियुक्तनां, योगक्षेमं वहा म्यहम् ॥ गी. अ. ९

ભાવાર્થ—ઉદાહરણ—જગતનિયંતા પરમાત્મા પોતે એમ

લોકો દોડયા અને માંહોમાંહે વિરોધ કરવા લાગ્યા. દરેક તે કટોરી ઉપર શરખો હક ધરાવતાં વિવાદ વધી પડવાથી ભારે ઝગડો થઇ પડયો.

આ હકીકત જોતાં ઉપલી જોગેણે કહ્યું કે સબ લોકો ઝગડા કાયકુ કરતે હો, કલ દુસરી ડાલીગે, ઓ બાતકા નીકાલ અમે આપકુજ કરતાં હું, એમ કહી સઘળા માણસોને જોગેણે કહ્યું કે તમારા ગામમાં સઘળા મળી માણસ કેટલા છે. અગાડી ભાગ લેનારાઓએ કહ્યું કે કુલ્લે છશે માણસની વરતીનું આ ગામ છે. તેવારે જોગેણે કહ્યું કે, અત્રે મારા સાંભળવા તરીકે સાત દીવસ ભક્તી થવાની છે, તો છ દીવસમાં તમોને વીના તકરારે ભાગે પરતું દ્રવ્ય આ કટોરીમાંથી મળી શકશે. એમ કહી તે માટે પંચ નીમ્યા, કે એક કટોરીમાંથી સો માણસ વેંચી લેતાં છ દીવસમાં છ કટોરીમાંથી શરખે ભાગે દ્રવ્ય મળશે, માટે લઢી મરવાનું કામ નથી. એ મુજબ જોગેણે કહેવાથી સઘળા શાંત થઇ સૌ પોતપોતાને ઘેર ગયા, બાદ સઘળાના મનમાં કટોરી મળશે, એવા લોભથી વહેલા ભક્તી માર્ગની જગ્યા ઉપર આવી બેઠા. બાદ ભગવાને બીજે દીવસે સમાપ્તી કરી તો ઉપલાજ દીવસની માફક દુધની પ્રશાદી સઘળાને આપી. પેલી જોગેણને આપતાં બીજી કટોરી કાઢી પ્રસાદી દુધ પીધા બાદ કટોરી ફેંકી દીધી.

આ મુજબ છ દીવસ પુરાં થતાં, તે છઠે દીવસે તે સ્થાને એક પુરૂષ આવ્યો. કટોરીઓ જોઇને તે બોલ્યો કે આ કટોરીઓ મારા પૃથ્વી પતી મહારાજાને લાયક છે તેથી મને આપો, ગામની વસ્તીના પ્રત્યેક માથા દીઠ દશ દશ હજાર રૂપીઆ પ્રમાણે રાજ્યની તીજોરીમાંથી મોકલી આપું છું. છ કટોરી.

કહે છે કે, જેઓ અનન્ય ચીંતન વડે મારી ઉપાસના કરે છે, તેનો યોગક્ષેમ સંસાર નિર્વાહ હું કરૂં છું. તેજ પ્રમાણે દિવ્ય ઔાષધીઓ પણ પરમાત્માની કૃપાથીજ ઉત્પન્ન થએલી છે. જે મહામુનિઓ તરફથી પ્રાચીન ગ્રંથોમાં સ્થાપિત થઇ છે, એવી દિવ્ય ઔાષધીઓ ઉપર ભરોસો રાખવાથી વ્યાધિ તાત્કાલિક નાશ થાય છે.

સિદ્ધાંત.

દયા ધર્મકા મૂળ હૈ.

આર્યુવેદનો વિષય એ એક ખરેખરો દયા ધર્મનો મૂળ પાયો છે. જેમ સાગરમાં બધી નદીઓ સમાઇજાય છે તથા હાથીના પગલામા બધાં પગલાનો સમાવેશ થાય છે. ચંદ્રમામાં તમામ તારાઓનું તેજ સમાઇ જાય છે. તેમ બધા ધર્મમાં દયા મળી જાય છે. ધર્મરૂપી એક વિશાળ વૃક્ષ છે, તે વૃક્ષને, સત્ય, દયા, સમ, યમ, નિયમ વિગેરે પાંદડાં છે, તે ધૃતિ, દયા, સરળતા વિગેરે ડાળો છે, વિવેક એક થડ છે, અને દયા એ મુખ્ય વૃક્ષનું મૂળ છે. કુદરતી નિયમ એવો છે કે, આયુર્વેદનો ધંધો કરનાર જેટલી દયાનો ઉપયોગ કરી શકે છે, તેટલો બીજાઓ તેટલે અંશે કરી શકતા નથી.

ગામના લોકોને મળી અને તેની વહેંચણીની ઉપર પ્રમાણેની તજવીજ થવાથી, દશદશ હજાર રૂપૈયા તેમાંથી દરેકને પ્રાપ્ત થયા. બાદ પેલી જોગણે ઉપલા ભક્તી માર્ગની જગ્યાથી જરા દુર જઇ કેટલાએક માણસોને બોલાવી કહ્યું કે, કાલે સમાપ્તી છે પરંતુ આજે હું અત્રે રહેનાર નથી પણ મને જો રાખવાનો વિચાર હોય તો આ મહારાજ જે તમોને જ્ઞાન આપી ભક્તી માર્ગનો રસ્તો બતાવવા માટે જે મંડપમાં એમની બેઠક કરી છે, તે ખશેડી તે જગ્યાએ મારૂં થાનક કરશો તો અત્રે રહીશ.

આવા જોગેણના વચન સાંભળી ગામના લોકોએ એકેમતે વિચાર કર્યો કે, ભક્તી માર્ગમાંથી આ મહારાજ આપણને માત્ર બોધ આપશે. પણ તેના કરતાં આ જોગેણ કે જેની પાસે મોટી સિદ્ધિ છે, જેનાથી પૈસા આપણને મલ્યા. માટે આપણે બધા જઇ મહારાજને વિનતી કરીએ. એવો વિચાર કરી બધા ગામના લોકો શાક્ષાત ભગવાનની પાસે આવ્યા.

અત્રે લક્ષ્મિજી ભગવાનને અંતરધ્યાનથી કહે છે કે, મારા પ્રભાવવાળી માયા હવડાં બતાવું છું ભગવાન સર્વવ્યાપક બધું જાણનાર અંતરમાં ખુશ થાય છે. કહે છે કે ઠીક છે.

હવે ગામના અત્રે મળેલા લોકોએ શાક્ષાત ભગવાનને કહ્યું કે, મહારાજ હમારી એક વિનંતી છે કે, આપની બેઠક જરા ખશેડી તે જગ્યાએ આ જોગેણની બેઠક કરવામાં આવે તો તેમાં આપને કાંઇ હરકત છે? ભગવાને કહ્યું કે ભાઇઓ સુખેથી આ જગ્યાએ એ જોગેણની બેઠક કરો, મને કાંઇ હરકત નથી. એમ કહી બનાવેલા સીંહાસન ઉપરથી ઉતરી ભગવાન અંતરધ્યાન થઇ ગયા,

વૈદ્યની યોગ્યતા.

सामं निराममथ साध्यम साध्यमेव
सम्यक् रूजश्च परिलक्ष्यरूजां विनाशम् ।
एतभ्दवत् सकल वैद्यक शास्त्रसारं,
नैवायुषश्च बलदान करो हि वैद्यः ॥
नो वैद्यो मनुजस्य सौख्यमथ वा दुःखं चहातुं क्षमो
जन्तोः कर्मविपाक एव भुवने सौख्याय दुःखाय च
तस्मान्मानव दुःख कारणरूजां नाशस्य चात्रक्षमो
वैद्यो बुद्धिनिधान धामचतुरो नाम्नैव वैद्योऽपरः ॥

દેશી વૈદ્યોનું ખરૂં મહત્વ નાડી પરિક્ષા ઉપર છે.

શ્લોક.

रोगाक्रांत शरीरस्य, स्थानान्यष्टौनिरिक्षयेत्,

રોગી માણુસની અષ્ટ રીતી પરિક્ષા મુખ્ય છે, તેમાંથી પ્રથક, પ્રથક, જેને, જેવી રીતે પરિક્ષા કરવાની હશે. તેનું સારી રીતે ઉત્પન્ન થએલા વ્યાધી વિષે સમાધાન કરવામાં

અને તેની સાથે લક્ષ્મિજી પણ થઇ ગયા, ગામના લોકો આ બનાવથી અજાયબ થઇ મળેલા દ્રવ્યથી શંતોષ માની સૌ પોતપોતાને ઘેર જઇ કર્તવ્યમાં વળગ્યા પણ આગળ કરતાં ભક્તીને યોગે દ્રવ્યવાન વિવેક, વિચારવંત બની સુખી થયા.

હવે ભગવાનને લક્ષ્મિજી ત્યાંથી આગળ ચાલ્યા તે વારે લક્ષ્મિજીએ કહ્યું કે, કેમ, મારા પ્રભાવવાળી માયા કેવી? તમોને તમારા થાનક ઉપરથી કેવા ઉઠાડયા—માટે.

છપ્પો–લક્ષ્મિજી—બડા લક્ષ્મિકા માન, લક્ષ્મિકુ સબકો ચહાવે;
લક્ષ્મિ કરે ઘરવાસ, લક્ષ્મિઘર કોટ બનાવે.–૧
લક્ષ્મિ બાંધે મુગપતિ, લક્ષ્મિથી રાજ્ય ચલાવે;
લક્ષ્મિ બાંધે તોરીંગ, લક્ષ્મિઘર ગજ્જ ઝુલાવે –૨
લક્ષ્મિકે માન સબ જગતમેં, ચાહતહે સબ ઘડીઘડી૩
કહે લક્ષ્મિ સુણો કૃષ્ણજી, જગમેં હું સબસે બડી.–

દુહો—ભગવાન—દોલતકે દરબારમેં, ભર્યા કાઇક ભંડાર;
કહેવત કૃષ્ણ બરાબરી, નહીં લક્ષ્મિ નિરધાર.–૧

ઉપલી બાબતનો સંવાદ કરતાં પછી લક્ષ્મિજી તથા ભગવાન બંને જણ આગળ વધે છે, કારણ લક્ષ્મિજીના મનની સંપુર્ણ ખાત્રી કરવા માટે લક્ષ્મિ અહવર્તમાન ભગવાન બીજી માયા વૈકૃત્તિ પ્રત્યે સંચરે છે.

—⋙❁⋘—

આવશે. તે શિવાય જે, જે, ગ્રહસ્થોને વૈદ્યકને લગતા સંશયો હશે તેનાં નિરાકરણ મુલાકાત થવાથી શાસ્ત્ર આધારે કરવામાં આવશે, અને એવા સમાગમની ઊત્કંઠા હમે હંમેશ રાખીએ છઇએ.

ઊપલી બાબતની ખાત્રી કરી આપેલાં સંખ્યાબંધ સરટીફીકેટો પૈકી માત્ર થોડાએક ટુંક સારાંશમાં નીચે દર્શાવ્યા છે.

આંખના તમામ રોગોની દવા કરવામાં આવે છે. જેની અંજાવનાર પાસે ફી લેવામાં આવતી નથી. ઝામરવા સાથના માથાનાં દુખાવા પાંચ મિનિટમાં સારા થાય છે.

દવાઓના નામ કયા, કયા, રોગો ઉપર શી રીતે વાપરવી, કેટલા વખતમાં ફાયદો કરે છે, તથા કીંમત વગેરે.

નુરેનુરહાર મદનયોગેશ્વર કસ્તુરીની ગોળી

ધાતુપુષ્ટિ ઉપર ૩૨ ના રૂા. ૨

रस—२

હૃષીકેશ ભગવાન અને લક્ષ્મજીનો સંવાદ ચાલુ.

હવે ઉપલા કાર્યમાંથી ફારક થઇ લક્ષ્મજી તથા ભગવાન એક બીજામાં કોના પ્રભાવનું મોટાપણું છે. તેનો નિર્ણય કરવાના હેતુથી આગળ વધે છે તો, એવામાં એક સુંદર અને રમણીય શહેર નજરે પડતાં તેમાં પ્રવેશ કર્યો તો, તે શહેર સુરસેન રાજાનું હતું. તેમાં પ્રવેશ કરતાં એક ભીખારી અને ભીખારણના વેશમાં ભગવાન અને લક્ષ્મિજી બની ગયા, અને આ શહેરમાં આગળ ચાલે છે તો અનેક ભવ્ય મકાનો નજરે પડતાં ત્યાં આગળ એક રત્નસાર નામના નગરશેઠનું મકાન આવ્યું જેને ત્યાં અખુટ દ્રવ્ય છે. અને હાથીઓ પણ બારણા આગળ ઝુલે છે, જ્યાં ખમા ખમા કહેનારા નોકરો આમતેમ રખેવાળી કરે છે, એવા ભવ્ય દરબારી મકાન આગળ આવી પહોંચતાં નગરશેઠની ધણીઆણી બીજા માળની અટારીના ઝરૂખામાં બેઠેલા જોઈ ભગવાને લક્ષ્મિ સહવર્તમાન ભીખારીના વેશમાં ઘણા દીનવાણીથી કહ્યું કે, ઓ શેઠાણી બેન, ઓ શેઠાણી બેન, હમો આજ પાંચ પાંચ દિવસના ભુખ્યા તરસ્યા છીએ. એ રીતે ઘણીવાર કાલાવાલા કરી પોકાર માર્યા, પણ શેઠાણી જવાબ આપતા નથી, તેમ ભીખારી ત્યાંથી આગળ જતાં નથી, તેવારે ઘણા પોકારથી શેઠાણી કંટાળી ખીજવાઇ ગઇ કહ્યું કે, મુવા જરા ઠરવાજ દેતા નથી.

આવા તિરસ્કારના વચન સાંભળી ભગવાન કે, જે ભીખારીના વેશમાં છે, તેણે કહ્યું કે બેન ગાળી ઓર તીરસ્કાર કાયકુ કરતી

ઉપલી ગોળી વાજીકરણનો ગુણુ ધરાવે છે.

क्षीणानां चाल्प विर्याणां, ब्रहणं बल वर्धनम्

तर्पणं सप्त धातुना, वाजीकरण मुच्यते. ॥१॥

વાજીકરણુ પ્રયોગ ઉપરાંત પણુ ઉપલી ગોળીથી ધાતુ પુષ્ટિ જેના ઉપર શરીરની તનદુરસ્તિનો મોટો આધાર છે તેને પૂર્ણુ શક્તિ આપી, સ્વપ્નામાં ખલાસ થતાં વિર્યને અટકાવી નપુષકપણાને મટાડી ખરૂં પુરૂષત્વ બક્ષે છે. તેમજ પાચન શક્તિ અને સ્મરણુ શક્તિ વધારી, લોહીનો સુધારો વધારો કરી, ધાતુને મજબુત કરવાનો ખરે ખરો ગુણુ ધરાવે છે, વળી એ રોગી અને નિરોગી બંનને વાપરવાથી ગુપ્ત દરદો જેવા કે ના દાનીયતપણાની કુછંદથી ઉત્પન્ન થયા હોય, તેમજ કુસંગત- થી ધાતુનો ક્ષય થાય છે, રૂધીર બગડે છે, તેને અને ધાતુ નું પીશાબ માર્ગે જવું, તેને અટકાવી તમામ વિકારો નો નાશ કરવામાં આ ગોળી સંખ્યાબંધ માણુસો ઉપર અનુભવસિદ્ધ છે. આ ગોળી સવાર સાંજ ૧-૧ ૦॥ શેર દુધમાં જોઇતી શાકેર મેળવી તે સાથે ગળી જવાથી પાંચ દિવસમાં આરામ કરેછે. ગોળી ૩૨ના રૂા. ૨

હો, ભલે ના આપો, પણ છાનના ગુસ્સા કાયકુ કરતી હે તમોને પરમેશ્વર પૈસો આપ્યો છે, તો તેનું અભિમાન ન કરતાં ગરીબ ઉપર દયા લાવી એક અચ્છેર ખીચડી આપો, હમો પાંચ દીવસના ભુખ્યા ખાઇ તમોને આશિર્વાદ દઇશું, ફરી થકી ભગવાને આજીજી કરી કહેવા છતાં પણ આગળ કરતાં વધારે ગુસ્સે થઇ શેઠાણીએ કહ્યું કે, હું કાંઇ તમારેજ માટે નવરી થઇ બેઠી નથી, ભગવાને ફરીથી કરેલી માગણીને ન ગણકારતાં, બેદરકારીથી તિરસ્કારજ કર્યો તેથી ભગવાને કહ્યું કે, બેહેન તથાસ્તુ.

એમ કહી ભગવાન લક્ષ્મિજી અંતરધ્યાન થઇ એક સ્થળમાં બેસી લક્ષ્મિને કહે છે કે, તારો પ્રભાવ મોટો છે. એવું તું માને છે, પણ જો જેની પાસે લક્ષ્મિ છે, જેની ઉપર તું પ્રસન્ન તે કેવા ગર્વી અને અભિમાની છે, કે, જે, આપણે ભીખારી નથી પરંતુ એક સામાન્ય રિતીની પરીક્ષા કરવા માટે અત્રે આવ્યા છૈએ, જેમ, પ્રભુ કરોળીઓ પોતાનું જાળુ બાંધી તે બાંધેલા દરેક તારો ઉપર ફરી વળે છે, તે પ્રમાણે આપણે આ સંસાર ઉત્પન્ન કરેલો છે. છતાં મૃત્યુ લોકના નાસવંત મનુષ્ય કે, જેની પાસે તું અતુલ્ય લક્ષ્મિરૂપે પ્રસન્ન થઇ એના ઘરમાં ભંડાર ભરે છે, તે તને ઓળખતા નથી, એજ તારી પોતાની માયા અને અભિમાનનું શાદ્રસ્યરૂપ બતાવી આપે છે, માટે હવે બોલ તારો શુ વિચાર છે. આ અનુભવ જોઇ લક્ષ્મિજી કહે છે કે, મહારાજ, હું દીનદાશી મારી આપના આગળ કશી પણ ગણત્રી નથી, એવી પ્રાર્થના કરૂં છું, અને આપણા શાક્ષાત સ્વરૂપમાં અસ્ત થઇ ચરણાવિંદ આગળ પગે પડું છું. માટે હવે એનો અભિમાન ઉતરે એવો

સરટીફીકટ.

આપવામાં આવે છે કે, વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર વૈદ્યકશાસ્ત્રમાં વિદ્વાન છે, અને એમની પાસે સારા અને ખાત્રી લાયક ઔષધ છે, અસાધ્ય અને ભયંકર વ્યાધીઓ કે, જેનું એઓ ઘણું સારૂ જ્ઞાન ધરાવે છે. તેવા વ્યાધીવાળા દરદીઓને એમની દવા અને દેખરેખ હેઠળ સારૂ થવા દરેક રીતે સંભવ છે. વળી એમણે માથાના દુખાવા, આંખના રોગો, તાવ અને ક્ષય રોગો ઉપર પોતાની ખાસ અને અકસીર દવાઓ બનાવી છે, જે અસરકારક છે, એવી મને સંપુર્ણ ખાત્રી થઇ છે, તેમજ તમારી મદન યોગેશ્વરની ગોળી ધાતુપુષ્ટિ ઉપર અકસીર ગુણ ધરાવનારી છે. એ ઉપરાંત મારી પોતાની બાબતમાં જણાવું છું કે, મને પેટમાં ગુલ્મના રોગથી દુખાવાનું દરદ જે ઘણું સખત ભયંકર અને લાંબી મુદતનું હતું, કે જેની દરેકે આશા મુકાવી દીધી હતી, તે એમણે પાંચ મિનિટ કરતાં ઓછા વખતમાં હંમેશાને માટે દુખતું બંધ કરી તદન સારૂં કર્યું છે.

વી, એચ, શીખરે

હજુર ડેપ્યુટી કલેકટર, સુરત.

યોગ કરો, તોજ મારી અલ્પ બુદ્ધિથી આપણને મળેલા તિરસ્કારથી હું ખેદાશ્ચર્ય પામી છું તેમાંથી મુક્ત કરવા આપ પ્રભુ સમર્થ છો. એવા લક્ષ્મિજીના વચન સાંભળી ભગવાને કહ્યું કે, હે લક્ષ્મિ તમો જરાપણ દિલગીર ન થતાં ધીરજ રાખી આનંદમાં રહો, હું હવડાં એને નવરી કરી તારા રૂબરૂ બતાવી તને આનંદાશ્ચર્ય કરી તારા મનના ઉદ્દવેગને દુર કરવા કૃતિ રચું છું.

એમ કહી લક્ષ્મિજીને અત્રે સ્થળ ઉપર બેસાડી ભગવાન ત્યાંથી નીકળી મહા તેજસ્વી સ્વરૂપ ધારણ કરી, જાણે રાજ્ય જોશી બની હાથમાં રમળ ટીપણા વિગેરે, લઇ ખાસી પેટણ કુસુંબી લાલ રંગની પાઘડી જેના મસ્તક ઉપર આવી રહી છે, રેશમી કોરનું ધોતીઉ જેણે પહેરેલું છે, અંગરખાં, શાલ વિગેરેથી સજ્જ થઇ, પેલા રત્નશાર શેઠના મેહેલ આગળ આવી તે ક્ષણે ઉભા, નીચેથી ઉંચે નિહાળે છે તો, પેલા શેઠાણી જરૂખામાં બેઠાં બેઠાં હવા ખાતાં હતાં, દાસીઓ આમ તેમ ફરતી હતી, શેઠાણી એવી સાભિમાની કે, જેને જરાપણ ફુરસદ નથી એવી સ્થિતિમાં જોઇ, શાક્ષાત ભગવાન રૂપે બનેલા જોશીએ નીચેથી કહ્યું કે, ઓ શેઠાણી બેહેન હું તમારા પીએરના ગામ શ્રીરંગપુરથી અત્રે આવ્યો છું આપના માતા, પિતા, ભાઇ, વિગેરેના ફલાણાં ફલાણા નામો છે, અને તે સર્વે કુશળ છે. હું જોશી છું, અને અત્રે તમો બેઠા છો, ત્યાં તમારા મનમાં એવો વિચાર થાય કે, મારા ધણી રત્નશાર શેઠ વેપારને માટે દેશાવર ગયા છે, હવે તેને આવતાં પુરા છ મહિના જોઇએ, તેમજ કાલે તમોએ તમારા માતુશ્રીને પત્ર લખવા વિચાર કર્યો હતો, પણ તે લખ્યો નથી, તમોએ એક કલાક ઉપર ૨૦) સુંનાની મોહોરે

નાડી પરીક્ષા વિષેની શંકાનો નિર્ણય.

यथा विणांगता तंत्री, सर्वान रागान प्रकाशते ।

तथा हस्तगता नाडी, सर्वान रोगान प्रकाशते ॥

ભાવાર્થ—જે પ્રમાણે વિણા વગાડનાર તંત્રી હારમોનીયમ, તાઊસ, ફિદલ, વિગેરેમાંથી રાગો ઉત્પન્ન કરી શકે છે, જો કે તે રાગો બધા વાજીંત્રોમાં રહેલા છે; પરંતુ તેનો અભ્યાસ જેણે કર્યો છે તેજ સામાના અંતઃકરણને સંતોષકારક આનંદ આપી શકે છે, તેજ પ્રમાણે જેણે નાડી પરીક્ષાનું જ્ઞાન મેળવ્યું છે. તેઓ નાડી ઉપરથી રોગો પ્રકાશીત કરી વ્યાધીનું નિદાન સમજાવી શકે છે. પ્રષ્ટિકરણ માટે.

રોગીને વારંવાર જોવાનું કારણ.

अभ्यासात् प्राप्यते द्रष्टिः कर्मसिद्धि प्रकाशनी

रत्नादि सदसज्ज्ञानं, नशास्त्रादेव जायते ॥

રોગીની પરીક્ષા કેવળ શાસ્ત્ર ભણવાથીજ થતી નથી. પણ વારંવાર ચિકિત્સા કર્મમાં પ્રવૃત્તિ કરવાથી ચિકિત્સાનુ જ્ઞાન ઊપજે છે, અને એમ અભ્યાસથી ઉપજેલું જ્ઞાન ચિકિત્સા કર્મનો પ્રકાશ કરે છે.

અર્થાત—રોગ સારી રીતે પરખાઇને તેનો ઉપચાર પણ સારી રીતે કરી શકાય છે તથા રોગીને આરોગ્યતા પ્રાપ્ત થાય છે. એ વાત સ્પષ્ટ થવા માટે—ઉદાહરણ—કે, જેમ

તીજોરીમાંથી કહાડી છે, વિગેરે દાખલા નીચેથી કહેતા શેઠાણીએ ઉપરથી કહ્યું ઉભા રહેજો મહારાજ એમ કહી તુરત તે ક્ષણમાં જલદીથી વીજળીની માફક નીચે પડી વેલા વેલા જોશી મહારાજને ઘરમાં આવવા નમ્રતાપૂર્વક વિનંતી કરતાં હવે જોશી મહારાજ પેલી શેઠાણીના ઘરમાં પધાર્યા.

હવે જોશી મહારાજ ગયા એટલે, શેઠાણીએ તેને બેસવાને સુંદર ગાલીચા તથા તકીઆ અપાવ્યા, તેમજ, પાન, સોપારી, પાણી, વિગેરેથી આદર સનમાન આપી સંતુષ્ટ કર્યા, બાદ જોશી મહારાજે વધુ આગળ ભવિષ્ય કહેવું શરૂ કરતાં તેના તમામ ભવિષ્યના દાખલાઓથી શેઠાણીનું મન અર્પણ થવા જેવું માલમ પડયું, એટલે વધારે આગળ ચાલતાં કહ્યું કે તમારા સ્વામી અત્રે આવવા માટે હવડે રત્નસાર શેઠની સ્વારી રસ્તામાંજ ચાલુ છે, જેને આવવા બાબતની વાત શેઠાણી જાણતાજ નથી, તેમજ પત્ર પણ આવવા સંબંધીનો વાયદો લાંબી મુદતનો લખેલો છે. જે પત્ર બતાવતાં જોશી મહારાજે કહ્યું કે મારો પ્રશ્ન કાંઇ ખોટો પડે તેમ નથી, એવી વાતો ચાલે છે, એટલામાં તો શેઠ માલમતા સાથે વેપારેથી તુરત આવી પહોંચ્યા, માલ મતા વિગેરે ઉતારવાની શપુ-સ્ત માણુસોને સોપી, શેઠાણીએ શેઠને આવતાં આગતાસ્વાગતા જલદીથી આવવાનું કારણ પૂછતાં શેઠે કહ્યું કે મારો વાયદો આવવાને આગળ હતો, પણ પ્રભુ કૃપાથી માલ વેચાઇ જતાં બહાર ગામ પડી રહેવું ઠીક નહીં, એવું ધારી એકદમ અત્રે આવવા વિચાર કર્યો જેથી વધુ ખબર આપવા વખત મળ્યો નહીં.

રત્ન, સોનું વગેરે સારૂં છે કે ખોટું છે, તેની પરીક્ષા કેવળશાસ્ત્ર ભણવાથી થતી નથી, પણ વારંવાર તે પરીક્ષા કરવાના કામનો અભ્યાસ કરવાથી દૃષ્ટિ ઠરે છે. અને તત્કાળ જોતામાં તેની કીંમત થઈ શકે છે. તેમ રોગીને વારંવાર જોવાથી વ્યાધીની પરીક્ષા થતાં દરદીને જલદી આરામ થવાનું એક સાધન મળી આવે છે.

આંખના તમામ રોગોની દવા અંજાવનાર પાસે ફી લેવામાં આવતી નથી તેનું કારણ.

સ્વાર્થને કેટલેક અંશે અલગ રાખી પરમાર્થ વૃત્તિથી દયા રાખવી, એજ, કારણ આયુર્વેદ સ્થાપન કરનારા માહા રૂષીઓ પણ પરમાર્થને ખાતર અનેક વ્યાધીઓના નિદાન તેમજ વનસ્પતિઓના ગુણ દોષની સોધનાઓ નિસ્વાર્થપણે કરી ગયા છે. તે કાર્યનો દાખલો લેતાં, આપણી તો કોઈ પણ પ્રકારની શક્તિ નથી, તો પણ બનતી દયા રાખી પરર્થમાં આપણા કલ્યાણનો હેતુ સમાયલો છે, એવું સમજવાથી, કેવળ નિસ્વાર્થને ખાતર આંખના તમામ રોગોની દવા અંજાવનાર પાસેથી ફી લેવામાં આવતી નથી.

શ્રી લક્ષ્મી હૃષિકેશને રસીક સંવાદ.

બાદ એ વાત થઇ રહેતાં લગી શાક્ષાત ભગવાન તરફ શેઠાણીએ પોતાના ધણી રત્નસાર શેઠનું ધ્યાન ખેંચ્યું, અને કહ્યું કે, આ જોશી મહારાજ મારા પીએરના ગામથી પત્ર લઇ આવ્યા છે, તેમજ એમણને પાંચ દીવસ અત્રે રહેવું છે. પણ એ તો શાક્ષાત ઈશ્વરનોજ અવતાર હોય, તેમ તમામ ભવિષ્ય વાત કહે છે, તમારા આવવાનું ભવિષ્ય તથા મારા મનની તમામ વાતો કહે છે. માટે તમો પણ તમારા ગ્રહ એમને બતાવો એટલું કહેતાં, તુરત જોશી મહારાજે, શેઠના મનની તમામ વાત કહેવી શરૂ કરતાં પરદેશમાં જે જે વિનક બની અને આવ્યા તેને લગતી, તેમજ હાલમાં મનમાં શું ધાર્યું છે તે કહેતાં શેઠ તો જોશી મહારાજને પગે પડયા અને નક્કી થયું કે વગર ગ્રહ જોવે બધી વાત કહી દીધી માટે શાક્ષાત પરમાત્મરૂપ આ જોશી છે ભગવાને વધારે માયા ફેરવી, અને કહ્યું કે, હવે તમોને આ નાશવંત સંસારમાંથી તરી જવા માટે યોગ્ય સાધન બતાવવા વિચાર ધારૂં છું.

॥ पद—राग ॥

ભગવાન—અંતરના કાચાં, કેમ રહ્યા છો ફૂટી?
ઉત્તમ અવસર આ માનવતન, પળમાં જાય છૂટીરે.
અંતરના કાચાં કેમ રહ્યા છો ફૂટી.
ખાતાં પીતાંને વાવરતા, ખરચી જાસે ખૂટી;
પુણ્ય કર્મને કાજે દમડી, છેડેથી નવ છૂટીરે.—અંતરના–૧
બારે ભુવન ચણાવ્યા ઉંચાં, અગણિત ગોખ અટારી;
વાળાની તટીમાં છાંટયાં સ્વચ્છ સુગંધી વારીરે.—અંતરના–૨

ક્ષય, રાજ્યરોગ નાશ કરનાર કનકપ્રભા ગોળી અકસીર ઈલાજ છે.

સરટીફીકેટ,

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકરને સરટીફીકેટ આપવામાં આવે છે કે, મારા સજ્જન મીત્રોદ્વારા એમનો સમાગમ થવાથી જણાઉં છું કે, એઓ પોતે વૈદકશાસ્ત્રમાં વિદ્વાન છે, તેમજ દરેક દરદીને પોતાની પ્રસન્નતા અને માયાળુ સ્વભાવથી તાત્કાળીક આનંદાશ્રય આપનાર છે, તેમ એમની પાસે ઘણાં ઉત્તમ પ્રકારનાં અને ખાત્રી લાયક ઔષધોનો સંગ્રહ છે. અસાધ્ય અને ભયંકર વ્યાધીઓ, કે, જેનું એઓ ઘણું સારૂ જ્ઞાન ધરાવે છે. તેવા વ્યાધીવાળા દરદીઓને એમની દવા અને દેખરેખ હેઠળ સોંપવાથી સારૂ થવા દરેક રીતે ખાત્રી છે, વળી માથાનાં દુખાવા આંખના દરદો, ક્ષયના વિવિધ રોગો, અને સ્ત્રીઓના અનેક વ્યાધીઓ ઉપર એમના ઉપચારો ત્વરાથી વિજય કરવાનાં પ્રત્યક્ષ પ્રસંગો મારા અનુભવમાં આવ્યા છે,

એ ઉપરાંત વધુ ખુશીની સાથે જણાઉં છું કે, હમારા કુટુંબમાં મારે પોતાને, આ બાળ વૃદ્ધને એમનો લાભ લેવાનાં અનેક પ્રસંગો આવેલા, તેમાં એમના ઔષ-

ગાદી તકીયા છત્ર પલંગે, સુઇ રહ્યા સણુગારી;
પવન તણા ચાલે છે પંખા, પાય પસારે દાસીરે.—અંતરના—૩
ભોગ વિલાસ વિષે સુખ સીમાં, ધન યૌવનથી ધારી.
દુઃખદ, કામ, ક્રોધ લોભને, શું સમજ્યા સુખકારીરે.—અંતરના—૪
હાડ બધો અહીંઆ રહી જાસે, સાથ ન આવે તારી;
અંતે સર્વ અરે મૃગ જળ છે, ખોટી મેલ ખુમારીરે.—અંરતના—૫
શમ દમ સાધન સાધ વિવેકે, મણી સંગતી અતિ સારી;
ચરણ હરિ ગુરૂ શરણુ ગૃહિલે, વશમા વાટ વિચારીરે.
અંતરના કાચાં કેમ રહ્યા છો ફુટી—૫

આ પ્રમાણે તેમની આવી મનોરંજક અને મિથ્યા નાશવંત ક્ષણીક સુખ નકામા છે એવું ઠસાવનારી વાણી સાંભળી રત્નશાહ શેઠ તથા તેની ધણીઆણી મહારાજ પ્રત્યે કહેવા લાગ્યા કે, હવે એવો માર્ગ બતાવો કે, આ ભવસાગરના ફેરામાંથી છુટી જઇએ.

જોષી મહારાજે કહ્યું કે, મારા મનમાં જે તમારો ઉદ્ધાર કરવા વિચાર છે, તે ઉપર તમારૂં મન સ્થિર થવાથી જે નિશ્ચય થયો છે, તે માટે હું જરા અત્રેના બાણુગંગા નદીમાં સ્નાન કરી આવું છું.

એમ કહી ભગવાને જ્યાં લક્ષ્મિજી અંતરધ્યાનમાં બિરાજ્યાં હતાં ત્યાં આવી સઘળી વિગત કહી સંભળાવી કહ્યું કે, હવે હું પાછો એને ઘેર જઇ શેઠાણીને નવરી કરી તારી પાસે આવું છું, તારા અપમાનનો બદલો આપવા મને ઘણું અભીમાન છે. એમ કહી ભગવાન પાછા પેલા નગરશેઠના ઘર તરફ આવે છે.

ઘોપચાર અને વૈદ્યક જ્ઞાન માટે મારી સંપૂર્ણ સંતોષકારક ખાત્રી થઇ છે. એટલુંજ નહીં પણ મારી એક દીકરીને વરાધનો રોગ થવાથી સાજું થવાની આશા છોડી દીધી હતી. જેને મૃત્યુના મુખમાંથી બચાવી સાજી કરી હતી, તેને માટે હું એમનો આભાર માનું છુ.

એમના સમાગમથી રોગ માત્ર દૂર થતાં, જીવનકળા વિશેષ, વિશેષ પ્રદિપ્ત થાય તેમાં કાંઇ નવાઈ નથી, કયા કયા રોગો ઉપર કેવી કેવી રીતે, એમણે પોતાના જ્ઞાન બળથી, વિજય કયાં કયાં મેળવ્યો છે, તેના સ્પષ્ટિ કરણને માટે એમની પાસે મોટા મોટા સજ્જનોએ આપેલા લેખીત દાખલાઓ જીવીત પુરાવા રૂપે પ્રત્યક્ષ છે, વળી બીજા કેટલાતો ઉકાળા અને ટીંકચરોના રગડા આપી કંટાળો ઉપજાવે છે, તેને બદલે એમની દવા કંટાળો નહીં આપતાં આનંદપૂર્વક લેવાય છે. અને તેથી તાત્કાળીક ફાયદા થાય છે. માટે જે સદ્ભાગીજનો સાચા પ્રેમ તથા શ્રદ્ધા સમુહ પુર્વક ભરોસો રાખશે તે કદીપણ નિરાશ થશે નહીં.

(સહી) દુર્ગેશ્વર નટવરજી ત્રીવેદી

સીટી મેજીસ્ટ્રેટ-સુરત.

હવે પેલા શેઠ શેઠાણી પોતાને આ નાશવંત દુનિયામાંથી તારે તે માટે જોશી ક્યારે ન્હાઇને પાછા આવે એવા, અભિરાશયથી રાહ જોઇ બેઠા છે, એટલામાં જોશી મહારાજને આવતા જોઇ અત્યાનંદથી પ્રસન્ન થઇ, તેના ચરણમાં ધણીધણીઆણી નમી પડી કહે છે કે, મહારાજ હવે જેમ બને તેમ જલદીથી આપ સાધન કરો કે આ દુનિયાનાં પાસમાંથી મૂકત થઇએ.

આ સાંભળી કહ્યું કે તમો માટે તેમ પ્રયત્ન કરૂં છું. સાક્ષાત ભગવાનની રચનામાં પુછવુજ શું; તેમણે તરતજ પોતાના વાતાવરણની છાયા તેમના ઉપર ફેરવીને કહ્યું કે આજે સાયંકાળ લગોમાં તમારા કરેલા દોષનું પ્રાયશ્ચત કરાવવા જે વિધી બતાવું છું, તે મુજબ કરવાથી કાલે મધ્યાને બારથી બે લગીમાં તમારે માટે વૈકુંઠમાંથી વૈમાન આવશે, તેમાં બેસી તમે સ્વદેહે સ્વર્ગમાં જશો. એવી મારી પાસે અતુલ્ય વિદ્યા છે. માટે પુંજા વિગેરે જોઇતી સામગ્રી તૈયાર કરાવી ન્હાઇ આવો.

હવે ભગવાનના કહેવા મુજબ પવિત્ર આશન તથા પુંજા વિધી સામગ્રી વીગેરે તૈયાર થતાં શેઠ શેઠાણી પણ આવ્યા એટલે તેમની પાસે પૂર્વે કરેલા કર્મનું પ્રાયશ્ચિત કરાવ્યું. બાદ કહ્યું કે હવે, ધર્મ, દાન, કરી, આલોકથી મુક્ત થઇ સ્વદેહે પરલોક પ્રત્યે સંચરવા તત્પર થાઓ, ને તમારા કુળ ગોરને બોલાવો, તેમ તમારે ત્યાં આવતાં જતાં દરેક, જોશી, ગુરૂ તથા અન્ય આશ્રિતોને બોલાવી મારી સમક્ષ મારા કહેવા પ્રમાણે ધર્મ નીયમ કરી આ માયાથી મૂક્ત થવા આરંભ કરો, શેઠ શેઠાણીના અંતઃકરણમાં જોશી મહારાજ જે કહે તેમ કરવાથી સ્વદેહે જવાશે એવી માયા ફેરવી હતી, એટલે તેને કશું પણ પુછવાનુંજ રહ્યું નહોતું.

મને ફરીથી લખવાને આનંદ થાય છે કે, ઉપલા વૈદ્યરાજના સંબંધમાં જે અભિપ્રાય દર્શાવ્યો છે, ત્યાર પછી લગભગ ત્રણ વર્ષની લાંબી મુદ્દત થએ એઓશ્રીના સમાગમનો વારંવાર લાભ મળતો આવ્યો છે, એટલુંજ નહી પણ ખરી આપત્તિના પ્રસંગમાં પણ અત્યંત વિકટ રોગોના પ્રસંગો મારા કુટુંબમાં આવી પડયા હતા, જે જે વખતે અન્ય તબીબો તરફથી ભરોશાના અને રોગ મુકત નહી થવાના વચનો કાને આવતાં જે દિલગીરીનો ભાસ થતો હતો, એવાજ સમાગમમાં ચમત્કારીક રીતે, એ ઓશ્રીએ ધૈર્યતાથી વિજય પુર્વક કામ પાર પાડયા છે જેથી ખરેખરા અંતઃકર્ણ પુર્વક પરમાત્મા એમની કિર્તીનો વિસ્તાર કરો, અને દુઃખથી પીડાતા માનવ બંધુઓની પીડા હરવામાં એઓ સાહ્યભુત થાઓ.

(સહી) દુર્ગેશ્વર નટવરજી ત્રીવેદી
હજુર ડેપ્યુટી કલેકટર–સુરત.

કનકપ્રભા ગોળી ક્ષય ઉપર,

કનકપ્રભાગોળી, ક્ષય, રાજયક્ષમા, દમ, હાફણ, મુંઝવણ, કાસ. અને સ્વાસ. ખાંસી ઉપર ૨૦ મિનિટમાં ફાયદો કરે છે. ગોળી ૩૨નો રૂા. ૧

હવે રત્નસાર શેઠની તમામ સમૃદ્ધિ આગળથી કહાડી મૂકી હતી તેમાંથી શેઠશેઠાણીને હાથેજ ધર્મ દાન કરાવતાં તમામ દ્રવ્ય જંગમ મીલકત વહેંચાઇ ગઇ, બાદ મોહેલ ઘરબાર વાડી વજીફા સ્થાવર મીલકત પણ ત્યાંજ બેઠા કાયદા પ્રમાણે શેઠનું કશું પણ ચાલી શકે નહીં, એવું ચોક્કસ લખાણ કરાવી તે બધું ગુરૂકુળને નામે ચડાવી કૃષ્ણાર્પણ લેખ ગુરૂના હાથમાં આપી વીદાય કર્યા. એટલે અત્રે કાર્યમાંથી ફારક થતાં રાતના બાર વાગ્યા ત્યારે કહ્યું કે હવે બાકીની ક્રિયા પુર્ણ કરવા માટે આપણા નગર બહાર તીર્થના કિનારા ઉપર ચાલો ત્યાં જઇ સાક્ષાત શીવપૂજન કરી બાકીનો વખત ભગવત ભજનમાં પૂર્ણ થતાં આપણો નિર્માણ કરેલો કાળ મધ્યાન નો સમય આવી પહોંચશે, એમ કહી જોશી મહારાજ, પેલા શેઠ શેઠાણી કે જેણે અકેકું શફેદ વસ્ત્ર પહેરેલું છે, એવાને લઇ તમામ બ્રાહ્મણો સાથે પુજા વિધી કરતાં કરતાં તિર્થ ઉપર આવેલા શ્રી શંકરના મંદીરમાં પધાર્યા, બાદ બાકીની રાત્રી ભગવત સ્મરણમાં કરી રહેતાં પ્રાતઃકાળ થયું એટલે આ કાર્યમાંથી પરવારતાં, બીજા અગાડીના કાર્ય માટે હવે હું સ્નાન વિધીથી પવિત્ર થઇ આવું છું, એવી રીતે તેઓને ત્યાં થોભવાનું કહી થોડે છેટે કે તે ન દેખે એવા માર્ગે પસાર થઇ ત્યાંથી અંતઃર્ધ્યાન થઇ ગયા.

હવે લક્ષ્મિજી બિરાજ્યા હતાં ત્યાં સમક્ષમાં આવી કહ્યું કે, તું જેના ઉપર પ્રસન્ન થઇ હતી, છતાં પણ તારી પણ સમક્ષમાં દરકાર નથી એમ મારા રૂબરૂ બન્યું છે. તેને નવરી કરી અત્રે આવ્યો છું. માટે હવે થોડા સમય પછી તમોને તેનું નવરાશનું સ્વરૂપ બતાવીશ. આ સાંભળી લક્ષ્મિજી અત્યંત ખુશી થયા.

ક્ષય અને રાજ્યક્ષ્મા મનુષ્યને લાગુ થવાનાં કારણ,

सयक्ष्मा हुंकृतोऽश्विभ्यां, मानुषं लोक मागताः
लब्ध्वा चतुर्विधं हेतु, समाविशति मानवान् ॥१॥

આ રાજ્યક્ષ્મા (ક્ષયરોગ) અશ્વિનીકુમારના હુંકારથી સ્વર્ગ છોડી મનુષ્ય લોકમાં દાખલ થયો. અને ચાર પ્રકારના કારણથી મનુષ્યના શરીરમાં પ્રવેશ કરવા શક્તિવાન થયો, તેના ચાર કારણ-૧, શરીરની શક્તિ ઉપરાંત મેહેનત કરવી. ૨, મળમુત્રાદિકનો રોધ કરવો-૩, ધાતુનો ક્ષય-૪, વિષમાશન, એવા ચાર હેતુ છે. ક્ષય રોગ-૭ પ્રકારના છે.

ક્ષય રોગ સારો થયાનું સરટીફીકેટ,

શ્રી યુક્ત વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકરને માટે હમોને જણાંવવાને ખુશી ઉપજે છે કે, હમારા ભાઇ મી. કેકોબાદ જે ખાંશી તથા દમના રોગથી પીડાતા હતા, અને એમની દવા ભરૂચ, અમદાવાદ, મુંબાઇ વિગેરે સ્થળોના પ્રખ્યાત ડાકટરોની લાંબી મુદત સુધી કરી છતાં કાંઇ પણ ફાયદો થયો નહિં. આખરે હમોએ તેમજ હમારા આખા કુટુંબે તેમને સારૂં

હવે પેલા નાગરશેઠ રત્નશાર તથા તેની ધણીઆણી જે શીવાલયમાં બેઠાં છે, ત્યાંથી જોશી સ્નાન કરવા ગયા હતા ને બેચાર કલાક વિતી ગયા પરંતુ આવેજ શાના. એમ કરતાં સ્વદેહે જવાનો સમય વિતી જતાં ઉપર ચાર પાંચ વાગ્યા ત્યારે કાચ્ચેરી માથા ફેરવાઇ, કે ત્યાંથી ઉઠી પોતાના કરેલા ધર્મ દાન તથા ગએલા દ્રવ્ય માટે મોટા પશ્ચાતાપમાં પડતાં બોલ્યા કે, અરે આપણે ઠગાયાં, આતો કોઇ ધુતારો જોશી આપણું બધું અપાવી નાશી ગયો. હવે કેમ કરવું, એમ વિચાર કરી મહાદેવના મંદીરમાંથી નીકળી ઘર આગળ આવે છે, ત્યાંતો નિધડ તાળા મારેલાં છે, તેની ગણુ કુચીઓ ધર્મગુરૂને ત્યાં છે, ત્યાં લેવા જાયછે તે આપતા નથી ને કહે છે કે હવે તમારો હક નથી માટે તમોને આપવામા આવે નહી, એ સ્થિતિમાં શેઠ તથા શેઠાણી પોતાના મેહેલના ઓટલાપર બેઠા છે, અને ઠગારા જોશી માટે હજારો નીસાસા મુકી બાઢે છે, આ ઠગારો ધુતારો આપણને આમ તેમ સમજાવી બહુ ધરમદાન કરાવી નાસી ગયો, એ શાનો જોશી કોઇ જાદુગર ઠગારો હશે.

હવે આવી સ્થિતિમાં આવી પડતાં અત્રે રત્નશાર શેઠ તથા તેની ધણીઆણી જે નિરાધારપણામાં બંધ મેહેલના ઓટલા ઉપર બેઠા છે. ત્યાં ભગવાન ને લક્ષ્મિજી પૂર્વે બનેલા ભિખારી બની આગળની માફક દિન અને દયાળુ પણાથી માગણી કરી કે ઓ બેહેન હમો દિન ઉપર દયા લાવી હમને એક અચ્છેર ખીચડી આપો, અમો પાંચ દીવસના ભૂખ્યા છીએ હવે આ જગ્યાએ પોતાના અસહ્ય દુઃખમાં ગરકાવ થઇ ગએલા અને નીરાધાર બનેલા પેલા શેઠાણીએ કહ્યું કે, આવા આવા કોણ જાણે કયાંથી આવે છે. હમારાજ પેટના

થવાની આશા છોડી હતી, એવામાં અમારા સારા ભાગ્યે એમની કીર્તિ સાંભળવાથી, તેમની દવા આઠ દિવસ સુધી કરવી એમ ધારી અમે દવા સરૂ કીધિ, તો ઉપલાજ ટાઇમમાં હમારા ભાઇને રૂપીએ આઠ આની ફાયદો માલમ પડયો, તેથી હમોએ એમની દવા પાંચ છ માસ સુધી ખવડાવી, એથી જે માંદગીની હમોએ આશા મુકી દિધી હતી, એવી ભયંકર માંદગી ટુંક વખતમાં તદન સારી થઈ છે. અને મી. કૈકોબાદ પોતાની નોકરી ઉપર સારી રીતે કામ કરી શકે છે, હવે એ રોગની જરા પણ અસર રહી હોય, એવું લાગતું નથી, આ હકીગત હમારા અનુભવી છે, જેથી ક્ષય, હાંફણુ, દમ વિગેરે દરદવાળાઓએ એમની દવા કરવાનો અમુલ્ય લાભ લેવા ચુકવું નહિં, એવી હમારી અંતઃકરણ પૂર્વક ભલામણ છે.

(સહી) પીરોજશા હોરમસજી

કાથાવાળા. મુ૦ અંકલેશ્વર.

ક્ષય રોગનું સરટીફીકેટ

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકરને ઘણી રાજી ખુશી થી સરટીફીકેટ આપવામાં આવેછે. કે હમારી બેહન બાઈ બચુબાઇને ઘણી લાંબી મુદતથી ક્ષય લાગુ પડતાં તબીયત

ઠેકાણું નથી, તો તમોને ક્યાંથી આપીએ, હતું ત્યારે ઘણું હતું, હવે કાંઇ છે, જાવ હમારી પાસે કાંઇ નથી.

આવા શબ્દ શાંભળતાં ભગવાને, કહ્યું કે,

પદ-ભીખારી-બાગબગીચામાં બહુ રીઝ્યા, મારી મોહ કટારી;
દયા, ધર્મ કે દાન ન દીધાં, પુણ્ય ગયા પરવારીરે.
અંતરના કાચાં કેમ રહ્યાં છો કુટી.
હવે નવરી થઇ શેઠાણીરે-અંતરના-૧

એવી રીતે ઉપલી કડી બોલતાં બંને જણે કહ્યું કે બેહેન આસુ તિરસ્કાર ઓર ગાલી દેતીથી ઓર કેતીથી કે, મેં કહ્યું નવરી હું, તો, અબ નવરી હુઇ.

આવા વચન શાંભળતાં ઇશ્વરી કૃત્તિનું ધ્યાન શેઠાણીને થતાં કહ્યું કે, આજ પેલા ભિખારી, જે આવ્યા હતાં તેજ મને મેણું મારે છે. માટે પકડો એમાંજ કાંઇ પ્રપંચ છે, એમ કહી પેલા ભિખારીને શેઠશેઠાણી પકડવા તેના ઉપર ધસે છે એટલે તેના દેખતાંજ તે સ્વરૂપ અદ્રશ્ય થઇ જાય છે.

આ અદ્રશ્ય સત્તારૂપ જે ભિખારીઓમાં છે એ જોતાં પેલાં શેઠ શેઠાણીને નક્કી થયું કે, આ કૃતિ તેજ જોશીની ને આજ તે ભિખારી, અરે એ આપણા ઉપર શાક્ષાત ઇશ્વરનોજ કોપ થયો છે. મને નક્કી યાદ આવે છે કે ઉપલી કડી જે ભિખારીએ કહી હતી તેનું પણ સ્મરણ થતાં આગલી ઉપલી જોશીની કડીઓના મથાળા યાદ સાથે શબંધ છે. એમ કહી અત્યંત પ્રશ્ચાતાપમાં પડી, અચેત થઇ ધરણી ઉપર ગબડી પડે છે.

એટલે દરજ્જે નબળી પડી ગએલી કે, જેની જીવવાની આશા દવા કરનાર તમામ ડાકટરોએ આશા મુકાવી હુમોને નાઉમેદ કરેલા, ખાસ ભલામણ કરવાથી, હુમોએ એમને સુરતથી વલશાડ બોલાવી દવા સરૂ કરતાં, પેહેલેજ દીવસે ચમત્કારીક અસર માલમ પડી, હુવે તદન આરામ થઈ ગયો છે. અને હાલમાં સંપૂર્ણ તનદુરસ્તીમાં છે.

(સહી) રતનશા રૂસ્તમજી ડ્રાઇવર

મુ. વલશાડ પારસીવાડ.

આંખના રોગોની ટુંક સમજ.

शिरानुसारीभिर्दोषै, र्विगुणै रूर्ध्वमाश्रितै ।
जायंते नेत्र भागेषु, रोगाः परमदारूणाः ॥

અર્થ—કુપિત થએલા વાતાદિ દોષ, નેત્રની રગોમાં પ્રવેશી નેત્રનો ભાગ જ્યારે ઘેરી લે છે, ત્યારે તેમનાથી ભયંકર નેત્રરોગ ઉત્પન્ન થાય છે. વાત, પિત્ત, કફ, રક્ત, સન્નિપાત અને આગતું આ દોષોથી થનારા सतुर्नवति संमयाः—બધા મળી ૯૪ જાતના નેત્ર રોગ છે. એમાં કયો વ્યાધિ, તેનો સિદ્ધાંત હુમારી પરિક્ષાથી કરવામાં આવેછે.

વાત ઇશ્વર સત્તા ઉપર માની પોતાના મન શેઠ શેઠાણીએ વાળ્યા ત્યાંથી નીકળી તે જગ્યાએ સાક્ષાત જોશી રૂપ બની લઇ ગયા હતા તે જગ્યાએ તીર્થમાં સ્નાન કરી ઇશ્વરની આરાધના કરવા બેઠા હવે આવી રીતે આરાધના કરતાં પરમાત્માના બોધ ઉપર નિશ્ચય માની આસ છત દેહ મુક્ત કરવો એવા ઠરાવ ઉપર આવી પરમાત્માનું યજન કરે છે ?

જ્યાં ભગવાન અને લક્ષ્મિજી ઉપલી વાત વિષેનું વિવેચન કરતાં હતાં ત્યાં લક્ષ્મિજીએ કહ્યું કે હવે એ લોકો પોતાના અભિમાન તથા ગર્વનો પસ્તાવો કરી, પછી તમારીજ ઉપાસનામાં નિરંતર નિશ્ચય ઉપર, તમારી નિર્માણ કરેલી પૂર્વની જગ્યાએ બેઠાં હાર છે, એમ ગણી બેઠા છે. પરંતુ એના મનના અનુક્રમે હાલ તુરત તો મોક્ષ મળે એમ નથી, પણ જે અન્ન જળથી નિરાધાર અને તમામ સમૃદ્ધિથી વિમુખ થયા છે, તે ઉપર લક્ષ રાખી ગમે તેમ કરો પરંતુ આપ સાક્ષાત સ્વરૂપના દર્શન થયાં, તે જીવનના ભાગમાં દુર્બળ અવસ્થામાં રહી દેહ વિસર્જન કરે, એમ કોઇ દીવસ બનવું નથી. એના ભક્તિના પ્રમાણીકપણા ઉપર એનું કલ્યાણ ચાહવું એજ આપણું કર્તવ્ય છે. कुपुत्रो जायत् क्वचिदपि कु मातान भवति.

લક્ષ્મિના આવા દયાળુ અને પરમાર્થી વચન સાંભળી ભગવાનને દયા પ્રાપ્ત થવાથી લક્ષ્મિજીને કહ્યું કે, ઠીક છે, તારી એવી મરજી છે તો તે પ્રમાણે થશે. એવો વિચાર કરી સાક્ષાત ભગવાને; કે પેલા રત્નસાર શેઠ તથા તેની ધણીઆણી જે શીવાલયમાં નિશંક પણાથી શંકરનું યજન કરે છે, તેને ગાઢ નિદ્રા વશ કરી દીધા,

સુમસનહાર-મમેરાનો સુરમો.

તોલા ૧ના રૂા. ૨૧

હવે પેલા ચાર સાધુઓ મનમાં શોક કરતાં પરદેશ ફરતાં ફરતાં કેટલીએક મુદત્તે કેરલ દેશમાં હીરાલાલ શેઠની બંધાવેલી ધર્મશાળામાં ઉતર્યા. પછી સદાવ્રતમાં જમીને ધર્મશાળાની બાહાર આમ તેમ મેહેલની તરફ ફરતી રચના જુવે છે, એવામાં સાંજના પાંચ વાગ્યાને સુમારે હીરાલાલ પોતાનો દરબાર ભરી બેઠા છે. તે પ્રસંગે સાધુઓ કહેવા લાગ્યા કે આજ, બીજો કહે છે કે, એજ. એમ માંહોમાહે વિવાદ થતાં, હીરાલાલનું લક્ષ તે બાજુ વધારે હોવાથી તેણે પણ સાધુઓને ઓળખ્યા પણ ત્યાં જઇ ગંભીરાઇથી પુછયું કે, હમેરે સામને વારંવાર દેખકે કયા નીશાનબાજી કર રહા હો, તુંમ કોઇ ગઠીઆ ઓર ચોર હો કે કયા હે? અચ્છા સીપાઇ ઉસકુ અપને દરબાર આગુ લે જાઓ.

હવે દરબારમાં બીરાજ્યા પછી ચાર સાધુઓની ખાનગી જુબાની લેવી છે, એવો હુકમ કરી આસપાસના માણસોને ખસેડી પેલા સાધુઓને કહ્યું કે, તમો તમારા મનથી શું ધારણા બાંધતા હતા તે કહો. એ મુજબ હીરાલાલ શેઠ એક રાજા જેવોજ છે, એવું પેલા સાધુઓએ જોયું, પણ રત્ન જેના હાથમાં આપેલાં તેજ ગંગાદાસ આજ હોય. એમ થતાં તુરત બોલી ઉઠયા કે,

રાગ—ખ્યાલનો–સાધુઓ.

સાધુઓ–ઇશ્વર નામનું ઔષધ સેવે, મણી જો પથ્ય પળાય નહી,
નામ રટણનું ફળ નવ પામે, ને ભવરોગ ટળાય નહી.
પેહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા પરની થાય નહીં,
સાચી વાત વધીએ આગળ, મનથી તે વર્ણાય નહીં.

સરટીફીકેટ

મદન યોગેશ્વર તથા કનક પ્રભા વિશે.

હમો દુર વેરથી તારીફ કરીએ છઇએ કે, વૈ૦ શા૦ મ. પા.ની મદન યોગેશ્વર શક્તિની ગોળીઓ ધાતુપુષ્ટિ કરનારી છે, અને ખાસ એમના લખવા પ્રમાણે ગુણ આ-પનારી છે. તેમજ ક્ષય રોગ ઉપર કનકપ્રભા ગોળી ફાયદો આપનારી છે. વખતો વખત વી, પી.થી મંગાવતાં એ દવાની ખાત્રી થઇ છે.

(સહી) જાંહાંગીરજી પેસ્તનજી ઇંજીનીયર

કેરઓફ મેસર્સ પી. ડી. એન્ડ કો, મુ. એડન.

સરટીફીકેટ

વૈ. શા. મ. પા.ની દવાનો અનુભવ મારી જાતે ઘવાથી મને દરેક રીતે આરામ થયો છે, એમની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળીઓ ઘણી ચમત્કારી રીતે ગુણ આપનારી છે, તેમજ એવા વિદ્વાન વૈદ્ય મારા અનુભવમાં બીજા નથી. માટે હું ખાત્રીપુર્વક કહું છું કે, એમની દવા અને વૈદક જ્ઞાન ઘણાં ઉચા પ્રકારે છે, એટલુંજ નહીં પણ દરેક ગ્રહસ્થોએ અજમાયશ કરવા લાયક છે.

(સહી) વકીલ બળવંતરાવ ત્રીપુરાશંકર

મુ. સુરત.

સાધુ હમે ઘરથી નીકળ્યાતા, તિરથ યાત્રા મન ધારી,
પુંજી હમારી સાથે લઇને, દરબારે મુકવા ધારી.
કાશીપુરીમાં પોંચ્યા ત્યાંથી, સુદર્શન છે દરબારી,
નગરશેઠનું નામ સુચવતાં. ગંગાદાસ નિશ્ચે ધારી.
રતન હમારા ચાર હતાં જે, સોંપ્યા મનથી છતબારી,
દર્શન થાતાં એકજ રૂપે, ગંગાદાસ અત્રે ધારી–ઈશ્વર.

આ પ્રમાણેના માર્મીક વચન સાંભળી હીરાલાલ વિચાર કરે છે કે હું જેને સ્વપ્નું ધારતો હતો. તે સ્વપ્નું નથી, પણ સાચી વાત છે. ને તે નગર પણ છે, પરંતુ હવે વધારે પુરાવો કરતાં પણ હું ગંગાદાસ છું, એવું કોઇ માને તેવો સંભવ નથીજ તેથી આપણે તો અત્રેથી હવે કાંઇ જવાનો માર્ગ દૃષ્ટિ મર્યાદામાં જણાતો નથી. એમ ધારી થોડીવાર અગાધ વિચાર કર્યા બાદ.

સાખીઃ–બાજીગર બાજી કરે, નજર બંધીના ખેલ.
ધંધો કરતાં ઢળી જશે, જેમ ઘાંચીનો બેલ.

માટે પૂર્વે જ્યાં આ પુદગળ નાશવંત થએલું જાહેર છે, તો તે વાતની વધારે કલ્પના અગર તો પુછપરછ કરવામાં સારૂં ફળ નથી.

આવો ચોકસ હીરાલાલના મનમાં ઠરાવ થવાથી પેલા ચાર સાધુઓને એકાંતમાં બોલાવી, સોગન આપી કહ્યું કે હું તો અત્રે રાજા છું. મને ગંગાદાસ કે રત્ન સાથે સંબંધ નથી. પરંતુ તમારી દયા આવે છે, માટે મારા રાજ્યના ન્યાઇ છટાંમંત્ર બળ વડે હું તમને, આ એક રૂપાની ચાવી આપું છું, તે લઇ તમો ત્યાં જઇ કહેશો કે, જે પલંગ ઉપર ગંગાદાશ હંમેશ રાતે સુતા હતા, તે પલંગનો એક પાયો પોલો છે, અને તેમાં સાંચો છે, તેની કળ આ કુંચી

સ્ત્રીઓના દરદો નાશ કરનાર
ગિરિરાજ રસ.

આ ગિરિરાજ રસ વનસ્પતિના યોગની બનાવટથી સિદ્ધ કરવામાં આવે છે. સ્ત્રીઓને જતી નબળાઇ પ્રદર, સોમરોગ, લોહીવા કંમરના દુખાવા તેમજ ગર્ભસ્થાનને લગતાં દરદો જેવાં કે દર મહીને નિયમિત અટકાવ (મંથલીકોર્શ) નહીં આવવાથી પેટમાં બીગાડ રહી જાય છે, તેથી વાયુ વધી પેટમાં દુખાવો થાય છે, ભૂખ લાગતી નથી, હાથે પગે કળતર થઈ શૂળ સહીત કંમરમાં અને બરડામાં દુખાવા થઇ ફાટ ચાલે છે, તેમજ છાતીમાં દમ ભરાઈ આવી હાંફણુ મારી આવે છે, એવા અનેક કારણોથી, કમકૌવત થતાં હિષ્ટિરીઆ થઇ આવે છે, તેવા તમામ રોગોને ઉપલી દવાથી એકથી આઠ દિવસમાં આરામ કરે છે. સવાર સાંજ ગોળી બબે દુધ સાથે ગળી જવી. (ગોળી ૩૨ના રૂા. ૨) તેમજ પેડુની ખેંચ અને ભીતરના વરમ માટે વાપરવાની યોગ્ય દવાઓ આપવામાં આવે છે. પરેજી, તેલ, મરચાં ખટાસ વિગેરે વાયડી ચીજ દવા ચાલે ત્યાં લગી ખાવી નહીં.

વડે ઉઘડશે, ઉઘાડતા અંદરથી રત્ન નીકળશે. એમ કહી પેલા ચાર સાધુઓને હીરાલાલે પેલી ચાવી આપી દીધી. અને કહ્યું કે, જો તમો અત્રેથી ત્યાં જઇ મારૂં નામ અગર તો મેં કુંચી આપી છે એવું કહેશો તો, અગર તો કુંચી આ દેશમાંથી મળી છે, એવું પણ કહેશો તો, તે વાત જાણવાથી હું ફાંશીની શીક્ષા કરીશ.

આ મુજબ પોતાના રત્ન મળવાના એવી ઉમેદવારીથી; પેલા સાધુઓ ત્યાંથી દડ મજલ રસ્તો કાપતાં કેટલીએક મુદતે શેહેરમાં આવી પહોંચ્યા, ગંગાદાસ શેઠના મકાન હતા ત્યાં જઇ, આજીજીથી મુલાકાત થતાં ગંગાદાસની માંને ચારે સાધુઓએ પગે લાગી કહ્યું કે રાજાનો હુકમ નથી કે આ નગરમાં આવવું. પરંતુ તેની માફી હમો તમારી પાસે માગી લઇએ છઇએ કે, રાજાએ હમોને કાઢાડી મુકયા હતા. ત્યાંથી નીકળી રખડતાં રઝળતાં હમોને લાંબી મુદતે યાદ આવ્યું કે, હમારી પાસે ચાર રત્ન ગંગાદાસે લીધાં ત્યારેજ હમોને કહ્યું હતું કે, મારા સુવાના પલંગ ના પાયામા સંચો છે, તેની આ કુંચી તમોને આપું છું તે પાછી મને આપજો, માટે આ ચાવી લો, હમારા રત્ન તે પલંગના સંચામાંથી કાડી આપો, શેઠાણીએ કહ્યું કે, ઠીક છે, તે પલંગ તો હમે હમારી વાડીએ મોકલી દીધો છે, તે ત્યાંથી સવારે મંગાવી કાડી આપશું હવડાં રાત પડવા આવી છે, માટે સુખેથી આપણી ધર્મશાળામાં મુકામ કરો, અને આ સીધું અપાવું છું તેની રસોઇ કરી ભોજન કરો, અને આ કુંચી હાલ તમારી પાસે રાખો, આ મુજબ કહેવાથી મુકામ કરી સાધુઓ રહ્યા છે.

હવે પલંગ મંગાવ્યા બાદ ગંગાદાસની માએ એકાંત જગ્યામાં

સરટીફીકેટ

વૈ. શા. મ. પા.ને આપવામાં આવે છે કે, એવણુ પોતાના ધંધામાં ઘણાજ કાબેલ, તેમ પુખ્ત વિચારથી કામ કરનાર ઠરેલ અને ખંતીલા છે. એવું જાહેર કરતાં મને ઘણો સંતોષ ઉપજે છે, એટલુંજ નહીં પણ મારા ઘરમાં રક્ત પ્રદર (લોહીવા) જેવી માંદગી લાગુ પડવાથી અંગ્રેજી ડાકટરોની દવાઓ, ઘણા દીવસો સુધી કરેલી, જેની અસર નહીં થવાથી, એક કાબેલ વૈદ્યની તપાસ કરતાં મારા એક ખાત્રીપુર્વક મીત્ર તરફથી આ બાહોશ વૈદ્યની ભલામણ થવાથી સમાગમ થયો, તે ઉપરથી હું માનું છું કે, જે માંદગી પોતાનો કાબુ છોડી વધી ગઈ હતી, અને જેનાં માઠા પરિણામની ધાસ્તિ રખાતી હતી, તે એવણુના કાળજી ભરેલા ઈલાજેથી ચાર દીવસમાં સમુળગી દફે થઇ છે, એવી ઉપલી દવા વિશે હમારી સંપૂર્ણ ખાતરી થઈ છે.

(સહી) પાલણજી રતનજી પ. ખાનશાહેબ

રી. કેમીશેરીયટ ઓફીસર, સુરત, નાનપુરા.

મુકાવ્યો, પછી પોતાના દીકરા મંગાદાસની જે વિધવા ધણીઆણી જે પોતાની સાથેજ છે. તેને પાછળથી બોલાવી, બેશાડી, આ બધી વાતથી વાકેફ કરી. તો બેનો વિચાર એકત્ર થતાં એક ત્રીજોજ વિચાર આવી ખડો થયો.

તેઓ વિચાર કરે છે કે, ચાવી એને પેહેલાં આપી હતી એ વાત ખરી હોય, તો જે વખતે આ ચાર સાધુઓ અત્રે આવેલા છે, તે પ્રથમની વખતે જે વારે, ચાર, ચાર, અપવાશ કરી રત્ન ન મળે તો દેહ ત્યાગ કરવો, એવા આખેરી ઉપર આવી પોંચતાં રાજાની મદદ મંગાવી કાહાડી મુકાવ્યા હતાં. તે વખતે તેઓ ચાવી કે પલંગના સંબંધી કાંઇજ બોલ્યા નથી. આજે ચાવી કહે છે માટે એમાં ભેદ છે. અને ચાવી આપનાર માણુસ કોઇ હયાત હોવો જોઇએ, એવો બંને જણે વિચાર કરી ચોકસ ધોરણ પર આવ્યા કે કુંચી આપનાર માણુસનો પત્તો ન આપે ત્યાં લગી, તેમને રત્ન આપવા નહીં.

રાત વીતી ગઇ, એટલે સવારમાં પેલા સાધુઓ કહેવા લાગ્યા કે, માજી હમને હમારા રત્ન કહાડી આપો. શેઠાણીએ કહ્યું કે, ભાઇ આ વાત રાજા જાણે છે. માટે તેમનાં રૂબરૂ એ વાતનો ખુલાસો કરી તમને તમારા રત્ન આપવાના છે.

એમ કહી પોતાના માણુસોને રાજાને વિનંતી કરવા મોકલ્યા. અને કહાવ્યું કે પેલા ચાર સાધુઓ પાછા રત્ન લેવા આવ્યા છે. સાંભળતા રાજા પોતે કેટલાએક દરબારી માણુસો અને સીપાઇઓ વિગેરે લઇ સત્વર ત્યાં આવે છે.

સરટીફીકેટ

ઉપલી ગિરિરાજ રસની દવાનો ઉપયોગ કરતાં, એ દવા ઘણીજ અકસીર ગુણ આપનારી છે, એવી ખાતરી થઈ છે, તેમજ વૈ. શા. મ. પા. હમારા કુટુંબ વૈદ્ય તરીકે ઘણી લાંબી મુદતથી છે. તેમાં લાંબા વખતથી એમની દવાનો ઉપયોગ કરતાં તાત્કાળીક ફાયદા થયા છે, તેમજ નાડી પરિક્ષા કરી દરેક દરદીને કાળજીપૂર્વક દવાઓ આપે છે. સ્વભાવના શાંત, મીલનસાર છે, જેથી દરેક દરદીઓને ભલામણ કરીએ છઈએ કે, એમની દવાથી ટુંક વખતમાં આરામ થશે,

(સહી) શા૦ મોરારભાઇ વીજભુખણદાસ

દયાળ માળવીવાળા, સુરત.

સરટીફીકેટ

ગીરીરાજ રસ નામની દવાથી મારી ધણીઆણીને ઝહર જેવો પચીસ વર્ષનો જુનો હઠીલો રોગ સારી રીતે આરામ થઇ ગયો છે તેમજ મારી પોતાની તબીયત લાંબા વખતથી તાવ વિગેરેથી પીડાતી હતી, તેને માટે બીજા વૈદ્ય ડાકટરોની દવા ઘણી કરેલી પરંતુ તે નહી

હવે રાજાની સ્વારી આવી પોંચતાં જ્યાં દરબારી ઠાઠની તમામ ગોઠવણ મોજુદ છે ત્યાં પોતાના દીવાનખાનામાં તેમને બીરાજવા પ્રાર્થના કરી ઠેરવેલા ઉત્તમ સિંહાસન ઉપર બેસાડયા.

હવે રાજા સુર્યદર્શન પધાર્યા બાદ પડદેનશીનથી બંને શેઠાણીઓએ અર્જ કરી કે, પેલા ચાર સાધુઓ પાછા આવેલા છે. રાજા ગુસ્સામાં આવી જતાં બોલ્યા કે, કયાં છે, તે કંબખ્તો. એટલે નગરશેઠની માએ રાજાને ઠંડા પાડી પ્રાર્થના કરી સાધુઓ તરફથી માફી માંગી. અને સાધુઓ પાછળથી યાદ આવ્યાથી આણેલી ચાવી સંબંધી તેમજ પલંગના એક પાયામાં રત્ન છે, એમ કહે છે. આ વાત નાપાયાદાર છે. પણ ચાવી આપનાર ધણી દેશ નીકાલની સજા પછી મલ્યો હોય એમ હમે હમારી ટુંક બુદ્ધિથી ધારીએ છીએ. રાજાનો મત તેમની સાથે મળતો આવ્યો તેથી કહ્યું કે, કુંચી આપનારનો પત્તો ન આપે તો રત્ન પાછા આપવાનાં નથી.

આ ઠરાવ કર્યા બાદ પેલા ચાર સાધુઓને ધર્મશાળામાંથી બોલાવ્યા હવે રાજાના સનમુખ આવતાં, તેમને કહ્યું કે, તમો મારી પરવાનગી શિવાય નગરમાં દાખલ થયા તેને માટે ગુનેગાર છો. પરંતુ તમારે માટે શેઠાણીની નમ્રતા ભરેલી આજીજીથી માફી આપવામાં આવે છે. તેમજ અત્રે તમોને પુછવામાં આવે છે કે, આ ચાવી તમોને કયાંથી મળી, સાધુઓએ કહ્યું કે, માહારાજ હમોને તે ઘડી યાદ નોહોતી, એ ચાવી સંબંધી વાત ભુલી ગયા હતા, રાજા કહે છે કે, એમ નથી, ખરેખરૂં બોલો. કારણ કે પારકાના મનની વાત જાણવી એ કામ ન્યાયાધિશોને ઘણું કઠીણ

મટવાથી આખરે જાહેર કિર્તિદ્વારા વૈ. શા. મ. પા. ની દવાથી તાવ વિગેરે મટી જઇ સારી તનદુરસ્તિ થઇ શકિત આવી છે આ વાતની ખુશાલી ઉપજવાથી હું સરટીફીકેટ લખી આપું છું કે, હરેક કોઇએ મારે પગલે ચાલી પોતાની તનદુરસ્તીના બચાવ માટે આ વૈદ્યની દવા ખાત્રી-પુર્વક કરવા ભલામણ કરૂં છું.

(સહી) ગોપાળલાલ માધવલાલ દેશાઇ

વડોદરા રાજ્યના ફૃ. ક. મેજીસ્ટ્રેટ, મુ. ઠાસરા. જી. ખેડા.

મમેરાનો સુરમો તોલા ૧ના રૂ. ૨૧

અમારા દવાખાનામાં આવીને અંજાવનાર પાસે ફી લેવામાં આવતી નથી.

કારણ—આંખ જેવી અમુલ્ય ચીજ કોઇ પણ આજગતમાં નથી, એમ સમજવાથી મમેરો કે જેની કીંમત તોલા ૧ના રૂા. ૯૧ છે, છતાં એવી કીંમતી ચીજોની પરીક્ષા કરી ખરીદી, તે સાથે એના જેવી બીજી ઘણી કીમતી ચીજોની મેળવણી કરી ઘણી મેહેનતે બનાવી લોકોના કલ્યાણને અર્થે પરમાત્માના ફરમાનથી તેનો સદઉપયોગ કરવામાં આવે છે

નથી. માટે મારા ન્યાય ઉપર ભરોશો રાખી પેલી ચાવી જે તમારી પાસે છે તે લાવો.

હવે રાજાએ સાધુઓ પાસેથી ચાવી લઇ પેલા પલંગના પાયાને કળ કયાં છે. તે તપાસતાં એક પાયામાં પેલી ચાવી જવાની કળ માલમ પડતાં, તે ચાવી કળને લગાડતાં એક નાનું સરખું બારણું ખોલ્યું જેમાં હાથ ઘાલી જુવેછે તો પેલા ચાર રત્ન પોતાને હાથ લાગ્યાં, જે સાધુઓને બતાવ્યાં. તે જોઇ સાધુઓએ હર્ષથી ઉછળીને કહ્યું કે, હા માહારાજ એજ હમારા રત્ન છે. તે સાંભળી રાજાએ કહ્યું કે, ચાવી આપનાર કોણ છે. અને કયાં છે, તે બાબત સાચેસાચી હકીગત કહેશો નહી, ત્યાં સુધી તમોને તમારા રત્ન આપવામાં આવશે નહીં, માટે તમો યોગ્ય ખાત્રીપુર્વક જવાબ નહીં આપશો તો તમોને અત્રેજ જન્મકેદની શીક્ષા કરવામાં આવશે. અને સત્ય બોલશો તો તમોને આ તમારા રત્ન અને તે ઉપરાંત ઇનામ આપવામાં આવશે, પોતાના અમુલ્ય રત્ન જોઇ તુરત કહ્યું કે, માહારાજ આપની પાસે માફી માગીએ છઇએ, કે, હમારૂ નામ જાહેર થાય નહીં. તો હમે કહીએ, રાજાએ કહ્યું કે, એ વાતની હું ખાત્રી આપું છું, તમો જરા પણ ડરો નહીં.

આ મુજબ રાજાની હીંમત મળવાથી, પોતે ગયા હતા તે કેરલ દેશ છે, અને ત્યાં ગંગાદાસ નહીં પણ સર્વ રીતે શાક્ષાત ગંગાદાસ હોય, તેવોજ હીરાલાલ નામે રાજા છે, તેમણે હમને પ્રતિજ્ઞા આપી કહ્યું છે કે, જો મારૂં નામ કે મારા દેશનું નામ જાહેરમાં મુકશો તો તમોને ફાંશીની શિક્ષા કરવામાં આવશે. આ મુજબની ખરેખરી વાત હમોએ સવિસ્તર આપની હજુરમાં જણાવી છે.

મમેરાનો સુરમો તથા મોતીનો પાક

મારી આંખમાં ખીલ પડવાથી સખત છારી વળી દેખાવ બંધ થયો હતો, જેને માટે ઘણી દવા કરી, એટલુંજ નહીં, પણ મુંબાઇના પ્રખ્યાત ડાક્ટરોની દવાઇ કરવા છતાં, સારૂં થયું નહીં. એવામાં તગદીરનાં જોરથી વૈ. શા. મ. પા.નો મમેરાનો સુરમો અંજાવવાથી તેમજ મોતીનો પાક ખાવાથી આંખે તદન આરામ થઈ ગયો છે. આવા દરદીના ભલાને માટે આ સરટીફીકેટ લખી આપવામાં આવ્યું છે.

(સહી) વકીલ જમનાદાસ ઘેલાભાઇ,

મુ. નૌસારી

સરટીફીકેટ

મમેરાનો સુરમો તથા મદન યોગેશ્વર

સુરતવાલે વૈ. શા. મ. પા. કુ સરટીફાઇવ ભેજતા હુ કે, આપકી જો આંખો કે ઉપેર મમેરાકા સુરમેકી દવાઈ ઔર શક્તિકે બાસ્તે મદન યોગેશ્વર કસ્તુરીકી ગોળીકી

ઉપલી હકીગત દરબારમાં જાહેર થતાં ગંગાદાસ શેઠની મા તથા તેની ધણીઆણીને એવો ભાસ થયો કે, તેની શોધ કરતાં લાસ પણ હાથમાં આવી નહોતી, માટે નક્કી થાય છે કે, તે કોઈ દેશમાં જીવતા નીકળયા હશે. રાજાએ ગંગાદાસની માને પુછયું કે, હવે તો તમો આગળ શું કરવા માગો છો ?

આ સાંભળી ગંગાદાસની માએ રાજાને વિનતિપૂર્વક કહ્યું કે, ચાવી આપનાર કોણ છે તેની શોધ કરવા હમારો વિચાર છે. અને તેને લગતી મદદ હમોને આપના તરફથી મળવી જોઈએ, આ મુજબ શેઠાણીના કહેવાથી રાજાએ દરબાર બેઠાં હુકમ કર્યો કે આ સાધુઓને તમારી સાથે લઈ જવા, તમોને ચાવી આપનારનો પત્તો લાગે, અને તમારા મનની ખાત્રી થાય કે, તુરત ઈનામ સાથે આ રત્ન આપી છોડી દેવા. હવે આ પ્રમાણે હુકમ કર્યા પછી રાજાએ હથિઆરબંધ બશો માણસોની ટુકડી શેઠાણીના હુકમ નીચે સપુરત કરી.

હવે આ મુજબ નક્કી થતાં બીજે દિવસે તમામ તૈયારી કરી રથ, પ્યાદલ, લશ્કર વિગેરે સાથે રાજાના હુકમ પ્રમાણે ગંગાદાસની મા તથા તેની ધણીઆણી સાધુ સહવર્તમાન-ગંગાદાસ હયાત મળી આવે તે સમયે તેની ધણીઆણી લીલાવતીને શણગારવા માટે, તેનાં સોળે આભુશણ પોતાની સાથે રાખી પોતાની મુસાફરી શરૂ કીધી, હવે, કેટલેએક લાંબે સમયે પેલા કેરલ દેશની નજદીક આવી પોંચ્યા, જે શેહેર જોતાં પેલા સાધુઓના હોંશ ઉડી ગયા, કારણ કે, હવે તો આજ શેહેર તે રાજાનું છે. અને જો કદાચ જાણશે કે, મારો પત્તો બતાવનાર આ સાધુઓ છે, તો જરૂર

બોત શીશીયા મંગવાકર લોકોકે ઉપર અજમાયશ કીયા હેં, ઓ બડી તજ્રુબ ઓર ફાયદે મંદ હે, ઉસ બાતસે હમ ખુશ હોકે, વાહાસે આપકી તારીફ કરતાં હું. ઓર સબકુ દવાઈ બાપરનેકે બાસ્તે ખાતરદારીસે અરજ કરતા હું.

(સહી) હકીમ યુશફઅલ્લી કુતુબુદીન

મુ. નીઝામહેદ્રાબાદ

બોધ-હરીગીત.

છે કસ્તુરી નીજ પાસ તો પણ, દોડતો અહિં તહીં ફરે
વળી બાવરો બની કસ્તુરી મૃગ સુખથી ચારો નવ ચરે-૧
જોગી જતીની બુટ્ટીને, અનુભવ વિના લેવી નહીં,
ભગવા નિહાળી વસ્ત્ર જાણી, વૃત્તિ તવ દેવી નહીં-૨
છે વૈદ્ય થાવું કઠીણ ઘરઘર, વૈદ્યતા હોતી નથી;
બાવા બધાએ વૈદ્ય છે, એ કલ્પના હોતી નથી-૩
હું નથી કેહેતો ના પરંતુ, ધર્મ એવો ધારવો;
કુમાર્ગથી સાવધ બની, મણી બોધ ઉરમાં ધારવો-૪

ફાંસીની શિક્ષાને પાત્ર થઇશું. આ વિચાર તેઓ દર્શાવતાં થરથર કાંપવા લાગ્યા. તે જોઇ શેઠાણીએ કહ્યું કે, તમો જરા પણ ગભરાશો નહીં, તમો આઘેથી મને બતાવશો કે, તેના રૂબરૂ તમને કર્યા શિવાય તમારા રત્ન અને ઇનામ આપી મુકત કરશું એવી હીંમત આપીને નગર બાહાર બધા લશ્કરનો પડાવ નાંખીને, પેલા સાધુઓનો અને પોતાનો વેશ બદલી બેચાર સીપાઇ સાથે લઇ, સાધુ બતાવે છે. તે રસ્તે થઇ, ગંગાદાસની મા તથા તેની ધણીઆણી ચાલ્યા આવે છે. હવે ધર્મશાળા આવી લાગતાં છુપી રીતે કોઇ દેશના વટેમાર્ગુ તરીકે જઇ બેઠાં. એટલામાં દરબારી સમય આવી લાગતાં હીરાલાલના મેહેલ આગળ દરબાર ભરાયો. તેમાં ન્યાય ચુકવવા હીરાલાલ દરબારમાં આવી પોતાના ન્યાયાસનની ઉંચી બેઠક ઉપર બીરાજ્યા એટલે તરતજ પેલા સાધુઓએ બતાવાંને કહ્યું કે, પેલા ઉંચે બીરાજ્યા છે. તેણેજ હમોને ચાવી આપી છે, આ મુજબ જોતાં પોતાના પેહેરેલાં વસ્ત્રોના માથા ઉપરથી ગુંમટા ખેંચી કેટલેએક નજદીક જઈ ખાત્રી કરે છે તો તેજ ગંગાદાસ છે. એવો સંપૂર્ણ સાસુ વહુને આનંદ પ્રાપ્ત થતાં, મનનો ઉમંગ ઉભરાઈ જતાં મન ધીરજ પકડતું નથી. છતાં ઘણી ધીરજ રાખી પાછા ધર્મશાળામાં આવી, પેલા સાધુઓનો ઉપકાર માની ઇનામ તથા રત્ન આપી તેમને મુકત કીધા. તેવાજ તેઓ ત્યાંથી તાત્કાળીક છ, પાંચ ગણી ગયા.

બાદ લીલાવતીને તેની સાસુએ પોતાની સાથે રાખેલા સોળે શણુગાર સજાવ્યાં, પછી પોતાની સાથે લઇ ધર્મશાળામાંથી

શરિરમાંથી ધાતુ કમતી થવાના મુખ્ય હેતુ.

શ્લોક

रक्त सर्व शरिरस्यं, जिवस्या धारमुत्तम्

શરિરમાં સઘળે લોહી વ્યાપી રહેલું છે, તેથી જીવને અને જીવનને ઉત્તમ આધાર લોહીનો છે, લોહી કમતી થવાથી ધાતુનું કમતીપણું થાય છે. તેમજ લોહી બીગડવાથી પણ તે અન્ય ધાતુઓને પોષણ આપતું અટકી પડે છે.

સરટીફીકેટ

વૈદ્ય શા. મ. પા. ને આપવામાં આવે છે કે હમારા કુટુંબમાં આંકડીનું દરદ, ચક્કર, જીર્ણતાવ તથા પેટમાં લીવરનો દુખાવો લાંબી મુદતથી ઘર કરી રહ્યો હતો અને તે રોગ ફરી ફરી ઉથલા ખાતો હતો તે એમની દવા કરવાથી ધીમે ધીમે ફાયદો જણાતાં, મને અગાડી લખતા ખુશી ઉપજે છે કે, આશરે ત્રણ માસ સુધી એમની દવા લીધાથી શરિરની સ્થિતિ તદન સુધરી ગઈ. મને ધાસ્તિ હતી કે આવા રોગો મટસે નહીં પરંતુ એમની વૈદીક કુશળ-

પ્રસંગે સજાજ થએલા અલૌકિક દેખાવમાં બંને આંઓ દરબાર તરફ આવે છે,

હવે દરબારમાં જ્યાં હીરાલાલ રાજા બીરાજ્યા છે, જેના ઉપર છત્ર ચમર ઢળી રહ્યાં છે. અને જેમાં ખમાખમાં નેકી પોકરાઇ રહીછે. એવા ભારે દરબાર ભરેલા દેખાવને નીહાળતાં નીહાળતાં ભર દરબાર વચ્ચે થઇને આવતાં જોઇ તમામ દરબારમાં બેઠેલા દરબારીઓ આશ્ચર્યવત થતાં, એમ વીચાર કરે છે કે, કોઇ ગૈરા માણુસ વગર બીતીથી દાદ માગવા આવે છે, એ શું હશે? એટલામાંતો અરજદાર બાઇએ ઠેઠ હીરાલાલ રાજાના તખ્ત સમક્ષ આવી, પોતાની મોં ઉપરનાં ઘુંમટા ખશેડી પોતાના ખુલ્લા ચેહેરાથી ડોશીએ કહ્યું કે, ભાઇ તું ગંગાદાસ કે? આ સાંભળી પુર્વ સમયનાં બનેલા ચમત્કારી બનાવો યાદ આવતા આશ્ચર્યવત ભાવના પ્રદર્શિત થતાં, પોતાના દરબારી તખ્ત ઉપરથી નીચે ઉતરી એકદમ પોતાની માને પગે લાગ્યો, અને કહ્યું કે હા મા હું ગંગાદાસ પછી તેની માએ સાથે લાવેલી લીલાવતીને દેખાડી પુછ્યું કે, આ કોણ છે? તેના જવાબમાં કહ્યું કે, આ મારી ધણીઆણી છે. આ બનાવથી તમામ દરબારીઓ અજાયબીમાં ગર્ક થયા.

આ બનાવ અત્રે બની રહ્યો છે એટલામાં કેટલાએક દરબારીઓ હીરાલાલના મેહેલમાં ગયા, અને હીરાલાલ રાજાના માતુશ્રી ભાગીરથી તથા તેની ધણીઆણી કમળાવતીને કહ્યું કે, દરબારમાં તો કોઇ અજબ બનાવ બની રહ્યો છે. રાજા પોતાની મા તથા સ્ત્રી તરીકે કોઇ બીજીઓનેજ સ્વિકારે છે, આ સાંભળી તેની માતુશ્રી તથા કમળાવતી આ ભેદ જોવા સારૂ દરબારનાં પડદંતર

તાથી મારી ધાસ્તિ દૂર થઇ ગઇ છે, જેને માટે હું એમનો આભાર માનું છું, એમની વર્તણુક ઘણી ઉત્તમ પ્રકારની છે, સ્વભાવે શાંત, ધાર્મિક, નમ્ર નિરાભિમાની છે,

એમની શકિત ઊપર મદન યોગેશ્વર કસ્તુરિની ગોળીઓ વાપરવાથી અંદર દર્શાવેલા પ્રમાણે અકસીર ગુણ આપનારીછે

(સહી) કીરપાશંકર ભગવાનજી વ્યાસ

સીટી મેજીસ્ટ્રેટ–સુરત.

સરટીફીકેટ

વૈં. શા. મ. પા. ની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળી વાપરવાથી અંદર લખેલા ગુણ પ્રમાણે ફાયદો આપનારીછે, એમાં કંઈ શક નથી, એવી મારી ખાતરી થઇ છે, તેમજ બીજી પણ ઘણી ખરી દવાઓનો અજમાયશ થવાથી ફાયદા થયાછે. એમના સમાગમથી અને મીલન સારી સ્વભાવથી દરેક ને આનંદ થાય છે.

(સહી) વકીલ વીઠ્ઠલદાસ વલ્લભદાસ

મુંબાઈ–ભુલેશ્વર.

બાગમાંથી આવી જુવે છે કે, પેલી અત્રે આવેલી કોણ છે, તેનો નીશ્ચય કરવા દરબારી માણસથી હીરાલાલ રાજાને મેહેલમાં બોલાવવા વિનંતી કરે છે. તેથી દરબારીઓએ દરબારમાં આવી ઉપલી અરજ કીધી છે.

પરંતુ રાજાએ સમય અનુકુળ ન હોવાથી થોડા વખત વિત્યા બાદ મેહેલમાં આવું છું એવી સુચના કરી.

હવે રાજા હીરાલાલ આ વખતે અગાધ વિચારરૂપી સમુદ્રના તરંગમાં અથડાવવા લાગ્યો પરંતુ કાંઇ કીનારો માલમ પડતો નથી એમ ધારી શું કરવું એવા મોહ ભરેલા આશ્ચર્યમાં લીન થઇ ગયો.

હવે મેહેલમાં કમલાવતી તથા માતુશ્રીએ રાજા વિલંબ કરી પધારવાના છે એવો જવાબ મળવાથી ક્રોધાવેશમાં આવી, દરબારમાં જવાનો નિશ્ચય કરીને મેહેલમાંથી નીચે ઊતરી રાજાને જણાવ્યું કે કમળાવતી નીચે પધાર્યા છે, આ ખબર રાજાને પોચાડવા છતાં પણ અંતરપટમાં ગયા નહી; જેથી તેઓને દરબારમાં ના ઇલાજે. પડદે નશીન આવી.ઉભા રહેવું પડયું; અને સર્વની સમક્ષમાં પુછ્યું કે,

આ દરબારમાં આવેલી બાઇઓ કોણ છે,

તેના જવાબમાં હીરાલાલ રાજાએ કહ્યું કે,

રાગ-પદમાં

વિસાર્યો નથી તલ ભરી.

ઉભય હું વિસાર્યો નથી-ટેક.

પહેલી કમળા પછી લીલાવતી-ધણીયાણી બેઉ ખરી,

પહેલી ભાગીરથી શ્રીમતી બીજી-આ બે માત મુજ ખરી.

સરટીફીકેટ—મદન યોગેશ્વરનું

એમની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળી શક્તિ ઉપર સારો ગુણ આપે છે, તે શિવાય બીજી દવાઇઓ વખતો વખત ઉપલી ગોળી સાથે વી, પી, થી મંગાવી અજમાયશ કરતાં તાત્કાળીક ફાયદો આપનારી નીવડીછે, એઓ સ્વભાવે પરોપકારી અને નિરાભિમાની છે.

(સહી) દાદાભાઇ સાપુરજી મર્ચન્ટ—વડોદરા કાંપ

ઝામરવા એટલે શું માથાના દુખાવાની છેલ્લી ટોચ—તે ઝામરવા.

ઝામરવાનો રોગ—પ્રવાહી પદાર્થના વધવાથી, આંખની અંદરના ભાગમાંથી કોઇ ચીજ જાણે બાહાર નીકળી પડવાને જોર કરતી હોય એવી વેદના થઈ આંખનો ડોળો કોઇ બહાર પકડી ખેંચતું હોય, એવી રીતની વેદના અનાયાસ થઇ આવે છે ત્યારે તેને સુદ્ધ ઝામરવા કહે છે, એ દરદ એવું હઠીલું છે કે, દરદીની આંખને નુંકસાન કર્યા વિના રહેતું નથી.

ઉભય હું વિચાર્યો નથી તલભારી, ઉભય હું ૧
કાશી પુરીમાં ઉછરી કરી–શાહેબી સ્વપ્ન વત ગણી;
સ્વપ્નું નથી આ પ્રત્યક્ષ દેખું– ધર્મ માતુશ્રી ખડી.
ઉભય હું વિચાર્યો નથી તલભારી, ઉભય હું. ૨
કેરલ દેશની જન્મ ભુમીમાં–મુજ ભાગીરથી મા ખડી
પ્રભુની માયા ચમત્કૃતિમાં – કરવું શું આપડી.
ઉભય હું વિચાર્યો નથી તલભારી, ઉભય હું, ૩
પ્રભુ કૃપાથી સઘળાં મળ્યાં–કૃતાર્થ મુજને કરી ,
હે જગત્રાતા લાજ અહી–મુજવારે ચડો શ્રી હરી, શ્રીહરી,
શ્રી હરી–મુજ વારે ચડો શ્રી હરી–ઉભય હું–૪

હીરાલાલ રાજાના ઉભય પ્રતીના બીહાગી રાગના પદથી સંતોષ કોઇને થતો નથી આમ નિષ્ફળ થતાં નક્કી માન્યું કે અત્રે એમના મગજની સ્થિતિ બરાબર ન હોવાથી, ત્યાંના રાજાધિરાજ મધુસુદનને આ બાબતથી વાકેફ કરવા. અને તેના દરબારી મારફતે હીરાલાલના દરબારમાં તેમના માતુશ્રી તથા શ્રી તરફથી પધારવા વીનંતી કરાવી.

હવે આપણે કાશીથી આવેલા શ્રીમતી તથા લીલાવતીની મનોવૃત્તિ તરફ લક્ષ આપીએ. લીલાવતી–સાસુજી એમણે આ લોકોને અત્રે છળભેદ કરી ઠગ્યા તો નથી, મને તો આમાં કાંઈ ગમ પડતી નથી. કારણ કે એ પોતાના શબ્દ વડે કોઇ પણ બાજુ-માંથી ખસતા નથી, અને ઘણાં નિશ્ચયી દેખાય છે, એમાં શું હશે !

શ્રીમતીએ ઉત્તર આપ્યો કે, આ બાબતમાં આપણને ઉંડા ઉતરવાની જરૂર નથી, કારણ કે હશે તે, થોડા વખતમાંજ જણાશે એવું કહીને શાંતી આપી.

ઝામરવાથી થતા ચીન્હ.

લમણામાં પીડા—ચસકવું, અને આંખમા બળતરા થવી આંખમાં ખાડા અંધારા વિગેરે જણાય છે. તેમજ લમણામાં અને માથાના પાછલા ભાગમાં બહુજ દુખાવો જણાયછે, આ દુઃખ દાયક ચીન્હો, થોડો વખત દેખાઈ પાછાં અદ્રષ્ટ થઈ જાય છે, દુખાવાથી આંખ લાલચોળ થઇ પાણી ગળ્યા કરેછે,

કારણ

ઝામરવા—આંખની અંદર રસ ઉતરવાથી થાય છે. આંખની અંદરના ખુંણામાં આંશુ પડવાના જે છીદ્રો છે તે રસ્તાનો ખુંણો બંધ થવાથી રસ બાહર જઇ શકતો નથી, તેથી તે રસ મગજ અને લમણામાંની શીરામાં ઉકળી મગજની જ્ઞાન તંતુઓમાં પીડા ઉત્પન્ન કરી ઝામરવા લાગુ પડે છે.

આ વિશેનો બનાવ ભગવાન અને લક્ષ્મિજી અંતરીક્ષથી નિહાળે છે. અને પ્રભુની રચેલી માયા વિશે લક્ષ્મિજી ભગવાનને કહે છે કે, તમારા ભક્તની ઉભય પક્ષની મા ઓ અને પત્નિઓ વચ્ચેની આવી પડેલી ખાસ તમારીજ માયાની અલૌકિક રચનામાં અન્તર્યામી વચ્ચે દીંગ બની ગયા છે. તેમાંથી આપ પ્રભુને એને મુક્ત કરશો, આવા લક્ષ્મિજીના વચન સાંભળી કહ્યું કે, આ માયાનો ન્યાય તારી સમક્ષજ થશે.

હવે રાજા મધુસુદન વિચાર કરેછે કે, જનાના તરફથી મને દરબારમાં બોલાવે છે એવી શું અગત્યતા હશે? આવેલા માણસોને ખબર આપી કે, હું થોડા વખતમાં આવું છું, એવી ખબર આપશો. હીરાલાલનો દરબાર જે પણ પોતાનોજ છે. ત્યાં જવા સારૂ પોતાના કારભારીઓને તૈયાર થવા હુકમ કર્યો.

સર્વે તૈયારી થતાં રાજા મધુસુદન હીરાલાલના દરબાર તરફ જવા નીકળ્યા.

હવે હીરાલાલના દરબારમાં રાજા મધુસુદન પધારે છે. એટલા સારૂ દરબારમાં રાજા તથા કારભારીઓના આદર સત્કાર માટે સર્વ સાહીત્યની તૈયારીઓ કરવા માંડી છે, એટલામાં રાજા મધુસુદન પોતાના કારભારીઓ સાથે પૂર ઠાઠમાં પધારે છે, ત્યાં હીરાલાલ કે જેનો મગજ સ્થિર છે, જરા પણ નિતીનું ઉલ્લંઘન જેના મનમાં નથી, તેણે રાજાધિરાજના સામા જઇ દરબારમાં લાવી, પોતે ખાસ તૈયાર કરેલા સિંહાસન ઉપર બીરાજવા પોતે રાજાને વિનંતી કીધી.

રાજા તથા કારભારીઓ હીરાલાલના દરબારમાં આવવાથી, દરબારનો આ વખતે એવો દેખાવ થઇ રહ્યો કે, સર્વ જોઇ રહ્યા.

સરટીફીકેટ

ઝામરવા સાથના માથાના દુખાવાનું.

પરમસ્નેહી વૈ. શા. મ. પા. ને લખી મોકલું છું કે, તમારો મમેરાનો સુરમો પેપરમાં દર્શાવ્યા મુજબ અકસીર ગુણ આપનારો છે, એ વિશેની ઘણા દરદીઓ ઉપર મારી ખાત્રી થઈ છે, એટલુંજ નહીં પરંતુ સ્વામીનારાયણ સંપ્રદાયના બ્રહ્મચારી વાસુદેવાનંદની આંખે દેખાતું નહોતું, તેમજ ઝામરવાથી માથામાં સખત વેગ નાંખતા હતા, તે તમારી દવાના ગુણથી સારી રીતે દેખી શકે છે. તેમજ પોતાના ધર્મપુસ્તક વિગેરેનું વાંચવાનું કાર્ય કરી શકે છે, તેની સાથે માથાના દુખાવાની અસર પણ નાશ થઇ છે આવા પરોપકારી કાર્યની સીદ્ધિ મેળવેલા મારા જાતીભાઇને ઉત્સાહ પુર્વક સાબાસી આપતાં પ્રફુલીત થાઉં છું કે, સતશાસ્ત્રોના અનુભવથી ઉપજાવી કાઢેલી ઔષધીઓ માટે આપને ધન્યવાદ ઘટે છે. પરમાત્મા પાસે માગું છું કે, આવી પરોપકારી ઔષધીઓને જગતપ્રસિદ્ધમાં વિસ્તાર પમાડો:

(સહી) વૈદ્ય શાસ્ત્રી કવી, ભાઇશંકર વી. વીદ્યારામ

પંડિત– શ્રી સ્વામીનારાયણ ધર્મના ન્યુતન
ગ્રંથોત્પાદક અને આર્યમાર્તંડ ઔષધાલયના
અધીપતી, મુ. વડતાલ જીલ્લે ખેડા.

અને ખરેખરા ઇંદ્રાસન ઉપર ઇંદ્ર રાજા બીરાજ્યા હોય, એવો સર્વના મનમાં આનંદ થઇ રહ્યો.

હવે રાજા મધુસુદને હીરાલાલને પોતાની બાજુમાં બેસાડી પુછ્યું કે, તમારી સ્ત્રી તથા માતુશ્રી તરફથી મને દરબારમાં શા કારણથી બોલાવ્યા છે, તેનું ખાનગીમાં કારણ કહો.

તેના જવાબમાં હીરાલાલે જણાવ્યું કે, મેં મારી હકીગત સઘળા સમક્ષ કહી દીધી છે. છતાં મારી આપને વિનંતી છે કે, આપ સમક્ષમાં બોલાવી એ લોકોની હકીકતથી વાકેફ થઇ, દરેકના મનનું સમાધાન કરશો.

હવે દરબારમાં પડદેનશીન રહેલી કમળાવતી અને ભાગીરથીને અત્રે બોલાવવાનું કારણ પુછે છે, જેના જવાબમાં કહે છે કે, આ દરબારમાં આવેલી પેલી બાઇઓમાંની એકને પોતાની માતા અને એકને પોતાની ધણીઆણી છે, એવું, જણાવે છે, એ તદન જુઠી બનાવટ છે. માટે આપ એમનો ખરેખરો ઇનસાફ કરો.

સાખી-

કમળાવતી.

જગતનિતીની પરવા ન જરીએ, લાજ મુકાવી નાથે;
લાજ આબરૂ તજી છે પોતે, ઇનસાફ આપે ને હાથે,
જોઇ વિચારો મન સંગાથે,
બુદ્ધિ ગઇ દિસે શું આજે—જોઇ° વિ.

હવે કાશીથી આવેલી તેની સ્ત્રી લીલાવતીને સવાલ પુછતાં તેણે પોતાની સાસુ શ્રીમતીને સવાલનાં જવાબમાં સાથે રાખવા જણાવ્યું, જે ઉપર તે હાજર રહેલી શ્રીમતીએ પોતાનો દીકરો ગંગાદાસ છે અને જેને મેં મારા દુધનું પાન કરાવી નાનેથી મોટો

નીલમણી અર્કનું સરટીફીકેટ

મારી છોકરી નામે દોલતની આંખે ફુલું તથા નાશુર પડવાથી, સોજો ચડી લીંબુ જેવડી આંખ થયેલી તેમજ મસ્તકમાં ઝામરવાને લીધે સખત વેદના થતી હતી, ઘણા ડાકટરોનો ઇલાજ કરતાં આરામ થયો નહીં એવામાં વૈ. શા. મ. પા. ની એક મહીનો દવા કરવાથી, મારી દીકરીની જતા બેઠેલી આંખ તદન સારૂં થયાને આ વખતે ચાર વરસ થઇ ગયાં છે.

(સહી) બચુબાઇ મંચેરજી ભીમ

જીંદગીના ખરેખરા સ્થંભ નિરોગી રહેવાના હેતુ-નિંદ્રા-અને વ્યાધિ ઉત્પત્તિના કારણ નિંદ્રા.

જઠરાગ્નિની મંદતાથી અન્ન પાચન ન થવાથી ધાતુ દહન થાય છે, પાણી થોડું પીવાના સબબેથી લોહી (રક્ત) કમી થાય છે, અને ધાતુનું કમતી થવાથી ચક્ષુનું તેજ ઘટે છે, તેમજ નિંદ્રા નાશ થવાથી વ્યાધી ઉત્પન થાય છે, જેનો સિદ્ધાંત નીચેના શ્લોકથી સમજાશે.

ક્રોધો છે, તેને શું હું ભુલી જાઉં ? રાજા આવો સવાલ આપ, શું, પુછો, હું કદી સ્વપ્નામાં પણ ભુલી જાઉં એવો નથી, છતાં રાજાના માન્યામાં આવ્યું નહીં, અને રાજાએ કહ્યું કે, તમારા કહેવા શિવાય વિશેષ પુરાવાના દાખલા તમારી પાસે છે. ઉત્તર આપ્યો કે, આપના સમક્ષમાંજ આ ગંગાદાસ છે, તે શિવાય અત્રે બીજા પુરાવા હાજર નથી. પણ પરમેશ્વર સર્વજ્ઞ તે તો બધેજ હાજર છે.

હવે રાજા હીરાલાલની તરફ નજર કરે છે, એટલે હીરાલાલ રાજાનો હેતુ સમજી ગયો અને તરતજ કહે છે કે, મેં જે કહ્યું છે, તે, સત્ય છે. એમાં કાંઇ ન્યુનાધિક નથી.

રાજાએ હીરાલાલને કહ્યું કે, અત્રે તમારી યોગ્યતાને છાજતું, તેમજ અમારી સાથે રાખેલી સભ્યતાને ખાતર મેં ઘણુંજ નરમાશથી કામ લીધું છે. પરંતુ હવે તમો તમારી ભુલ સુધારવામાં વિચાર કરતા નથી તેને માટે ઘણાં સખત પગલાં ભરવા પડશે માટે આ બાબતો વિચાર કરો.

રાજાનાં આવા સખત વચન સાંભળી હીરાલાલ કહે છે કે, આપની સમક્ષ કદી પણ ખોટું ભાષણ કરી વિશ્વાસઘાત કર્યો નથી—અને ઇશ્વર કદી પણ વિશ્વાસઘાત કરવા વખત આપે નહીં, એવી મારી પ્રભુ પાસે પ્રાર્થના છે, એવી વિનંતી કરી કહે છે કે, હે, પ્રભુ.

સવૈયો.

માયા તણી કૃતિએ વિધિ નાંખી, કલંકી કર્યો જગ જાહેરજો;
કર્મ પરંતુ કદાપિ કંઇ, મુજ બાકી હશે તુમી ઉપરજો. ॥ ૧ ॥

श्लोक

निद्रायत्त सुखं दुःखं, पुष्टिकार्यं बलाबलम;
वृषताक्लिल बताज्ञानं, मज्ञानं जीवितंनचः ॥ १ ॥

સુખ અને દુઃખ, કૃશતા, બળ, નિર્બળતા, વિર્યવાન-પણું જ્ઞાન અને અજ્ઞાન એ સર્વ નિદ્રાના સ્વાધીનમાં છે, તે પ્રમાણે જીવતરનો આધાર અને જીવતરની હાની એ પણ નિદ્રાના સ્વાધીનમાં છે. માટે નિયમીતપણાની નિદ્રાનો ત્યાગ ન કરતાં આ જીંદગીના આધારભુત એક ખરો ખરો સ્થંભ નિદ્રા છે, એને સામાન્ય રીતે માન આપવું, તેથી તનદુરસ્તિ આબાદ સચવાય છે.

ઉપલા નીયમો તોડવાથી થતી હાની.

श्लोक

व्यायाम जागराध्वं, स्त्री, हास्य भास्या दिसाहसम्
गजं सिंहईवा कर्शन, भजनस्यः विनस्यति ॥ १ ॥

ઘણી કસરત કરનારા, ઉજાગરો કરનારા, ઘણો ક્રોધ કરનારા, અતી સ્ત્રી વિશે આશકત રહેનાર, અતી હાસ્ય ભાષણ કરનાર, ઉપર બતાવેલા વિષયોને તજી શકતા નથી, પરંતુ હાથીને ખેંચનાર સિંહની પેઠે નાશ

આ મનમાં રહી જે સ્વર્ગે હરી, મારૂં તે સત્ય સદા તરજો;
ત્યાં રહી આત્મ સ્વભાવ પ્રમાણુ, કલંક પ્રભુ હરજો હરજો. ॥ ૨ ॥

આ પ્રમાણે સહૃદય પ્રભુ પ્રત્યે પાર્થના કરી હીરાલાલ સ્તબ્ધ થઇ જઇ મુર્છા આવવાથી જમીન ઉપર ઢળી પડયો—આથી, રાજાના મનને અતિશય ખેદ થયો. એકાએક આવો બનાવ જોઇ બંને ધણીઆણી અને માતુશ્રીઓ તેની આગતા સ્વાગતા કરવા એક સરખા પ્રેમથી તેની પાસે આવી બેશતાં અત્રેના ભાગીરથી તથા કમળાએ, પરદેશથી આવેલાં છે તે શ્રમથી અને લીલાવતીને જરા દૂર બેસવા કહેવાથી તે તેમ કરતાં નથી. પણ મનમા અત્યંત દલગીર થઇ, અત્રે ગંગાદાસની પાસેજ એક સરખા પ્રેમથી બેશી પ્રભુ પ્રાર્થના કરે છે, પ્રભુની અકળીત માયાથી બંને જણે પૂર્વેથી ગોખી રાખ્યાં હોય તેમ એક શબ્દો એકીજ વખતે રચ્ચરે છે.

રાગ-પ્રેમનો કોલદીઓ રાજકુમાર.

વેગે આવો ઇશ્વર દીન દયાળ, નાંખી અમને સંસારી જાળ,
બેઠા કેમ નિશ્ચિંત મનથી કૃપાળ—વેગે આવો ઇશ્વર દીન દયાળ.
નાખી અમને સંસારી જાળ, વેગે—૧
તમો જાણો મમ સ્વાર્થ નથી પણ, કરો પર્મારથ કામ;
લાજ આબરૂ તમોને સોંપી, હમો રટું તુંજ નામ.
વેગે આવો ઇશ્વર દીન દયાળ, નાંખી અમને સંસારી જાળ વેગે—૨

હવે આ મુજબ ઉપલી બંને જણે પ્રાર્થના કરતાં હીરાલાલનું અંતઃકરણ ઉપલા મધુર અને મનોરંજક પ્રાર્થનાના શુરથી સાવધ થતાં પોતાના ધર્મ માતા બાઇ શ્રીમતીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી

પામે છે. તાત્પર્ય કે હાથ્થીનું કપોળ સ્થળ ફાડી તેની અંદરના મોતીનો ચારો ચરવા સિંહ શક્તિમાન થાય છે, પરંતુ હાથ્થીને પડયા પછી તેને એક તસુ પણ ખસેડવાની શક્તિ સિંહ ધરાવી શકતો નથી, તેજ પ્રમાણે ઉપર દર્શાવેલા વિષયો વિશે પણ ચોકસ સમજવું.

જઠરાગ્નિમાં પાચન થતા ચાર આહાર નામ.

ભક્ષ્ય, ભોજ્ય, અવલેહ્ય બે, ચોષ્પ ચતુર્વિધ આહાર;
હરિ, જઠરાનલ, રૂપ કરી, પચવત સબ સંસાર.

ખોરાક–કાચું–અન્ન–ઘી–દુધ–તેલ–કાષ્ટૌષધી
રસ–ધાતુ–આસવ–મધ–ગોળ–ખાંડ
વિગેરે નિર્વિકારી રહેવાની મુદત.

વારંવાર પગે લાગે છે. તેમજ તેની સાથે બેઠેલી પોતાની સ્ત્રી લીલાવતી તેમને પણ વારંવાર શાંતવન આપે છે.

હવે ઉપલા તમામ હેવાલનો વિચાર કરતાં રાજા મધુસુદન આ બાબતનો વિચાર કરે છે કે, આનો ઇનસાફ કેમ કરવો અને સત્યનું સોધન કેમ અને કેવી રીતે કરવું, તેના અગાધ વિચારમાં પડી પોતાના મુખ્ય અને હોશીઆર કારભારી વર્ગો તેમજ વિદ્વદજનોને આ કાર્યમાં કોઇ પણ યોજના અત્રે ફળીભુત થતી હોય તો તે કરવામાં મારા તરફથી દરેક રીતે છુટ છે, એમ કહ્યું.

આવા ઉપલા બનાવ માટે રાજા મધુસુદન તથા આખા આકેરલ શેહેરની તમામ પ્રજા લાચાર થઇ આ બાબતમાં ગમગીન થતાં, હીરાલાલને શું થયું હશે, એવા વિચારથી દરેકના ચેહેરા ઉપર દિલગીરી અને શોકનું વાદળ ઘેરાઇ ગયું છે અને કોઇને કાંઇ પણ સુજ પડતી નથી.

શ્રી હરીની માયા ચમત્કારથી હવે આ ગુચવાડો છેલ્લો નીકાલ લાવે છે.

રસ—૬.

પ્રકરણ ૬ઠું.

હૃષીકેશ ભગવાન તથા લક્ષ્મીજીના સંવાદનું હર્ષ પદ અંતિમ.

હવે ભગવાન અને લક્ષ્મિજી અંતઃરિક્ષમાં વિચાર કરે છે, કે આપણે સત્વર જઇ ચમત્કાર બતાવી તેનાથી ઘેરાયલાનાં મનનું સમાધાન

ખોરાકમાં વપરાતી ચીજો

રાંધેલું અન્ન	૪ કલાક	તેલ	૨ મહીના
દુધ	૬ કલાક	સરસીયું તેલ	૧ મહીના
દહીં	૨૪ કલાક	કાચું અનાજ	૧૮ મહીના
સાકભાજી	૮ કલાક	મધ	૧ વર્ષ
રોટલા રોટલી	૨ દીવસ	ગોળ	૨ વર્ષ
તળેલી ચીજ	૩ થી ૫ દીવસ	ખાંડ	૧૧ વર્ષ
ઘી	૧ મહીનો		

ઔષધીઓમાં વપરાતી ચીજો.

કાષ્ટૌષધી	૧ વર્ષ	પાક ગુટીકા અથાણા	૨ વર્ષ
ચુર્ણ	૨ માસ	ધાતુ ભસ્મ આસવ જુના	
તેજાના સાચવણીએ	૨ વર્ષ	થાય તેમ ગુણમાં વધે છે.	

ઉપલી ચીજો દર્શાવેલી મુદત પછીથી હિન વિર્ય થઇ તત્વોમાં ઘટે છે, વસ્તુ અગણીત છે. જેમ.

દુહો—લહી ન અંત આકાશ કળી ચિંતામણ ન મોલ્ય;
સંખ્યા નાહી જીવકી ઐશી વસ્તુ અતોલ્ય.

કરીએ એમ ધારી લક્ષ્મિ સહ વર્તમાન અંતરિક્ષમાંથી નીચે ઊતરે છે. ત્યાં પોતે પુર્વે લીધેલા ભિક્ષુક બ્રાહ્મણ અને તેની ધણીઆણીના રૂપમાં, તેની તરફ ટેહેલ નાખતા નાખતા આવે છે.

લાખો માણસોની ઠઠ જ્યાં જમા છે, દરબારમાં જવાનો તો શું, પણ ત્યાંના નજદીકના ભાગોમાંથી જવાના માર્ગો લોકોના સમૂહથી બેરાઇ ગયા છે. જ્યાં હજારો માણસોનો દરબાર ગમગીન થઇ બેઠોછે. ત્યાં આવી હીરાલાલની પાસેજ ભિક્ષા માગેછે. કે ભાઇ હમો પાંચ દીવસના ભુખ્યા છઇએ, માટે હમોને ભિક્ષા આપો તમારા સીધાની રસોઇ કરી ભોજન કરીશું. એમ કહી કહે છે, કે.

સાખી.

ભગવાન—જોગી કે વેરાગી સમજે, પણ અવસર નહીં ચુકે;
ભક્ત જનોની ભીડ ભાગવા, ભગવત આગળ ઝુકે.
દયા ધરી, ભિક્ષા ભિક્ષા, હમોને ભિક્ષા દીજે. ૧

આવી રીતીના ભિક્ષુક બ્રાહ્મણના વચન હીરાલાલના કાનમાં જતાં પોતાના આશન ઉપરથી ઉભા થઇ, આમ તેમ નજર કરતાં જે દરબારની અંદર ઘણે છેટે ભીક્ષા માંગી રહ્યા છે. તેની પાસે જઇ જોયું તો પેલાજ ભીક્ષુક બ્રાહ્મણ તથા તેની ધણીઆણી કે, જેને પુર્વે ભિક્ષા આપી હતી એજ રૂપ છે. એ જોતાંજ તેમની પાસે એકદમ જઇ, દંડવત્ પ્રણામ કરી વારંવાર પગે લાગતો લાગતો પોતાની સાથે આદર સનમાન સહીત તેડી લાવી પોતાના દરબારની બેઠક ઉપર આગ્રહ કરી તેમને બેસાડે છે, હવે આ જગ્યાના બેઠક હીરાલાલને આપનાર આ જગનિયંતા

હજારપુટી અભ્રક ભસ્મ

આ અભ્રક ભસ્મ પાંચ વર્ષે તૈયાર થાય છે, તેવી રીતે તે ગુણ પણ આપવા શક્તિ ધરાવે છે, ભસ્મમાંથી રતી ૧થી ૩, પ્રમાણે ઘી અને શાકેરમાં લેવાથી, દમ હાફણ અને ક્ષય, રાજ્ય ક્ષમા, ધાતુગત જવર, ઉદર પીડા, રાજ્યરોગ વિગેરે ઉપર અકસીર છે. પરેજી, તેલ, મરચાં, વાલ, વટાણાં, કેળાં વિગેરે ખાવું નહીં.

કીંમત તોલા ૧ના રૂા. ૩૫

ક્ષયનું સરટીફીકેટ

મને પોતાને ક્ષય રોગ ઘણી લાંબી મુદતથી લાગુ પડેલો જેને માટે મેં વડતાલ, મુંબાઇ, ગઢડા, અમદાવાદ વિગેરે સ્થળોમાં દવા કરવા છતાં દરેકે મારી આશા મુકાવી હતી. છેવટમાં સુરત લાવ્યા બાદ, પણ ઘણી દવાઇઓ કરી, છતાં બે ત્રણ દીવસમાં દેહ છુટી પડશે. એવામાં મારી છેલ્લી ઘડીએ વૈ. શા. મ. પા. ની દવા લેતાં પેહલેજ દિવસે મને ફાયદો જણાતાં એમની ચમત્કારી દવાથી એક મહીનામાં તદન વ્યાધીથી મુક્ત થયા બાદ ત્રણ વર્ષે આ સરટીફીકેટ લખી આપ્યું છે.

(સહી)મહંત બ્રહ્મચારી પુર્ણાનંદજી

મુ. સ્વામીનારાયણના મંદીરમાં સુરત.

પોતેજ છે. તેમને બેથાડી આજીજી કરે છે કે, માહારાજ હમણાં ભિક્ષા રજુ કરૂં છું.

હીરાલાલ મેહલ તરફ ભિક્ષા લેવા એકદમ બીજા માણસો સાથે જાય છે, તેવાજ માહારાજ બોલી ઉઠયા કે, ભાઇ પાછા આવો કારણ કે મારી ભિક્ષાની માગણી ઘણી કીમતી છે. પાછા આવી નમ્રતાપુર્વક, હીરાલાલ કહે છે કે, માહારાજ આ, મારી તમામ મીલ્કત અને તેની સાથે આ મારો દેહ પણ આપવા તૈયાર છું. તો પછી ગમે તેવી કીમતી ભિક્ષાનો સવાલ કયાં રહ્યો આજ્ઞા કરો એટલે તે પ્રમાણે આપનીજ કૃપાથી સર્વ તૈયાર છે.

હવે આ પ્રસંગે હીરાલાલ તેમજ તે શિવાય દરેક દરબારી જનોની ભાવના ઉપર પ્રભુ પ્રેરણા એકજ પ્રકારની હોયજ નહીં એ સ્વાભાવિક છે, જેથી આ દરબારના દરબારીઓએ તથા શેહેરના અન્ય માણસોએ, અત્રે ભિક્ષાર્થે આવ્યા છે, તેમની સાથે વાતચીત કરતાં જાણે મધુસુદન રાજા તથા બંને માતુશ્રીઓ તેમજ બંને ધણીઆણી વીગેરે કોઇના પણ દરકાર નથી એવી જેના મગજની સ્થિતિ બગડી ગઇ છે. માટે હવે અત્રેથી ભિક્ષુક કયારે જાય કે, દરબાર પોતાનું અધુરું રહેલું કાર્ય પાછું આગળ ચાલુ કરે. એવી એવી માંહોમાહે ચર્ચા ચાલેછે, જે ઉપર જગતનિયંતા પરમાત્માની સચરાચર દ્રષ્ટિ સ્થિત છે.

આપણી તરફ ખુદ રાજા મધુસુદન તથા હીરાલાલની બંને માતુશ્રી તેમજ સ્ત્રીઓ તરફથી વીચાર થાય છે કે, હીરાલાલનું મગજ જે ઉદાશી, વીચારની સ્તબ્ધતા વાળું અને આગળ જેટલું ચીંતાતુર નથી એવો ભાશ આ ભીક્ષુક બ્રાહ્મણ અને તેની ધણી

રંગના ટુચકા છે. રાગ,

।। રંગો તણા ટુચકા અલૌકિક, સોધ્યા કુંડા કાંઇ નવ જડે;
।। રંગોના કુંડા શોધતાં, બે રંગી વાહળ થઇ પડે૦—૧.

ગુણીજન એક વખત ગુણ કરે છે.

।। ગુણીજન કરે છે ગુણ એ કદી, હરદમ સોધ્યો નવ જડે;
।। હરદમ ગુણને શોધતાં, અવગુણ મનમાં થઈ પડે.—૧

સિંહણ એક બચ્ચું જણે છે.

।। સિંહણ જણે છે એક બચ્ચું, સિંહ રૂપ વખણાય છે;
।। વન તણો રાજા બની, વનરાજ કેશરિ થાય છે.—૧

ઉપલી કડી લખવાનો હેતુ માણસ એકજ વખત ગુણ કરે છે, તેને ભુલી ન જતાં; કરેલા ગુણને માટે આભારી રહેવામાંજ દરદીનું કલ્યાણ સમાયલું છે. રંગના ટુચકા હોય છે, સિંહણ એકજ બચ્ચું જણે છે. પણ તે આખા વનનો રાજા ગણાય છે.

તેવીજ રીતે નીચલી કેશરીસિંહ ગોળી એકજ વખત વાપરવાથી પોતાનો ગુણ તાત્કાળીક દર્શાવે છે.

આણીના કદમથી લાગે છે. એ કારણ આપણા ઉપર આવી પરેલ દુઃખ રૂપી વાદળનો ઘેરાવો દૂર થવાનાં સબળ કારણો સારા સુકન સુચવે છે, માટે ગમે તે રીતે એમના મનની આનંદ વૃત્તિમાં વધારો થાય તે થવા દેવા માટે તેઓ તરફથી મનમાં સ્થીર થાય છે.

હવે આવી રીતે સ્થિરતા પ્રાપ્ત થવાથી હીરાલાલ તથા આવેલા બ્રાહ્મણ તરફ સઘળાની મનોવૃત્તી અટકી રહી છે કે એ ઓ આગળ શું કરવા માગે છે,। અત્રે હીરાલાલને માહારાજે પાછા બોલાવી કીમતી ભિક્ષા લેવી છે, એવી માગણી કરવાથી પાછો આવી ઉભો છે. અને કહે છે કે, આજ્ઞા પ્રમાણે આ શેવક તૈયાર છે એવી પ્રાર્થના કરે છે.

પરમાત્મા લક્ષ્મિ સહવર્તમાન આવી બીરાજમાન થએલા છે, તેઓએ પોતાના આશન ઉપરથી ઉભા થઇ કહ્યું કે, મારે હીરાલાલ પાસે જે અમુલ્ય સિધુ લેવું છે,જે આપવાને પણ મારી માગણી મુજબ તૈયાર છે. પરંતુ તે લઇ મારે અત્રેથી મુગે મોહોડે ચાલ્યા જવું, એ વાત ઉચિત ગણાય નહી, કારણ કે મારા ધારવા પ્રમાણે ટુંક સમયની એનાં જ્ઞાનની થએલી સંપ્રાપ્તિ:માટે અત્રે બેઠેલા સર્વ દરબારીઓ તથા પ્રજા સન્મુખ આ હીરાલાલ માટે જણાવવું જોઇએ કે, એઓ ભિક્ષા આપવામાં સદ્‌ભાવનાથી અધાળુ છે. એવી કિર્તી સાંભળવાથી અત્રે મારૂં એમની પાસે આવવું થયું છે. મારા ધારવા પ્રમાણે અત્રે રાજ્ય દરબારમાં તેમજ રાજ્ય કુટુંબ વીગેરેમા એમને માટે ચલાવેલી ચર્ચા માટે વિચાર કરનારા કેવળ અજ્ઞાન છે, કારણકે.

ઉપદંશ-વિસ્ફોટક ઉપર

કેશરિસિંહ ગોળી,

વિસ્ફોટક ઉપદંશ, વિશ જાતના પ્રમેહ, મુખટાંકી, ચાંદી, મુત્ર કચ્છ, વિગેરે સ્ત્રી તથા પુરૂષોનાં ગુપ્ત દરદોને ૧થી ૩ દિવસમાં આરામ કરવાનો અનુભવ સીદ્ધ ગુણ ધરાવે છે. ગોળી ૩૨ના રૂ. ૫

તા. ક. થી જણાવવામાં આવે છે કે, ગરીબ માણસ પાસે ઉપલી કીંમત લેવામાં આવશે નહીં.

સરટીફીકેટ

વૈ. શા. પ્ર. પા. ને લખી મોકલવામાં આવે છે કે, એમની કેશરીસીંહ ગોળી ગરમીના તમામ રોગો ઉપર ગુણ આપનારી છે. જે વિશે હમારા જાતી અનુભવની ખાતરી છે. માટે દરેક વિસ્ફોટક, પ્રમેહ, ચાંદી, અને ટાંકી ઉપર એમની ઉપલી ગોળી અજમાવવાથી દરદી પોતાના દરદથી મુક્ત થશે.

સહી) એમ, એચ, મરચંન્ટ

પ્રુન્સ વિક્ટરેસ, કેસીંગટન, ડબલ્યુ, લંડન.

રાગ—જ્ઞાનોપદેશકનો

અધિક ગુણ કયા કયા ગણીએ;
જીવ્યું સફળ કોનું ગણીએ, અધિક,
ગરીબ જનો પર મેહેર કરે, સુર તરૂવર સમ જેહ;
દયા ધર્મ ગુણવંતો પોતે, નમ્ર હીરો છે એહ, અધિક અધિક—૧
સજન સાથે જાણે કુટુંબી, જન સમકર તો નેહ;
વિનયી જનોને દર્પણ રૂપ છે, શિલ સમુદ્રવત એહ. અધિક-૨
પૂર્ણ પરાક્રમ કસવાની છે, ખરી કસોટી એહ,
સદાચરણી વખણાયો જગમાં, ગુણ વિાધ ગંભિર જેહ. અધિક—૩
પરમ ઊદાર સ્વભાવ ચતુરવર, નરમાં નર છે જેહ;
અવર નરો તો નિર્જીવ છે પણ, ખરૂં જીવ્યો નર તેહ—અધિક—૪
વૈધશાસ્ત્રી મણિશંકર કહે છે, શુદ્ધ મનોત્સવ જેહ;
પરમાત્મા સૌ રક્ષણ કરશે, સત્ય હરિનું જેહ;
અધિક ગુણ કયા કયા ગણીએ,
જીવ્યું સફળ તે કોનું ગણીએ અધિક-૫

આ મુજબ હીરાલાલના ગુણાનુવાદનાં વર્ણન સાંભળી દરેકને થએલા અનુભવથી વાત ખરી છે, જેથી એમ ધારવામાં આવે છે કે, આ માહારાજ કોઇ ભિક્ષુક નથી, પણ ઘણી ઉંચી પંક્તિનું જ્ઞાન ધરાવનાર વિદ્વજન છે. આવી એક સરખી ભાવનાથી રાજા મધુસુદને પોતાના તખ્ત ઉપરથી ઉતરી પડી સાક્ષાત ભગવાન જે અત્રે ભિક્ષુક થઈ પધારેલા છે. તેમનાં ચર્ણાવિંદમાં શાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી નમ્રતા સાથે પ્રાર્થના કરે છે કે, હીરાલાલના ઉપર ગુજરેલા લૌકિક નહીં પરંતુ અલૌકિક માયાની

સરટીફીકેટ

આવા ખરેખરા સરટીફીકેટ ઉપર લક્ષ આપવાથી પોતાના દરદથી મુક્ત થવા માટે હું નીચે સહી કરનાર જણાવું છું કે, મને સખત અને ભયંકર ગરમીનો રોગ થતાં દવા કરી કંટાળી ગયો હતો, છેવટ કેટલાએક ડાક-ટરોનો મત લેતાં ધાસ્તિ બતાવી હતી. કે, તેમજ મેં મારા જીવીતની આશા છોડી દીધી હતી, એવામાં વૈ. શા. મ. પા. ની કેશરી ગોળીનો ઉપયોગ કરતાં મને ચમત-કારી રીતે પેહેલેજ દીવસે ફાયદો જણાયો, અને લાંબા વખતની ગએલી ઉંઘ સારી રીતે આવી અઇ તેમજ દશ પંદર દીવસમાં વિના વાહાડકાપ અને મોંહોડુ આપ્યા શિવાય આવા ભયંકર વ્યાધીથી, તદન સારો કર્યો છે.

(સહી) દેશાઇ રણછોડજી નારણજી

ફાયર એન્ડ ટીંબર વુડ મરચન્ટ—વરીઆવ.

આખી પૃથ્વિમાં હલકામાં હલકો ખોરાક શું—દુધ—છે.

સામાન્ય ગુણ—દૂધ શિરાઓને સુદ્ધિ કરનારૂં છે, તેમજ બળ આપનારૂ ત્રીદોષને સમાવનારૂં, પૌષ્ટિક અને જઠરાગ્નિ પ્રદિપ્ત કરનારૂં છે. જેનો સિદ્ધાંત.

શું રચના છે. જેને માટે વિચાર શક્તિ તેમજ કાયદા કાનુંન વિગેરેથી પણ હમો એ વિશેનો નિર્ણય કરવા શક્તિમાન નથી, માટે આપ કૃપા કરી હમોને મદદ કરો, એમ કહી આજીજી સાથે પોતાના ઉંચી કીસમના મણી રત્ન જડીત સિંહાસન ઉપર આગ્રહ પુર્વક બીરાજવા પ્રાર્થના કરી

ઉપર મુજબ પ્રાર્થના થતાં ભગવાન તથા લક્ષ્મિજી સિંહાસન ઉપર સાથે બીરાજયા.

તેઓ સર્વને કહે છે કે, હે, રાજા મધુસુદન તમોને તેમજ તમારી અત્રેની સર્વ પ્રજાને મેં, જે, ઉપર દર્શાવેલા વર્ણનો કહ્યા છે, તે ઉપરાંત વિશેષ ધ્યાન ખેચું છું. પ્રથમ દરેક કાર્યની સિદ્ધિ માટે, અભિમાનનો ત્યાગ કરવાથી કર્તવ્યનું ફળ સચવાય છે. જેમ

રાગ–શું કહું કથની મારી રાજ–શું કહું.

અભીમાન ધરે શા માટે, રામ
આવ્યા સૌ એકજ વાટે–અભીમાન.
ખરીખોટી મોટાઇ કરે જે, નીજ સ્વરૂપ નવ જાણે,
ખોટો ખેલ બેલ મેલી દે, આખર એમ ન ખાટે, રામ.
અભિમાન ધરે શા માટે,–આવ્યા સૌ—
આડ ધડે ધાયો શું અંધા, ધન યૌવનને કાંટે;
અંતે સૌની એક દશા છે, દાહ કરે કે ડાટે. રામ
અભિમાન ધરે શા માટે–આવ્યા સૌ—૧
સુતદારા બારામાં સુતો, ગોથા ખાય ઝપાટે;
ધામ ધરાદિક વૈભવમાંથી, ઝડપે કાળ ઝપાટે, રામ
અભિમાન ધરે શા માટે–આવ્યા સૌ—૨

શ્લોક

तद्वपुलंगजनोप्ततं, प्लुष्टं वनमिवाग्निनाः
दिव्यांबु जीवयेतस्य, ज्वरंचासुनिच्छ छतिः ॥ १ ॥

ભાવાર્થ—શરિર કોઇ પણ ખોરાક લેવા અશક્ત થઇ ગયું હોય, અને જવરાદિક નિર્બળતાથી કોઇ પણ ખોરાક પાચન થઇ શકતો નથી, તેને માટે દૂધ જેવો હલકો ખોરાક બીજો કોઈ પણ નથી, જેમ સૂર્યના અતી તાપ પડવાથી તમામ વનસ્પતિઓ સુકાઇ જાય છે. તે મેઘ (વરસાદના) દિવ્ય જળથી પાછી લીલી કુંજાર જેવી થઈ ખીલેલી માલમ પડે છે.

તાત્પર્ય કે કેટલાએકની સમજુતી રોગ પરત્વે દૂધ આપવા આચકો ખવાય છે, તેમજ અંગ્રેજી દવાઓ ઉપરજ વપરાય છે. પરંતુ એ માનવું તથા સમજવું, એ દૂધના ગુણ દોષથી અજાણ્યા હોવાનું મુખ્ય કારણ છે.

છાતીના રોગ (હાર્ટડીઝીસ ઉપર)

કનક પ્રભા નં૦ ૨

આ ગોળી સવાર સાંજ બે વખતે બબ્બે ગોળી ઘી તોલો ૧, શાકેર તોલો ૦ા માં મેળવી લેવાથી વીશ મિનિટમાં

નીતિ ન્યાય પુણ્યમાં પ્રીતિ,શમ, દમ, કર શિર સાટે,
મણી અંતરમાં રાખ્ય હરીને, જન્મ મરણ ખત ફાટે રામ
અભિમાન ધરે શા માટે–આવ્યા સૌ–૩
ભાઇ ભરોસે ક્યાંજ બેઠો, મેલ બધું મમતાનું.
સુત સેવક સંબંધી સ્વાર્થી, સું કરી આને સારૂં, રામ.
અભિમાન ધરે શા માટે–આવ્યા સૌ–૪
ધન ચોતને ધામ ધરાદિક, જોતાં સર્વ જનારૂં,
અનુભવ છે તો પણ ઉંઘે છે, એજ માહા અંધારૂં.રામ
અભિમાન ધરે શા માટે–આવ્યા સૌ.–૫
જેનાપર આધાર બધો છે, તે તન આ પડનારૂં;
બળમાંથી બંધાઇ રહ્યા છે. ગાજે મોત નગારૂં રામ
અભીમાન ધરે શા માટે–આવ્યા સૌ,–૬
હાથ પસારી સર્વ જવાનું, સમજી જા સંભારૂં;
સાચું હરિપદ એક સરણ છે, પ્રાણ થકી કર પ્યારૂં રામ
અભીમાન ધરે શા માટે–આવ્યા સૌ.–૭

ઉપર પ્રમાણેના અભીમાન નિરક્તના બોધદાઇ વચનથી સર્વ વારંવાર પ્રાર્થના કરી કહે છે, કે, મહારાજ હમોને ન્યાય આપો.

હવે આ ન્યાય પરમાત્મા પોતેજ કરવાના છે. છતાં પોતાના રૂપને બાહાર ન પાડતા બ્રાહ્મણરૂપે કર્તવ્ય કરવું છે. માટે કહે છે કે, હે રાજા મધુસુદન તથા સર્વ પ્રજાને કહું છું કે હવે આપણે જે હીરાલાલના ન્યાય માટે, મને અને મારા ઉપર રાખેલા ભરોશા માટે, આગ્રહ પૂર્વક ફરજ નાખો છો તે કારણ માટે ન્યાય આપવા મારી પાસે એક ફક્ત એકાક્ષર મંત્ર છે જે હીરાલાલના

છાતીના દરદને તેમજ ક્ષય અને ખાંસીને આરામ કરે છે. ગોળી ૩૨ નો રૂા. ૧

હું કસમજ–કુપીત કીંવા વિકાર યુકત થએલા, વાત પિત્તાદિ દોષો હ્રદયમાં રહેલા રસને (બોગાડી) હ્રદયમાં જે ઘણીજ તીવ્ર પીડા કરે છે. તેને ઉપલો રોગ કહે છે.

હાર્ટડીઝીસની દવાનું સરટીફીકેટ.

દેશી વૈદ્ય તરીકે વૈ. શા. મ. પા. ની કુશળતા માટે સરટીફીકેટ આપવાની ખુશી થાય છે કે, મારી ધ-ણીઆણીને હાર્ટડીઝીસના દરદની સખત બેમારી હતી, તે રોગ એમની ઉપલી દવાથી સારો થયો છે, તેમજ મારા છોકરાને ઘણો ગંભીર પ્રકારનો તાવ હતો, જેને માટે ઘણા ઉપાયો કીધા હતા પરંતુ તે મટયો નહોતો, તે એમની દવા કરવાથી ટુંક વખતમાં ફાયદા થઈ આરામ થઈ ગયો છે.

(સહી) કલ્યાણજી પરાગજી બેરીસ્ટર એટલો

મુકામ, સુરત.

કાનમાં એકાંતમાં કહેવો પડશે. માટે એકાંત મેહેલ તૈયાર કરાવો એટલે હમો તેમાં, એવો મંત્રોપદેશ કરીશું કે, જેથી એના મનમાં થયેલી જુદી ભ્રમણા રૂપી ભ્રાંતી દૂર થઇ સત્યતા પ્રાપ્ત થશે.

સમગ્ર પ્રજા અને રાજા તરફથી પ્રાર્થના થતાં હીરાલાલ જે શાંતતાથી અને એકાગ્રતાથી પરમાત્માના ચર્ણ કમલનું ચિંતન કરે છે. તેને લઇ ભગવાન લક્ષ્મિ સહ વર્તમાન એકાંત મેહેલમાં પધાર્યા મેહેલનાં એક ખંડમાં જઇ તેનાં બારી બારણાં વિગેરે બંધ કરાવી પોતાની માયા તે ઉપરથી ફેરવી ભગવાને લક્ષ્મિજી સહવર્તમાન પોતનાં ચતુર્ભુજ શાક્ષાત સ્વરૂપના દર્શણ આપ્યાં આ સમયે હીરાલાલ પ્રભુના ચર્ણારવિંદમાં નમી પડી. વારંવાર દંડવત્ પ્રણામ કરી કહે છે કે, મુજ રંક દાસને માટે અતુલ્ય શ્રમ તથા અનેક માયા રચી મુજને કૃતાર્થ કર્યો છે. જેને માટે વારવાર ક્ષમા માગું છું એવી અનેક રીતે પ્રાર્થના કરી વારંવાર નમન કરે છે. તેમાંથી મસ્તક ઉપર હાથ મુકી સાવધ કરી માયા ફેરવી એટલે અસલ બ્રાહ્મણરૂપમાંજ ઉભય દેખાયાં.

પછી હીરાલાલને કહે છે કે. તારી બંને માતુશ્રીઓને તથા બંને બાઇઓને અત્રે તેડી લાવ.

ઉપર મુજબ કહેવાથી હીરાલાલ પોતાની બંને માતા તથા પોતાની બંને સ્ત્રીઓ તે જ્યાં બેઠેલા છે, ત્યાં જઇ તેઓને યોગ્ય આદરમાન આપી તેડી જાયછે ત્યાં હર્ષના પોકારો અને હુરરેના અવાજો થઇ રહ્યા છે, તેમાંથી પેલા મેહેલના એકાંત ખંડમાં લઇ ગયો એટલેપ્રભુ માયાથી આપો આપ બધાં દ્વારબંધ થઇ જતાં ત્યાં નવે ‌

સરટીફીકેટ

મારી છોકરી નામે દેવીબાઈ કે જેની ઉમર લગભગ સતર અરાડ વર્ષની હતી, જેને બે ત્રણ વર્ષથી, હાર્ટ ડીઝીસ છાતીનું દરદ તેમજ લીવરનું દરદ થવાથી, હમો એની, મુંબાઇ–મદ્રાસ–પુનાસતારા–કલકત્તા વિગેરે સ્થળોએ અંગ્રેજી તેમજ દેશી દવાઓ કરી છેવટના ઇલાજ થએલા કારણ કે જે ખોરાક ખાવામાં આવે તે મહા મેહેનતે એકજ તરફથી પસાર થઇ કાંઇક જીવીતની હયાતી રહેતી હતી એવામાં વૈ. શા. મ. પા. ને સુરતથી મુંબાઈ બોલાવી એમની દવા કરવાથી ઉપલા બંને દરદો તદન સારા થઇ ગયા છે. એવા બે કેશો એમણે હમારા ઘરમાં સારા કર્યા છે. જેને બે વર્ષ વિત્યા બાદ આ સર્ટીફીકેટ લખી મોકલવામાં આવ્યું છે.

(સહી) મીસીસ સુંદરબાઇ મગળુરકર

સ. મ. સ્કુ. હે. મીસ્ટ્રીસ, ગીરગામ, મુંબાઇ.

કોહોળાના ગુણ

वा. सु. श्लोक अ. छ.

वल्लीफळा नाम प्रवरं, कुष्मांड वातपित्तजीत;

वस्ति सुद्ध करं वृष्य.

ઉદય થતાં તેજોમય પ્રકાશ થઇ રહ્યો અને સાક્ષાત પરમાત્મા સ્વરૂપ લક્ષ્મિ સહવર્તમાન ચતુર્ભુજમાં શંખ, ચક્ર, ગદા પદ્મ, આયુધો ધારણ કરેલા છે. એવા દરશણ થતાં સઘળાં પરમાત્માના ચરણમાં નમન કરી વારંવાર પ્રાર્થના કરે છે, તેને શાંતવન આપી કહે છે કે, આ મારીજ માયાછે અને તેથી આ બનાવ બનેલો છે, માટે તમો ધીરજ અને શાન્તિ રાખજો, કાશીથી આવેલા ગંગાદાસની મા તથા ધણી આણીને કહ્યું કે, તમોને તમારો ગંગાદાસ અપાવીશ, તે લઇ તમો સુખેથી જજો તેમજ અત્રે હીરાલાલની મા તથા સ્ત્રીને કહ્યુ કે. તમોને તમારો હીરાલાલ અહેજ છે માટે તેને રાખી સુખી થજો એમ કહી પોતાની માયા ફેરવી.

ત્યાંથી બ્રાહ્મણ રૂપમાં ઉઠી ઉભા થઇ હીરાલાલ વિગેરેને લઇ દરબારમાં આવ્યા જ્યાં રાજા મધુસુદન તથા આખા કેરલ દેશની પ્રજા તેમજ આસપાસના લોકો આવેલા બ્રાહ્મણ ન્યાય કેવી રીતે ચુકવે છે. તે જોવા માટે લાખો તો શું, પણ કરોડો માણસની સંખ્યા આ કેરલ દેશમાં ભેગી મળી છે.

હવે દરબારબારમાં આવ્યા બાદ ભગવાને રાજા મધુસુદનને કહ્યું કે, ન્યાય ચુકાવવા માટે મારા કહેવા પ્રમાણે યોજના કરવી પડશે, જે યોજના નીચે પ્રમાણે છે. તે, એ, કે, દરબારમાંથી જે મંડપ બાંધવો તે શેહેરના દરવાજા લગોલગ પૂર્વ દિશામાં તૈયાર કરાવવો. તેમજ એકેક રથને ચાર, ચાર, ઘોડા જોડેલા એવા બે રથ તૈયાર કરાવી હાજર રાખો તે પછી આગળ શું કરવું તેનો વિચાર કરીશું.

ભાવાર્થ—વેલાના ફળોમાં ઉત્તમ ફળ કોહોળાનું છે. તે વાયુ તથા પિત્તને હરનારૂં છે. મુત્ર સ્થાનને સુદ્ધ કરનારૂં, અને વિર્યજનક છે.

કોહોલું ગર્ભાશયને સુધારે છે. નષ્ટાર્તવ, અત્યાર્તવમાં ઉપયોગી છે. ગમે તે રૂતુમાં ગમે તેવા વ્યાધીમાં કોહોળું ખાવાથી નુકશાન થતું નથી. પણ યાદ રાખવું કે कुष्मांण्ड कांमळ विषं કુંમળું કોળુ વાપરવું નહીં, પણ પાકકું વાપરવાથી જાતી અનુભવછે, પુષ્ટિ માર્ગના મંદીરોમાં અપવાસના દીવસોમાં તે વપરાય છે, તેમજ બીજા અંગ્રેજી મતમાં પણ એ વાપરાવાની (બાધ નથી,) એના ગુણ વધારે દર્શાવવામાં આવે છે કે, તંબોળીઆક્ષયમાં ફાયદો કરે છે, છાતીની ચાંદી રૂજવે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. હાર્ટ ડીઝીસ ઉપર અપાય છે, રકતાપત, કોડને ફાયદો કરે છે. એવો મારો જાતી અનુભવ છે. જેની ખાત્રી માટે અત્રે જણાવવામાં આવે છે કે, ડા૦ વીરજી જીણા રાવલ, એલ, એમ, એન્ડ, એસ, ખંભાળીઆ ડીસ્પેન્સરીના ડાકટરનો મત તેમના બનાવેલા—આર્ય ઔષધ—નામના પુસ્તકમાં પાને ૧૫૧ મે જોવાથી, માલમ પડશે કે એ ઉપર ઉપર બતાવેલા મતોને સંપૂર્ણ મળતા છે.

આ મુજબ ભગવાનના કહેવા પ્રમાણે રાજા મધુસુદને વરદી આપતાં સેંકડો માણસો તરફથી મંડપના કામ સર્વે વરદી પ્રમાણે તૈયાર થઇ ગયાં, દરબારી મંડપની સુશોભિત અલૌકિક રચનાઓથી શણગારેલા અંતર મંડપો જગ્યા જગ્યાએ મનને આનંદ આપી રહ્યા છે. જેમાં એકેકા સ્થંભોમાં કોતરેલી દેવતાઇ મૂર્ત્તિઓ બીરાજી રહી છે. તેમજ સ્થંભો જે સામા સામી આવી રહ્યા છે, તેના ઉપર તોરણ રૂપે હિરા, સ્ફટિક, અને મોતી નીલમની ઝુલો ઝુલતી આવી રહી છે. ઠેર ઠેર અપ્સરાઓના નૃત્યો થઇ રહ્યા છે. તેમજ જમીન ઉપર પાથરેલા ગાલીચા ઉપર એવો ભાસ આપે છે કે જાણે નિર્મળ જળના ઝરણો સમુદ્રના તરંગોની પેઠે, સુશોભિત રીતે વહન થઇ રહ્યા છે, તેમજ મંડપની આસપાસ નજર ફેલાવતાં દેવતાઇ કીસમના કયારામાં ગોઠવેલા સોનેરી અને રૂપેરી રંગના કુંડામાં દેવતાઇ વૃક્ષો શોભી રહ્યા છે, જેમાથી સુગંધીયુક્ત પુષ્પોની લતાઓ ખીલી રહી છે. મંડપની આસપાસની દીવાલની જગ્યાએ અનેક કલ્પવૃક્ષો અને મહેંદ્ર પર્વતના માહાન શીખરો રંગબેરંગી ચીત્રોથી જોનારના મનને આનંદ પ્રાપ્ત થાય, એવી અલૌકિક રચના ઠેઠ કેરલ દેશના દરવાજા લગી રાજા મધુસુદને તૈયાર કરાવી. તેમજ દેવતાઇ કીશમના બે એક સરખા રથોને દેવતાઇ કલંકી અવતાર રૂપ શણગારેલા ચાર ચાર ઘોડા એકેકા રથને જોડી અત્રે માહારાજની સમક્ષ રજુ કર્યાં.

હવે ભગવાન લક્ષ્મિ સહવર્તમાન તેમણે પોતાના કહેલા મુજબ સર્વ સામગ્રી તૈયાર થએલી ચોક્સ જોઇ એટલે એક રથમાં કાશીથી આવનાર ગંગાદાસની માતુશ્રી શ્રીમતી અને તેની ધણીઆણી લીલાવતીને બેસાડયાં.

ક્ષયરોગનું સરટીફીકેટ.

મારી છોકરી નામે તહેમીનાને ક્ષયરોગની બીમારી સખત થએલી જેને માટે મુંબાઇ—અમદાવાદ દેવલાલી વિગેરે સ્થળોમાં એની ઘણી દવાઈ કરી, પરંતુ આરામ ન થવાથી આશા છોડેલી, એવામાં વૈ. શા. મ. પા. ની દવા કરવાથી આરામ થઇ ગયો છે, જેથી હું ઘણો રાજી ખુશી થઈ પરવર દીગારની દુવા ચાહી મારી છોકરીને સારૂ થયા પછી ચાર વર્ષ વિત્યા બાદ આ સરટીફીકેટ લખી આપું છું જે વાંચનારે ધ્યાનમાં રાખવું.

(સહી) શેવક રતનસા મંચેરજી અદયારૂ
સુરત, માછલીપીઠ.

ક્ષયનું સરટીફીકેટ

આથી સર્વ સદ્ગ્રહસ્થોને જણાવવામાં આવેછે કે, મને લાંબાં વખતથી ખાંસી તેમજ હાંફણુની સખત બીમારી લાગુ પડતાં અંગ્રેજી તેમજ દેશી દવાઓ વારંવાર કરવામાં આવી હતી, છતાં છેવટના ભાગમાં એ રોગ સખત વધી જવાથી શ્વાસ પેદા થઇ હતી, પણ એટલામાં વૈ. શા. મ. પા.ની દવા કરવાથી તદન આરામ થઈ ગયો છે. જેથી એમના ઉપર ભરોશો રાખનાર દરદી નીરાશ થશે નહીં.

(સહી) શોભાગચંદ દીપચંદ સુરચંદ ચોકસાવાળા
ઠે-ગોપીપરા સુરત

પછી અત્રે રહેલા હીરાલાલની માતુશ્રી ભાગીરથી અને કમળા- વતીને પાછલા એક બીજા રથમાં બેસાડયા બાદ એક પછી એક એક પછી બંને રથો એક બીજાની પાછળ ચાલુ થતાં તેની પાછળ પેલા બ્રાહ્મણ હીરાલાલને સાથે લઇ જાણે એકાક્ષર મંત્રનું જ્ઞાન આપતાં ચાલે છે, એવો હેતુ દેખાડે છે, અને તેની પાછળ રાજા મધુસુદન તથા સર્વ પ્રજા હર્ષનાદ કરતી ચાલે છે. આ પ્રમાણે જાણે દેવતાઇ સ્વારી ચાલતી હોય, એવી રીતે મંડળની સુશોભિત રચના નિહાળતા નિહાળતા, સર્વે શેહેરનાં દરવાજા લગી આવી પહોંચ્યા, બાદ મહારાજે શેહેરના દરવાજા બાહાર ઉપલા કાશીથી આવેલા તેનો રથ દરવા- જાની બાહારના મોંડાનો કરી ઊભો રખાવ્યો, ને હીરાલાલવાળા રથનું મોહોડુ શેહેરના તરફ ફેરવ્યું, એટલે બંને રથમાં દરેકના ઉપર ચડવાના દેવતાઇ પ્લાટો તે એક બીજાને પાછલા ભાગે અડકી રહે એવી રીતે જોડા જોડ રખાવ્યા, પછીથી દરવાજાની મધ્ય કમાન સાથે એક દેવતાઇ જેવો સુશોભિત પડદો બંધાવ્યો. જેથી બંને રથની અંદર બેઠેલા એક બીજાને જોઇ શકે નહીં એવી રીતે પડદાના છેડા ઠેઠ જમીન લગી આવી રહ્યા છે. આ મુજબની સર્વે વ્યવસ્થા પોતાની ધારણા પ્રમાણે થઇ કે, બંને રથને પડદે નશીન કર્યા. ને હીરાલાલને બોલાવી શહેર તરફનાં મુખ વાળા રથ આગળ લઇ જઇ કમળાવતી પાસે બાજુમાં બેશાડયો. અને ભાગીર થીની પાસે સાક્ષાત લક્ષ્મિજીને બેશાડયાં.

બંને રથ હાંકનાર સારથીઓને તો પ્રથમથીજ ઉતારી મુકેલા છે.

હવે આગલા ભાગનો રથ જેમાં શ્રીમતી તથા લીલાવતી બેઠેલા છે. તેમા પણ બીજું રૂપ માયાથી ઉત્પન કરી ગંગાદાસ તરીક

વૈદ્ય વીદ્યાનો મુખ્ય પાયો.

પદ.

॥ કષ્ટ સાધ્યને, સાધ્ય, અસાધ્ય કયો જાણે;
॥ તેવડથી ગદ એક જગો આણી તાણે. ॥૧॥
॥ વણ વાવ્યાએ જે જંગલની ઝાડી;
॥ રોગ કયા પર કારણ રીપુ પરખી કાડી. ॥૨॥
॥ પાન, ફુલ, ફુળ. મુળ. ત્વચાને બીજતણા;
॥ સદ્‌ગુણ સમજે પોતે કરીને શ્રમ ઘણા. ॥૩॥
॥ રૂપ રોગના કારણ લક્ષણ તે વરતી;
॥ ઔષધીઓ મેળવવી ગુણ અનુસરતી. ॥૪॥
॥ આરીત કર્યાથી આ જનને થાસે આવું;
॥ આ રોગ ઉપર આ સમયે ઔશધ ખાવું. ॥૫॥
॥ વૃદ્ધ પુરૂષને એ યૌવન પુરતું આપે;
॥ યયાતીને વીત્યું તું શુક્રતણા આપે. ॥૬॥
॥ પથ્યા પથ્ય રૂતુ પરખીને રીત્ય કહે;
॥ સર્વે સત્તા વૈદ્ય વીશારદ માંહ્ય ઠરે. ॥૭॥
॥ સમા પ્રમાણે શક્તિ રહે છે સૌ તેમાં;
॥ પણ બીજી વીદ્યા કરતાં બળ છે હેમાં. ॥૮॥
॥ ક્ષણ ભંગુર દેહ વીશે કાંઇક રોગ અડે;
॥ વૈદ્ય વીદ્યાનું પલપલ કામ પડે. ॥૯॥

માનનારા તેના ધણીઆણી આગળ ગંગાદાસને બેસાડી, શ્રીમતી પાસે લક્ષ્મિજી ને બેશાડયા. તે રથના સારથી થઇ રથ ઉપર ચડી પોતાની માયાના અંધારી નાંખી તે રથ પરમાત્માની સત્તાથી કેરલ દેશમાં અદૃશ્ય થતાં ઠેઠ કાશીપુરીના દરવાજા સમક્ષ આવી પોંચ્યો. ગંગાદાસની શોધ માટે નીકળેલા સુર્યદર્શન રાજાના બસો માણસ માયાની રચનાથી તે ક્ષણ ઉપર કાશીપુરીના દરવાજા સમક્ષ રથ સાથે ખડા છે તે ભેગા મળી ગયા, ઉપલા લસ્કરી માણસોથી રાજા સુર્યદર્શનને ગંગાદાસની ખબર મળતાં, અત્યાનંદથી સામુ સ્વારી લઇ પોતે આવે છે. રાજા નજદીક આવી પોચતા અત્રેના નામથી ઓળખાતા ગંગાદાસ શેઠે રથમાંથી ઉતરી પડી રાજાને દંડવત્ પ્રણામ કરી, ઉપલા માહારાજને દંડવત પ્રણામ કરી આજીજીથી માન પુર્વક આદર સનમાન સાથે રક્ષના સારથી રૂપમાંથી મુક્ત કરાવી, પછીથી રાજાને કહ્યું કે, હું અત્રે આવ્યો છું, તે આ શાક્ષાત ભગવાન જેવા માહાત્માના પ્રતાપથીજ આવી શક્યો છું ગંગાદાસે રાજાને સવિસ્તર બીનાથી વાકેફ કરતાં રાજા સુર્યદર્શને પણ ઉપલા સારથી રૂપમાં આવેલા માહારાજને શાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ગંગાદાસના ઉપર કરેલા કાર્ય માટે ઉપકાર સાથે આભાર માની સ્વારી ખાસ ગંગાદાસના મેહેલ તરફ ચાલુ થતાં, ગંગાદાસનો મેહેલ આવી પોંચ્યો, એટલે આગળથી રાજાની ચેતવણી મુજબ દરબારી બેઠક તૈયાર કરી રાખેલી, તેમાં પ્રથમ યોગ્યાસને સિંહાસન ઉપર રાજાએ ભગવાન લક્ષ્મિસહ વર્તમાન છે તેને બીરાજવા પ્રાર્થના કરી તે મુજબ બીરાજ્યા. હવે સુર્યદર્શન રાજા તથા ગંગાદાસ તરફથી કાશીપુરીમાં જાહેર દરબાર ભરી મહા-

॥ જેમ ચશ્માથી લઘુ અક્ષર મોટા ભાળે;
॥ હેવે દુઃખ આપેલું તે બીશકો ટાળે. ॥૧૦॥
॥ કંઇ ભોળા વ્યાધી ટળવાની અભીલાખે;
॥ ઠગથી ઠગાઇ અણસમજી બાધા રાખે. ॥૧૧॥
॥ કેશ ટળે નહીં તો વ્યાધી જાશે ક્યાંથી;
॥ વૈદ્ય મળે તો નાશ કરે ગદને ત્યાંથી. ॥૧૨॥
॥ કાંઇક ઔષધી તાત્કાળીક ગુણો કરતી;
॥ એક પડીકે વ્યાધીને નીર્મૂળ કરતી ॥૧૩॥
॥ વણ શસ્ત્રે વીંધે વાસણુ ધાતુ ફોડે;
॥ બાહેર રહીને પેટ તણી ગ્રંથી તોડે ॥૧૪॥
॥ મુકત કરાવે મન મળતા વ્યાધી ડરથી;
॥ ઝાલેલો મુકાવે છે જમના કરથી. ॥૧૫॥
॥ ચપટીથી ઉપાડીલે ચંચળ પારો;
॥ જીવ તોલે ઝાલીને સર્પ તણો ભારો. ॥૧૬॥
॥ યોગ બતાવ્યા સૌને ઉદ્યમે વળગાડયા;
॥ એવા વૈદ્યનાથ હેવે સૌ રસ્તા કાઢયા ॥૧૭॥
॥ સર્વ શીરોમણ સદ્દવીદ્યા પર ઉપકારી;
॥ લેજો લક્ષ વિશે વદવું નરને નારી. ॥૧૮॥
॥ કુહેવું સૌ તેમાં કારજ સિદ્ધ સ્વારથનું;
॥ સમજે તો કામ ખરૂં પરમા રથનું. ॥૧૯॥

રાજ્યે ઉપાડેલા શ્રમ માટે આભાર માની એવી અરજ થઇ કે, આપ જે કાંઇ ઇનામ માગો તેને માટે ગંગાદાસ તરફથી કાશીપુરીનો રાજા સુર્યદર્શન તેનો બદલો આપવા આપની આજ્ઞાનુસાર હાજર છે.

માહારાજે કહ્યું રાજા સુર્યદર્શન તમારી આ ગંગાદાસ પ્રત્યેની અતુલ્ય લાગણી જોઇ મને હર્ષ થાય છે, તમો જે પ્રમાણે ગંગાદાસનું રક્ષણ કરતા આવ્યા છો. તેમાં વધુ ઉમેરો કરવા મારી ભલામણ છે. તમારી હાજરી અગર ગેરહાજરીમાં ગંગાદાસને કેટલાએક ન્યાય ચુકવવાની સત્તા આપવી તે પદ્ધિ જળવાઇ રહેવા માટે દશ ગામની જાગીરી ગંગાદાસને નામે વંશપરંપરા ચડાવી આપવી તે કબુલ કરી માહારાજ સમક્ષમાં તે મુજબ રાજાએ તામ્રપત્ર ઉપર લેખ લખી આપ્યો.

એટલે શાક્ષાત પરમાત્મા પોતાની સત્ય કિર્તિ પાછળ હંમેશને માટે પ્રશંસાપાત્ર મુકી લક્ષ્મિજી સહવર્તમાન અંતરઃધ્યાન થઇ ગયા હાજર રહેલા રાજા પ્રજા વિગેરે ચકીત થતાં પોત પોતાને સ્થાનકે ગયા, તેમજ હવેથી ગંગાદાસ પોતાના કુટુંબ સાથે પોતાના કુટુંબ સાથે નૈમિત્ત કાર્ય પરત્વે રાજાની પ્રીતી વધુ સંપાદન કરી રહ્યાછે.

કેરલમાં પાછલા રથના સારથી તરીકે ઉપલાજ મહારાજ થયા છે. એ રૂપમાં દરબાર આગળ આવી લાગતાં. રથમાંથી ઉતરી સૌ પોત પોતાના યોગ્યાસન ઉપર બીરાજ્યાં બાદ રાજા મધુસુદને પણ જાહેર દરબારમાં મહારાજની પ્રશંસા કરી કહ્યું કે, સંપૂર્ણ તપાસ કરતાં હીરાલાલ તથા ગંગાદાસ વચ્ચેની ફરીઆદ કરનાર કોઇજ નથી, એમ માલમ પડે છે. તેના જવાબમાં માહારાજે જણાવ્યું કે તેવણતો કેરલદેશથી વિદાય થઇ ગયા છે. તેમના

॥ વાહાલપણું છે વૈદ્ય શકળ કે છે જેને;
॥ રોગ સરીખો કોણ રીપુ છે જન તેને. ॥૨૦॥
॥ શ્રમ પડે તે સજાએ પુસ્તક સોધી;
॥ પ્રવીણ થાજો ગ્રંથે સદ ગુરૂને શોધી. ॥૨૧॥
॥ પગલા ભરીઆ જન્મ ધારીજ દયા પંથે;
॥ મણી ઉરમાંજ રમે અશ્વિની કુમારે છંદે. ॥૨૨॥

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર

સરટીફીકેટ

વૈ શા. મ. પા. ખાત્રી પૂર્વક જણાવવમાં આવે છે કે એમના વૈદ્યક જ્ઞાન સંબંધી તથા દવા વિગેરના ઉપયોગ ઘણી ખરી વાર કરવામાં આવેલાં તે અનુભવ ઉપરથી સરટીફીકેટ લખી આપું છું કે, દેશી દવાનો એમનો સારો અભ્યાસ અને અનુભવ છે, તથા રોગીની પરીક્ષા કરવામાં એઓ ઘણા કુશળ છે. તેમજ દરદીનુ મન સંપાદન કરવામાં પણ તેવાજ છે. ફકત એક વાહાડ કાપ શિવાય અંગ્રેજી ડાકટરોની બરાબર વ્યાધી નિવૃત્ત કરે છે.

[સહી] રૂઘનાથજી નાછાભાઇ. } સુરત.
સરકારી વકીલ

વિશેષ કહેવાથી તપાસ કરતાં પાછળ કોઇજ નથી અને ન્યાય ચોક્કસ થયો છે એવી ખાત્રી થતા રાજા તરફથી એવી અરજ થઇ કે, હવે માહારાજ આપ આજ્ઞા કરો.

તે ઉપરથી કાશી દેશમાં ગંગાદાસને માટે જેતી વીધી થઇ હતી. તે પ્રમાણે કરાવી લક્ષ્મિ સહવર્તમાન અંતઃધ્યાન થઇ ગયા.

ત્યાંથી વૈકુંઠમાં પધાર્યા બાદ શાક્ષાત ભગવાને લક્ષ્મિજીને પુછ્યું કે, હવે કાંઇ ઉત્કંઠા છે, લક્ષ્મિજીએ કહ્યું કે, મારૂં મન આપની માયાથી પરિપૂર્ણ સંતોષ પામ્યું છે અને આપની માયામાં હું સર્વદા ચર્ણની દાસી રૂપમાં આનંદ પામી રહીશ.

હવે આ પ્રમાણે જગતનિયંતાએ પોતાની માયા લક્ષ્મિસહવર્તમાન લક્ષ્મિજીને દરેક રીતે રાજી કરીને તેમ હીરાલાલ તથા ગંગાદાસ એક અવતારી પુરૂષ છતાં, બે રૂપ કરી સર્વને સંતોષ આપી, પોતાની માયામાં રમણ કરાવી પોતાના ચર્ણાવિંદમાં લઇ લઇ જવા પ્રભુ પોતે તાત્કાળીક સમર્થ છે, પરંતુ કાર્ય કારણસર મનુષ્ય અવતારમાં રહી—૧૦૮ વર્ષ પર્યંત શુભ કાર્યોની પરીપૂર્ણતા કરવાની બાકી છે, એવા હેતુથી અત્રેના હીરાલાલ તથા ગંગાદાસના કુટુંબ વિગેરેને પણ પુર્ણ સંતોષકારક લાભ મળે, એવી અલૌકિક રચનામાં પ્રભુની માયાનો મુખ્ય હેતુ હતો—તેથી એક છતાં બે કુટુંબ રૂપે દેખાતા પોતાના પ્રેમીજનોને ચમત્કારવાળા દેખાડીને પૂર્ણ આયુષ્ય આપ્યું.

હવે એક સમયે લક્ષ્મિજી તથા ભગવાન વૈકુંઠમાં બીરાજ્યા છે, તેમાં લક્ષ્મિજી એ ભગવાન નું ધ્યાન ખેચ્યું કે, તમારી માયા માં વખતે બોલેલું પણ ફરી જાય ખરૂં કે? ભગવાને જવાબ આપી

સરટીફીકેટ

વૈ. શા. મ. પા. વિષે જણાવવામાં આવે છે કે, દેશી વૈદ્યક જ્ઞાનમાં સારા ઉત્તેજન પાત્ર છે, સ્વભાવના શાંત અને એક માર્ગી નિરાભિમાની છે. તેમજ પોતાના કામમાં ઘણા ધ્યાની છે, દરેક દરદીઓ તરફ એમની મનો વૃત્તિ સર્વ રીતે પરોપકારી છે, અને દેશી વૈદ્યકજ્ઞાનના વૃદ્ધકો તરફથી પણ ઉત્તેજન પાત્ર છે, હમારા માતુશ્રી તેમજ કુટુંબ વર્ગોમાં એમની દવાનો ખાત્રી લાયક સંતોષ થવાથી એમને મળતા યશમાં નિરંતર પ્રસંન્ન છઇએ.

(સહી) વકીલ કાળાભાઇ લલ્લુભાઇ.

હાઈ કોર્ટ પ્લીડર, સુરત.

મૌક્તિક ભસ્મ.

(ખરામોતીની ભસ્મ—રાજ્ય રોગ ક્ષય ખાવાશીર, તથા ગરમીના તમામ રોગો ઉપર, અકસીર છે. વજન, ૧ રતિ ઘી સાકેરમાં ખાવી. કીંમત તોલ ૧ ના રૂા. ૩૫.

કહ્યું કે. એમ કદી થયું નથી અને થાય પણ નહીં, તો કહ્યું કે, આપણા બીજા પ્રવાશમાં સુદર્શન રાજાના નગરમાં રત્નસાર નગર શેઠની ધણીઆણી એ ભિક્ષામાં અનાદર કરવાથી તે ધણી ધણીઆણીને માટે તમોએ જોશી બની કહ્યું હતું કે. બારથી મેલ-ગીમાવૈમાન આવશે, તેમાં બેશી સ્વદેહે સ્વર્ગમાં જશો, તે હજુ થયા નથી તે શું ?

આ પ્રમાણે લક્ષ્મિજીના પુછવાથી શાક્ષાત ભગવાને કહ્યું કે, એજ, શેઠ વિશે એવું છે કે, આપણા તેમજ દેવોની ગણત્રીના વર્ષો મનુષ્યની ગણત્રીના પ્રમાણમાં ઘણાજ જુદા અંતરે હોય છે. તેમજ પુણ્યના યોગે એ રત્નસાર નગરશેઠ તથા તેની ધણીઆણી-નોજ બીજો અવતાર નિરંતર પ્રભાવના યોગે, હીરાલાલ અને તેની ધણીઆણી કમળા છે, હવે અત્રે તેના મનુષ્યપણાના અવતારી વર્ષ ૧૦૮ પરીપૂર્ણ થયા છે, માટે હવે તેની તરફ જઇ આપણે તારા પુછેલા પ્રશ્નની રચના કરીએ છીએ, માટે તે પરત્વે હવે તૈ-યાર થાઓ.

એ મુજબ કરેલા ઠરાવને અનુસરી પછીથી ભગવાન અને લક્ષ્મિજી વૈકુંઠમાંથી મૃત્યુલોક તરફ આવી અંતરિક્ષમાંથી નીચે ઉતરી–કેરલ દેશમાં હીરાલાલના સ્થળમાં–અને કાશીપુરીમાં ગંગા-દાસના સ્થળમાં પ્રવેશ કર્યો. અને પોતાની દૈવી માયા-થી હીરાલાલ તથા–ગંગાદાશના સમીપ જઇ માળા ફે-રવતાં માફક સંસાર રૂપી ભ્રમણામાંથી મુકત થએલા અંતઃકર્ણમાં પ્રવેશ થતાં શાક્ષાત સ્વરૂપ ,શંખ ચક્ર, ગદા, પદ્મ આયુધ પીળા પીતાંબર મોરલી મુગટ ધારણ કરેલાં છે, એવા દર્શન

સરટીફીકેટ

વૈ. શા. મ. પા. ની દરેક ઔશધીઓ માટે મારી સંપુર્ણ ખાત્રી થઇ છે. તેમજ એઓ વિદ્વાન અને શાસ્ત્ર આધારે દરેકને પુરતી કાળજીથી દવા આપી આરામ કરે છે, મને પોતાને એમની દવા લેવાથી ચોકસ ફાયદા થયા છે. તેમજ હમારા કુટુંબ વૈદ્ય છે. તેમાં ક્ષય અને તાવ વિગેરે ઘણા અસાધ્ય રોગો એમણે મારા રૂબરૂ સારા કર્યા છે. એ ઓસ્વભાવે નમ્ર મીલન સાર નિરાભિમાની છે.

(સહી) રા. બા. ગુલાબદાસ પરસોતમદાસ.

આત્મારામ ભુખણવાળા, સુરત,

સરટીફીકેટ.

વૈ. શા. મ. પા. સાથે ઘણા વરસનો ઘણો પરિચય છે, તેમાં એઓના વૈદક જ્ઞાન તથા ઔષધના અજમાયશના અનેક પ્રશંગો મળેલાં તેમાં મારી સઘળી રીતે સંપુર્ણ સંતોષ કારક ખાતરી થઈ છે. એમની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળી શક્તી આપવામાં અકસીર ગુણ ધરાવે છે,

બંને સ્થળમાં આ મુજબ સાક્ષાત ભગવાન લક્ષ્મિ સહ વર્તમાન સ્વરૂપ નિહાળતાં, હીરાલાલ તથા ગંગાદાસના કુટુંબ સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં વારંવાર પ્રાર્થના કરે છે કે,

રાગ—પદ.

જનમી જગ જેણે ગાયા નહીં ગીરીધારી.
નવ દશ માસ ઉદરમાં રહીને, જનુની ભારે મારી. જનમી
પંચ વીષયમાં મોહ્યો પ્રાણી, આંખે બાંધી પાટા,
કદી જાગી જોયું ન જરીએ માર્યા. મુઢ ગપાટા રે. જનમી—૧
છૈયા છોકરા નારી સંગે, રંગે ઉમંગે રોળાયો;
પુણ્ય કર્યું ન પ્રભુજી ભજીઆ, ચતુર થઇ ચોળાયો રે. જનમી—૨
ધન તન બળના મદમાં મુરખ, મસ્ત બની થઇ મહાલ્યો,
આડુ ન આવ્યું અંતઃસમયે, કાળે આવી ઝાલ્યો રે, જનમી—૩
નારાયણ નામ વિના જઇ, લક્ષ ચોર્યાશી પડીઓ,
તુચ્છ કર્યું જીવતર તે જુઠા, મણી મનુષ્ય દેહ જડીઓ રે.
જનમી જગ જેણે ગાયા નહીં ગીરધારી– ગાયા
નહીં ગીરધારી રે જનમી.—૪

હવે ઉપલી પ્રાર્થના પુર્ણ થયા બાદ ભગવાનને ઉપર મુજબના લક્ષ્મિજી એ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ઉભય સ્થળમાં પણ એકજ રૂપમાં એકી વખતે–પ્રભુની માયાની ચમત્કાર ગતીથી લક્ષ્મિજીના મનને સપુર્ણ આનંદ થતો જોઇ પોતાની માયાના યોગે હીરાલાલ ઊરફે ગંગાદાસને પોતપોતાના કુટુંબ સાથે વૈમાનમાં બેસાડી સાક્ષાત પરમાત્મા એ સ્વદેહ વૈકુંઠ પ્રત્યે મોકલી દીધા.

તે ઉપરાંત વધુ ખુશીની સાથે સાથે જણાઉંછું કે, હમારા ઘરમાં કોલેરા જેવો દુષ્ટ રોગ લાગુ પડવાથી ઘણી દવાઈઓનો ઉપયોગ કરતાં આશા છોડી હતી, છેવટ એમની દવાનો ઉપયોગ કરવાથી તાત્કાળીક ફાયદો થઈ આરામ થઇ ગયો છે.

(સહી) વકીલ રણછોડદાસ પરભુદાસ
મુકામ સુરત.

લીંબુના ગુણ.

લીંબુ કૃમીઓના સમુદાયનો નાશ કરે છે, તીક્ષણ, ખાટું, પેટનું ચડવું, વાયુ, પિત્ત, અને કફત્રી શૂળવાળાને હીત કારક છે, ધાતુને ઉ-તેજક, રૂચી ઉપજાવનાર ત્રીદોષને સમાવનાર, મળ બંધાઇ ગયા હોય તેને છુટા પાડનાર, તથા વિષૂચિકા (મૂર્છી)ના વ્યાધી ઉપર લીંબુ હીતકારક છે. એવો પ્રાચીન વૈદ્યાચાર્યોનો પણ મત છે.

નીલકંઠ રસના. ૪

આ નીલકંઠરસ કંઠમાળ, રસોળી વિગેરે દરદો ઉપર ત્રણ ધારના લીલી છાલના કેળામાં પકવી, તે કેળાંની ટેપડી કરી કંઠમાળ ઉપર બાંધવાથી ૧૫ દિવસમાં ઓગાળી નાંખવાનો ગુણ ધરાવે છે, કીંમત શીશી ૧ નો રૂ. ૧.

હવે ભગવાન લક્ષ્મિ સહવર્માન વૈકુંઠ પરત્યે સંચરે ત્યાં માર્ગમાં દેવોની અલૌકીક મંત્રોની તથા પરમાત્માના સ્વરૂપના ઉચ્ચારણની ધ્વનીઓ ચાલી રહ્યા છે.

રાગ—પદ

हरि हर मांहे भेद गणीने वितर्क वाद वदाय नहीं,
वेद शास्त्र आचार्यवरोना, वचनो उल्लंघाय नहीं ॥ १ ॥
हरि हर माहे भेद गणीने०

આ ધ્વનીથી શાક્ષાત લક્ષ્મિજીના મનની પ્રથમ ઉત્પતિની શંકા નિવારણ અર્થે ખાસ પ્રભુ પ્રેરણનીજ આ માયા છે અને આથી મનની શંકાનું નિરૂપણ અંતરમાં માની પ્રભુ ચર્ણાવિંદને માન આપી પોતાના વૈકુંઠમાં પ્રવેશ કરી લક્ષ્મિ સહવર્માન જગત નિયંતા નિમગ્ન થયા.

હવે સારાંશમાં કહેવાનું કે, પરમાત્માની અનેક માયાનો પાર કોઇ પણ મનુષ્ય ક્યાંથી મેળવી શકે. ઉદાહરણ—પોતાના હંમેશના અર્ધાંગના સ્વરૂપ શાક્ષાત લક્ષ્મિજી જેવા અલૌકિક માયામાં ભ્રમણ થઇ આનંદ માને. તો—બીજા— એ—પરમેશ્વરના કરેલા કાર્યને માન આપવાથી અવીચળ કાર્યની સિદ્ધને પામી પરમાત્માના ચર્ણાવિંદમાં જવાને શક્તિમાન થાય છે.

દરમ્યાનમાં જ્યાં સુધી દેહમાની વાળનાએ કરી દર્તવ્ય કરવા પ્રતિ પ્રારબ્ધનો વેગ હોય છે' ત્યાં સુધીને માટે પણ એજ પરમાત્મા એ પોતાની માયાની રચના કરી મુકી છે, કર્તુંમ અ કર્તુંમ અથવા અન્યથા કર્તુંમ સમર્થ એવી પરમેશ્વરની માયાછે. તે હકીગત આ રસીક

કંઠમાળ તથા ગુલ્મરોગનું સરટીફીકેટ,

હું નીચે સહી કરનાર જણાઊં છું કે, મારા છોકરાની વહુને કંઠમાળા થવાથી ગળું સુજી ગયું હતું, છેવટ વાઢાડકાપની સલાહ મળતાં કાપવું પડશે એમ જણાવવાથી વૈ. શા. મ. પા.ની દવાનો ઉપયોગ કરતાં, આઠ દિવસમાં સારૂં થઇ ગયા બાદ ફરીથી ઉપડયું નથી જેને ત્રણ વરસ થઈ ગયાં છે.

એ ઉપરાંત વધુ ખુશીની સાથે જણાવું છું કે, મારી ધણીઆણીને આશરે ચાર વરસથી પેટમાં ગુલ્મનું દરદ હતું, જેને માટે ઘણા દેશી વૈદો અને ડાકટરોની સલાહ લેતાં, સારૂં થશે નહીં એવી સલાહ મળતાં. છેવટ એમની દવા કરવાથી, તદન સારી થઇ છે, જેને માટે હું એમનો ઘણો આભાર માની એમના વિજયની સ્તુતિ કરૂં છું.

(સહી) જદુરામ દીનાનાથ

પોલીસ જમાદાર, સુરત, સગરામપરા.

વાર્તાથી બુદ્ધિમાનને સમજાયા વિના નહી રહી હોય, અલૌકિક માયાના સામર્થ્યમાં કોઇજ વાત અસંભવિત નથી એ માયાના ચમત્કાર રૂપે આ વિશ્વમાં ભિન્ન ભિન્ન વનસ્પતિઓ, ભિન્ન ભિન્ન ક્ષારો, ભિન્ન ભિન્ન ખનીજ પદાર્થોની જાણે વાડી ખીલાવી મુકી હોય તેવું આ વિશ્વમાં દેખાય છે. એજ માયાના ચમત્કાર રૂપ તે, તે, વસ્તુઓમાં રહેલા સામર્થ્યના ભાનથી ઝાંખી કોઇ કોઇ અંતઃકર્ણમાં પોતેજ અંતર્યામી રૂપે રહીને કરાવે છે. આ વાર્તામાં જેવા ૫૬ એટલે છ પ્રકરણ રૂપ રસો છે તેવાજ સૃષ્ટિમાં એજ પરમાત્માએ વૈદ્ય માટે છ રસો તૈયાર કરી મુકેલા છે. એ પરમાત્મા તથા જગદંબા રૂપે તેમની માહા માયા પ્રતિ જેટલે અંશે શ્રદ્ધા તથા પ્રેમથી અંતઃકરણને બળવાન કરી અભિમુકતાને સહ્રદયથી જે સજ્જનો સેવે છે, તેમને તેજ પરમાત્માના અનુગ્રહ પ્રસાદ રૂપે, તે, તે, પદાર્થના ગુણનો અનુભવ થાય છે, આમાં યોજના કરનાર વૈદ્ય પોતે તથા દર્દી બંને એક ચિત્તથી એજ પરમાત્માનો ઉપકાર માનવા તત્પર હોય છે, ત્યારેજ સત્વર આશ્ચર્ય ફળ મળે છે. માટે તે પ્રમાણે કરવા, મારા સન્ન મિત્રો, સંનારીઓને મારી ખાસ પ્રાર્થના છે કે, જેથી આપણે એકત્ર થએલી બળવાન ભાવનાથી પરમાત્માના યશોગાન સર્વત્ર ગાજી રહે તે પ્રમાણે કરી શકીએ.

ઇતિ ૐ

સમાપ્ત.

મુકામ સોની ફળીઆ, સુરત. } આર્યહિત વર્ધક ઔષધાલય
વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર

મોતીનો ઠંડો સુરમો.

આ સુરમાથી આંખમાં આવતાં પાણીને અટકાવી મગજને અને આંખને ઠંડક આપી ઝાંખ મટાડવાનો ઘણો અકસીર ગુણ ધરાવે છે, ફાયદો ત્રણ દિવસમાં.

કીમત શીશી ૧નો રૂા૦ ૧

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર

મારા મામાની છોકરીની આંખે દેખાતું નહોતું. તે એમના મમેરાના સુરમાંથી સારીરીતે આંખે દેખાવ થયો છે, એટલુંજ નહીં પણ આંખનાં, ક્ષયરોગના અને બીજા દરદીઓ સારા થએલા મારા જાતી અનુભવમાં છે, તેમજ મારા ૪૫ વર્ષના ધંધા દરમ્યાનમાં એમના જેવા કાળજીપુર્વક ધ્યાન આપી, કીંમતી દવાઓ બનાવી દરદીઓના મનને સંતોષ આપનારા બીજા આવ્યા નથી.

(સહી) વૈદ્યશાસ્ત્રી તાપીશંકર ભાઈશંકર,

સગરામપુરા, સુરત,

महाज्वरांकुश.

આ દવા હરેક જાતના તાવ ઉપર અકસીર છે, ગોળી દિવસમાં ત્રણ ૩-૩ વખત શાકેરના પાણીમાં ગળીજવી તાવ માત્રનો એક દિવસમાં નાશકરે છે. ગોળી ૩૨નો રૂા. ૧

પંચ પલ્લવ-વનસ્પતિ,

આ દવા તદન વનસ્પતિનીજ બનાવટની ઔષધી છે. દવામાંથી વાલ-૪-૪-દિવસમાં ત્રણ વખત શાકેરમાં મેળવી પાણીની સાથે લેવાથી તાવનો તાત્કાળીક નાશ કરેછે. આ દવાના નવ પડીકાં તે કવીનાઈનની એક આખી સીસી બરાબરી કામ કરી શકે છે, કીમંત સીસી ૧ ના આના ૮ તો. ૧ ના આના ૪.

જવરોત્પતિ-પ્રકાર-અને કુટુંબ જ્ઞાન.

જેની ઉત્પતિ દક્ષ પ્રજાપતીએ અપમાન કરવાથી શિવના શ્વાસમાંથી જવર ઉત્પન થયો, જે તાવ પોતાના કુટુંબ સાથે મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે, જેની ટુંક સમજ.

જવર કુટુંબ જ્ઞાન.

॥ ત્રશા તારૂણી જવરની સાથ્ય સદા રહે છે;
॥ સ્વાસ કાશ બે મીત્ર, જગત જવરના કહેછે.
॥ હીકવા વાંતી પુત્રી, ભ્રાત અતીસાર કહ્યા;
॥ અરૂચી ભગની તેમ, મળી સૌ સાથ્ય રહ્યા.
॥ બંધ કોશ ભાણેજ, આફરો છે સસરો;
॥ મુર્છા જવરની માત, પરસ્પર વેર ભર્યો.
॥ એક એકની માંહે, અંતરાયો આણે;
॥ જોર વિના ના જાએ, પ્રાણ જગના તાણે.
॥ પશુપતીના એ પુત્ર, સબળ શકતી ભારીયો;
॥ જવર કુટુંબની સાથ, ફરે દુઃખનાં દરીયો.

વૈ. શા. મ. પા. ની પાસે માથાનાં દુખાવા, બગડી ગએલી આંખો, તેમજ ક્ષય રોગ સારૂ કેટલીએક ખાસ અને અકસીર દવાઓ છે. ઉપલી દવાથી ઘણીજ ટુંક મુદતમાં સારા થઈ ગએલા દરદીઓ મેં મારી જાતે જોયાં છે.

મારી પોતાની બાબતમાં જણાઉં છું કે, મને પોતાને માથાનો દુઃખાવો સખત ઉપડી તેની સાથે લાંબા વખતની તાવની બીમારીથી પથારી વસ થઈ ગઓ હતો, છેવટ મારી

બાબતમાં જે એમણે કાળજી ભરેલી રીતે દવા વાપરી હતી તેથી બંને દરદો બે ત્રણ કલાકમાં આરામ થઇ તનદુરસ્તિ અસલ સ્થિતિ ઉપર આવી ગઇ હતી.

(સહી) એ. ડી. મુલકરી સાહેબ,

હેડ એકાઉન્ટન્ટ, સુરત,

તાવ તથા મરડાનું સરટીફીકેટ.

હું શુદ્ધ અંતઃકરણથી જણાવું છું કે, વૈ. શા. મ. પા. પોતાના ધંધામાં શાસ્ત્ર આધારે વર્તનારા, સ્વધર્મથી દયા વૃત્તિ રાખી, સારી રીતે કીંમતી દવાઓ યુક્ત પણે બનાવી દરદીના દરદનો નાશ કરે છે, હમારા કુટુંબમાં સખત તાવ તથા મરડાની બીમારી જેવા લાંબી મુદતના રોગો તાત્કાળીક સારાં કર્યાં છે.

(સહી) ડાયાભાઇ બી. એમ. સરકાર.

રી. સબ રજીસ્ટર, સુરત.

વૈ. શા. મ. પા. ની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળીઓથી, મારા જાતી અનુભવમાં ક્ષય અને ધાતુ ક્ષય જેવા દુષ્ટ રોગો સારા કરેલા છે, તેમજ એમની પાસે દેશી દવાઓ ઘણી કીંમતી અને અકસીર ગુણ ધરાવનારી છે. અને દરેકને એમની દવા કરવાથી આરામ થશે, એવી ખાત્રી પુર્વક ભલામણ કરૂં છું.

(સહી) ઠાકોરભાઇ ચુનીલાલ ચકૌવાળી, સુરત.

છાસના ગુણ.

શ્લોક

यथा सुराणां अमृतं प्रधानं, तथा नराणां भुवितक्र माहु;

જેમ દેવતા લોકોને વિષે અમૃત પ્રધાન છે, તેમ મનુષ્ય લોકોમાં છાસ રૂપી અમૃત પ્રધાન છે.

સિંહનાદ ગોળી.

પક્ષાઘાત, લખવા, અગર ચાલુ સંધીવા, તેમજ શરીરના તમામ સાંધાના દુઃખાવા ઉપર આ ગોળી સવાર સાંજ ૪–૪ પાણીની સાથે ગળી જવાથી, ૩ થી ૮ દિવસમાં આરામ કરે છે. ગોળી ૩૨ નો રૂ૦ ૧ . આ ગોળી અનુભવસિદ્ધ છે.

વૈ૦ શા૦ મ૦ પા૦ ઘણા વિદ્વાન તેમજ દીર્ઘદ્રષ્ટિથી દરદીને તપાસી દવા આપે છે. એમની સિંહનાદ ગોળીથી મારી ધણીઆણીનો જુનો પંદર વર્ષનો પક્ષાઘાત જેવો અસાધ્ય રોગ બે, ત્રણ, મહિનાની ટુંક મુદતમાં સારો થયો છે તેમજ એમની મદન યોગેશ્વર કસ્તુરીની ગોળી અંદર દર્શાવેલી તારીફ મુજબ ગુણ આપે છે.

(સહી) એમ, આર, બી, નરૂચુ વૉઇસ
પ્રેસીડંટ સાહેબ મુ૦ મલબાર કોસ્ટા.

આથી સંધીવાના દરદીને મારા જાતી અનુભવથી જણાવવામાં આવે છે કે, હમારા ઘેરમાં સંધીવાના દરદથી સાંધે સાંધા રહી ગયા હતા. જેને માટે અત્રે ઘણી દવા કરી પણ સારૂં નહીં થવાથી, વૈ. શા. મ. મા. દવા વી, પી. થી મંગાવી ઉપયોગ કરતાં, ટુંક વખતમાં સંધીવા જડમૂળથી નાબુદ થઈ તનદુરસ્તી સુધરી ગઇ છે. તેમ હમારી એક બેહેનને પણ એમની દવા મંગાવી આપવાથી પથારીવશ હતી તે પણ ઉપલા રોગથી મુક્ત થઈ તનદુરસ્તી ભોગવે છે.

(સહી) બેહેન ગુલબાઇ સાપુરજી મીસ્તરી.
મુ. કેશરગંજ અજમેર.

સંધીવાના દરદીના ભલાને માટે જણાવવામાં આવે કે, મારી ધણીઆણી નામે હીરાબાઈને ઘણોજ સખત સંધોવાનો રોગ ઉપડી આવતાં, સારૂ થવા વાસ્તે ઘણીજ ખાસ્તી પેદા થઈ હતી, વૈ. શા. મ. પા. ની દવાથી લગભગ ૧૫ થી ૨૦ દિવસમાં આરામ થઈ ગયો છે. આથી પક્ષાઘાત, લખવા, સંધોવા જેવા દરદીને મારી ખાસ ભલામણ છે, કે, એમની દવા કરવાથી જલદી આરામ થશે.

(સહી) કાવસજી પાલણજી સાઈવાળા.
બી, બી, એન્ડ સી. આઇ રેલ્વે બુકીંગ કલાર્ક
મુ. કણુપીઠ સુરત સીટી ઓફીસ.

વેશધારી વૈદ્યના લક્ષણ

દુહા.

॥ વિદ્યા વણ વસ્તુ કદી, ખરી મળે નહીં કાંઈ;
॥ જ્ઞાન સુદ્ધ વિણુ ના મિલે, સદ્ગુરૂ સગપણ કાંઇ. ૧
॥ કાંઈક અધમ ઉપચારથી, વધારતા દુઃખ દેહ;
॥ ધન ધૂતારા કાંઈકને, લોભે લલચાવે. ॥ ૨ ॥
॥ જ્ઞાન વિના ઘર કંઈકના, ઘર જે કાંઇકો મારે;
॥ પસ્તાઇ મનમાં પછી, હૈવેચ્છા ધારે. ॥ ૩ ॥

॥ વિષ પાવકને વજ્રથી, જે દુઃખ તનમાં થાય.
॥ શઠ કે મૂરખના થકી, લાખ ઘણું દુઃખ થાય. ॥ ૪ ॥
॥ પીડા પડયા પછી પાછળે, શુવાય નહીં બેશાય;
। ...પી ઔષધ પ્રેત રૂપ, શરીર વિશે જો જાય. ॥ ૫ ॥
॥ મણી વચનોપર રાખીનં, અનુભવથી ઊપચાર;
॥ અશ્વિનીકુમારે વૈદ્યને, કરજો સૌ ફરીયાદ ॥ ૬ ॥

સસણી, વરાધ, વાવળી ઊપર કીશોરામૃત, નાનાબાળકો માટે.

આ દવાથી બચ્ચાંની સસણી, વરાધ, વાવળી, તેમજ પેટની આંકડી, કૃમિ વાયુ, ઉંઘમાં દાંતનું કકડાવવું, અને એકદમ ચોંકીને રડી ઉઠવું વિગેરે બાળકોના તમામ રોગો ઉપર તાત્કાળીક અસર કરી બાળકોની જોખમાઇ જતી જીંદગીને બચાવી લે છે. એવી એ દવા અનુભવસિદ્ધ છે, સોકઠી ૧ ના આના ૪ તથા મોટી સોકઠીના ૮ આના.

મારી છોકરીને સખત વરાધ, વાવળી, અને સસણી જેવા રોગો લાગુ પડવાથી ઘણી દવાઈઓ કરી પણ તેથી

સારૂ થયું નહીં તેમજ દરેકે આશા મુકાવી હતી. એવામાં વૈ. શા. મ. પા. ની દવા કરવાથી છોકરી તદન સારી થઈ તનદુરસ્તીમાં છે.

(સહી) ઝવેરી શા. નગીનદાસ અનુપચંદ.

વડા ચૌટા, સુરત.

માલકેશ્વર સત્વથી

આંકડી) મૃગી (ફેફરૂં) તાણુ વિગેરે વાઇને લગતાં દરદો ઉપર ઉપલી દવા આદાનો રસ તોલો ૧ મધ તોલો ૦ામાં દવા વજન ૨થી—૩—ચોખાભાર મેળવી દિવસમાં બે વખત લેવાથી આઠ દિવસમાં આરામ કરે છે. તા. ક. થી જણાવવાનું કે ઉપલી દવા ઘી શાકેરમાં પણ લેવા હરકત નથી. કીંમત પડીકાં ૧૬ના રૂપીઆ ૨

હીષ્ટીરીઆનું સરટીફીકેટ.

વૈ. શા. મ. પા. ની દવા વી, પી. થી મંગાવી વાપરવાથી મારી ધણીઆણીને આવતી આંકડીનો રોગ સારી રીતે આરામ થયો છે, તેમજ વારંવાર આવતા

અઠવાડીક છપતા પણ બંધ થયા છે. અને જુનો પ્રદર રોગ પણ તમારી દવાથી સારો થયો છે, એવી રીતે બંને રોગ વિશે મારી ખાત્રી થઇ છે.

(સહી) અનંતરાય ઈંદીરાનંદ ત્રીપાઠી,

બી. એ. એલ. એલ. બી. હાઈ કોર્ટ પ્લીડર.

જીલ્લે રત્નાગીરી.

નાં. ૨–દવા વી. પી. થી મંગાવી તેનો ઉપયોગ કરતાં હમારી ધણીઆણીને ફેફસાનો રોગ જે લાંબી મુદતનો હતો તે એમની દવાથી તદન આરામ થઇ ગયો છે, તેમજ આપની દવાની ભલામણ કરતાં જેણે દવાઓ મંગાવી છે, તે દરદી તરફથી આપ અગર હું કોઇ રીતે ઠપકાને પાત્ર થયા નથી.

(સહી) એચ. આર. હેડમાસ્તર મદ્રેસા, હસની,

મુકામ કરાંચી.

નાં. ૩–અસાધ્ય ગણાતો હીષ્ટિરીઆ રોગ હમારી એક બ્હેનનો તદન સારો કર્યો છે, એટલુંજ નહીં પણ હમારા કુટુંબ વૈદ તરીકે એવણ લાંબા વખતથી છે, તેમાં પોતાના

ધંધામાં બતાવેલા ઉત્સાહ, ખંત અને બારીક ધ્યાનથી સંપૂર્ણ સંતોષ આપી છેવટ પોતાના મીલન સારી સ્વભાવથી સર્વની પ્રીતી સંપાદન કરી છે.

[સહી) ઇશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ

બી. એ; મુ. સુરત.

આરોગ્યતા ઉપર

દોહોરો.

॥ જો ધન છે ઘરમાં ઘણું, હોય, શરીરમાં શૂળ;
॥ તો તેના મનમાં ગણે, ધન સઘળું તે ધૂળ. ॥ ૧ ॥
॥ જેની ઘણી જરૂર છે, સોધી તેનો સાર;
॥ દિલમાં રાખો નિત્ય એ સહુથી સુખ દેનાર. ॥ ૨ ॥
॥ મિતાહારજ રાખજો, દિવસને વળી નીશ;
॥ વિવેકી એમ વર્તસો, થાસે લાભ અતીશ. ॥ ૩ ॥
॥ આશા છે તુંજ સુખ તણી, નથી અન્ય કાંઇ લેશ;
॥ મણીશંકર સ્તુતી કરે, અશ્વિનીકુમાર ઉરેશ ॥ ૧ ॥

નાલકોટ ઉપદ્રવ ઉપર.

નાલકોટ, વાતોદર, પ્લીહોદર, યકૃત (લીવર) વિગેરે ઉપર પ્રહુતભેદીથી તથા મંજીષ્ટાદિસત્વ—આ ગોળી—સવાર સાંજ ચાર, ચાર, અને બચ્ચાંને એકકી ગાયના મુતરમાં આપવાથી ઉપલા રોગને જડમૂળથી આરામ કરે છે. કીંમત ગોળી ૩૨ ના રૂ૦ ૨.

નંબર બે. મંજીષ્ટાદીસત્વ ઉપલી ગોળી લીધા પછી હરેક વખતે ત્રણ કલાક રહી વાલ ૪-૪ દવા, પાણી સાથે લેવાથી ઉપલા રોગો નાબુદ કરવાની મદદ કરે છે.

કી. શીશી ૧ ના આના ૮.

નાળકોટનું સરટીફીકેટ.

આથી જણાવવામાં આવે છે કે મારી છોકરીના પેટમાં સખત નાળકોટનો વ્યાધી થએલો, જેને માટે હમોએ તદન આશા મુકેલી, કારણ વ્યાધીનું રૂપ વધી જતાં, હાથે, પગે, તેમજ આખા શરીરે સોજા આવી જવાથી, જોનારને પણ ભયંકર સ્થિતિ લાગે એવી હતી, તેવામાં વૈ૦ શા૦ મ૦ પા૦ ની દવા કરવાથી આઠ દિવસમાં તદન સારી થઈ ફરતી હરતી અસલ સ્થિતિ માફક તનદુરસ્ત થઈ ગઇ છે જેને આસરે પાંચ વર્ષ થઈ ગયાં છે.

(સહી) વકીલ મગનલાલ પરસોતમદાસ બદામી.

મુ. સુરત.

નાં૦ ૨—ઉપલી દવા વીશે તેમજ હમારા કુટુંબ તરીકે, દવા લાંબા વખતના અનુભવથી જણાવવામાં આવે છે કે, એમની દરેક દવા ઘણી ગુણ આપનારી છે, તેમજ એમના જેવા વિદ્વાન અને દિર્ઘ દ્રષ્ટિથી રોગીના મનનું સમાધાન કરી કાળજીથી દવા આપી સારૂ કરવામાં દયાળુ પણાથી લોકોની ઘણી આશિશ મેળવે છે.

(સહી) વકીલ ઉમેદરામ સુકદેવરામ.

મુકામ સુરત.

મારી ધણીઆણી આશરે વર્ષ પાંતરીસની જેને સખત નાળકોટનો વ્યાધી થતાં આશા મુકી હતી, જેમાં વૈ શા. મ. પા. ની ઉપલી બંને દવા, વી. પી. થી મંગાવી એમના કહેલા વિધી પ્રમાણે ઉપયોગ કરતાં આશરે એક મહીનામાં સારી થઇ તનદુરસ્તિમાં છે. જે ખુશાલી તેમજ આવા દરદીના ભલાને માટે આ શરટીફીકેટ મોકલવામાં મેં મારી ખરેખરી ફરજ બજાવી છે.

(સહી) વકીલ દેવકરણભાઈ વસંતરાય.

મુકામ શ્રીનગર

રતવાનોરોગ તે શું.

રતવાનો રોગ સ્ત્રીઓના શરીરમાં ગર્ભસ્થાનના ભાગમાં સખત ગરમી ઉત્પન્ન થવાથી થાય છે. એ રોગ ગર્ભને લાગુ પડતા પ્રસવ થયા બાદ ઘણે ભાગે અંદરની ઝેરી અસર કેટલાએક બાળકોને ૩ મહીને પાંચ મહીને અગર તાત્કાળીક લાગુ પડતાં બચ્ચાંના શરીર ઉપર વિકાર પામેલાં વાતાદિ દોષે. લોહી બીગાડી રતવા જેવા ચકંડળા તથા ગાંઠો થઈ આવે છે.

હું સઘળા બચ્ચાઓના ભલાને માટે ખુશીથી જણાવું છું, કે, મારા દીકરોના છોકરાને પહાડીઓ રતવા કે જેમાં મોટી મોટી ગાંઠો ને ચકંડળા જખમો તથા ધારા પડવાથી હરેકે આશા મુકાવી હતી, તે એમની દવા કરવાથી લગભગ દોઢ મહીનામાં તદન સારો થઈ ગયો છે, દવાઇ મુકી દીધાને સાત આઠ વરસ થઈ ગયાં છે. પણ તનદુરસ્ત સ્થીતી ભોગવે છે.

(સહી) કાવસજી આદરજી કાપડીઆ, પે.

પોષ્ટ માસ્તર, નાનપુરા, સુરત

હમારા ઘરમાં ઉપર દર્શાવેલા રતવાના રોગો સારા કર્યા છે. તે શિવાય હમારા કુટુંબમાં, ક્ષય, અને તાવ તેમજ કેટલાએક ગંભીર અને અસાધ્ય દરદો સારા કરવામાં સંપુર્ણ સંતોષકારક રીતે કુશળતા બતાવી છે જેને માટે એમનો મોટો આભાર માનું છું.

(સહી) મગનલાલ નારણદાસ ઈનકમટેકસ વાર્ડના ઈન્સપેકટર. મુ. સુરત.

આંખની હરેક દવા વખાણવા લાયક છે અને તે મારા જાતી અનુભવમાં છે. મારી આંખ લાંબો વખતની બગડી ગએલી જેને માટે ઘણા પૈસા બગાડયા. પણ ફોગટ ગયા તે એમના મમેરાના સુરમાથી ટુંક વતમાં ફાયદો થઈ સારી રીતે દેખાવ થઈ ગયો છે.

હરીરામ તીકમરામ આબકારી તલાટી તાલુકે ચોર્યાસી.

ગ્રહની પરીક્ષા

નબળા માહાગ્રહ જો હોય તો, નહીં ઊગર્યાની આશ;
॥ ઔશધ કરીને રાખવો, ઇશ્વરપર વીશ્વાસ. ॥ ૧ ॥

અરાઢ ભાર વનસ્પતિ છે

જેની ગણના કરવી મુશ્કેલ છે, પરંતુ કેટલાએક ગ્રંથોના અભ્યાસથી જાણવામાં આવેલી ટુંક સમજુતી નીચેના ભાગમાં દર્શાવી છે.

વનસ્પતિમાં છ કરોડ, અને છતરીસ હજાર છોડ છે. એની ગણુતરી એક એકથી જુદા એક એક ભાગ ગણવો. એવી રીતે અરાઢ ભારના ભેદ ચાર છે, છ ભાર વેલાની ગણત્રી છે. ચાર ભાર કાંટાવાળા વૃક્ષોની ગણત્રી છે, ફુળવાળી ચાર ભાર, અને ફુળ વગરની ચાર ભાર છે, એની પરીક્ષા વૈદ્યોએ વનસ્પતિ વારંવાર જોવાના અને તેને ઓળખવાના અભ્યાસથી થાય છે.

જેમ-દોરો પાન ઉપરથી ઝાડની, તુર્ત પરીક્ષા થાય;

અપુર્ણ.

કાષ્ટૌષધીમાં-લીલી સુકીનું-માપ.

જે જગ્યાએ દવા વાપરવી હોય ત્યાં સુકી ઔષધી સાથે લીલી બમણી લેવી. તે લીલી ઔષધીમાં સુકી તેનાં માપથી નિમે લેવી.

સરટીફીકેટ.

આમરવા સાથના માથાના દુખાવા પાંચ મિનિટમાં સારા થએલાઓના નામ-ઠામ, આરામ થયાનો વખત.

૫-થી૧૦-મિનિટમાં.

	નામ	ઠેકાણું	કઇ મુદતનું દરદ
૧	નસરવાનજી સોરાબજી કંટ્રાકટર	વલસાડ	૨૫ વર્ષનો
૨	મહુમદભાઇ ઇબ્રાહીમ લાખી	પાનોલી	૨૨ વર્ષનો
૩	હીરાચંદ અમીચંદ	વડોદરા	૧૮ વર્ષનો
૪	પ્રભાશંકર શીવશંકર હેડ માસ્તર	કરાંચી	૧૭ વર્ષનો
૫	દયાશંકર શીવશંકર માસ્તર	અંકલેશ્વર	૧૦ વર્ષનો
૬	ચીમનલાલ ગોકળદાસ કંટ્રાકટર	અમદાવાદ	૫ વર્ષનો
૭	ગોદરેજી નવરોજી સોપારીવાળા	પુના	૫ વર્ષનો
૮	નવાજબાઇ પાલણજી પસ્તાગીઆ	રાંદેર	૩ વર્ષનો
૯	જહાંગીરજી મનજીભાઇ ઇજનેર	સતારા	૨ વર્ષનો
૧૦	ગોરધનદાસ મગનભાઇ-હરમાન ગલી	મુંબાઇ	૧ વર્ષનો

ઉપર બતાવ્યા શિવાયના બીજા સંખ્યાબંધ સરટીફીકેટો હમારી પાસે જોવાને ખુલ્લાં છે. પરંતુ સ્થળ સંકોચને લીધે નકલ મુકી શકાઈ નથી. એક વર્ષની અંદરના સારા થએલા દરદીનાં સરટીફીકેટો લેવામાં આવતા નથી.

નાડી સંખ્યાદિજ્ઞાન.

મનુષ્યોના શરીરમાં નાની અને મોટી મળી ૩૫૦૦૦૦૦૦ સાડા ત્રણ કરોડ નાડી છે, એ સઘળી નાભી સાથે બંધાઈ તિરછી ઉપર અને દેહના અધો ભાગમાં સ્થિત રહે છે. ઉપલા ભાગમાં જે સાડાત્રણ કરોડ નાડી કહી તે જેટલા શરીરમાં રોમ છે, તેના છીદ્રો તે સઘળા નાડીના મુખ છે, જેમાંથી પસીનો ઝરતો રહે છે.

એ સાડાત્રણ કરોડ નાડીમાં ૧૦૭૨ નાડી સુક્ષ્મ છે, એ દેહમાં પવનને ધમાવે છે. પંચેન્દ્રિય દ્વારા શબ્દ સ્પર્શ-રૂપ-રસ-ગંધાને ગ્રહણ કરે છે. ઉપલી નાડીમાં નાના છિદ્ર વાળી નાડી ૭૦૦ સાતસો છે એ અંન્ન રસમાં વહેવા વાળી છે.

ઉપલી સાતસો નાડીમાં ૨૪ નાડી મુખ્ય છે. નાભીમાં કુંડળી નામની શક્તિશર્પ આકારે વસે છે, તેમાં દશ ઉપર અને દશ નીચે જનારી અને બળે વાંકી જનારી મળી ૨૪ થઇ.

એમાં પ્રાધાન્ય દશ નાડીઓ છે એ દશ નાડીઓ વાયુને પ્રવાહક કરવા વાળી છે.

ઉપર બતાવેલી નાડીઓમાં ઇંડા-પીંગળા-સુષુમ્ના પ્રાણુને રાખવા વાળી છે. એનું જ્ઞાન મેળવવાનો અભ્યાસ રાખવાથી તેની ગતી કેવા પ્રકારની છે, તે સમજાય છે.

નાડી વિષે.

॥ नशास्त्र पठना द्वापि, नबहु श्रुत कारणम् ॥
॥ नाडी ज्ञाने मनुष्याणां मभ्यास कारणं परम् ॥ १ ॥

નાડી જ્ઞાન કેવળ શાસ્ત્ર ભણુવાથી અગર નાડી સંબંધી ઘણી વાતે કરવાથી, થતું નથી. પરંતુ નાડીજ્ઞાન કેવળ અભ્યાસની વૃદ્ધિથી થાય છે. જેમ યોગયાકાસ એ અભ્યાસથી થાય છે તેમ નાડી વિશે પણ સમજવું.

પુરૂષ તથા સ્ત્રીની નાડી જોવા વિષે ભેદ

॥ स्त्रिणां वामाभिषक हस्ते, पुरुषाणांच दक्षिणे;
॥ ईतिप्रोकतो मया देवि, सर्व देहेषु देहि नाम् ॥ १ ॥

સ્ત્રીના ડાબા હાથની નાડી જોવી અને પુરૂષના જમણા હાથની નાડી જોવાથી ઉપર બતાવેલા અભ્યાસ વડે મેળવેલા જ્ઞાનથી વ્યાધી માલમ પડે છે. એ પ્રમાણે સઘળા દેહ ધારીઓ વિશે જોવાની વિધી છે.

પરંતુ નપુસક એટલે હીજડો કે, પવઇ વિશેની નાડી જોવાની પરીક્ષા જુદાજ પ્રકારની અગમ્ય છે. શંકાનો ખુલાસો રૂબરૂ થશે.

વૈ. શા. મ. પા. વિશે જણાઉછુ કે, વૈદ્યને લગતાં તમામ ગુણો એમનામાં છે એટલુંજ નહીં. પણ વૈદ્યક શાસ્ત્રના સમર્થ ગ્રંથોનું ઉંડાણ જ્ઞાન ઘણું સારૂં એઓએ મેળવ્યું છે.

મારી ધણીઆણીને ચાલુ બીમારી જેને વિશુચિકા કહે છે. જે લાગુ પડતાં કેટલાએકે આશા મુકાવી હતી. તે એમની દવા કરવાથી શાંતા નંદિની પ્રાપ્તિ થઇ વ્યાધી નિવૃત્ત થતાં આરામ થઈ ગયો છે. એઓ સ્વભાવના મીલનસાર નિર્લોભિ અને દરક દરદી તરફ સારી કાળજી રાખી તેમના મનને સંતોષ આપે છે.

(સહી) વકીલ સુરભાઈ ત્રીકમદાસ,

મુકામ, સુરત.

આનંદ

એજ વ્યાધીનીની નીર્મૂળતાનો ખરેખરો પાયો છે.

આનંદ આનંદ અને આનંદ એજ આ શરીરના સઘળા સુખનો પાયો છે. અન્નમય કોષ

છે. તેમ આનંદમય કોષ વધારવાનું વ્યસન રાખવાથી. શરીરનું, મનનું, અને બુદ્ધિનું એપ્રમાણેના દરેક દુઃખો આનંદથી મુક્ત થાય છે. રોગી માણસેતો દુઃખમાથી પણ સંતોષ રાખો આનંદમાં વર્તન રાખવું, એજ મુખ્ય વ્યાધીની વારણ થવા માટે ખરેખરૂં કર્તવ્ય રૂપી ઔષધ છે.

કેટલાએક રોગી અને નિરોગી સ્ત્રી અને પુરૂષોને તો એવી ટેવ હોય છે કે, કેટલીએક વાતો ઉપર બળાપો, ચિત્તવૃત્તિ ને ઉદાસીન રાખો ખાંજવાટ ભરેલા વચનોથી મનને કલેશ ધારણ કરી વગર વ્યાધીએ વ્યાધી કરી દેવામાં ખોટી સમજ વાપરી તનદુરસ્તિમાં બીગાડો કરી મુકે છે. જેથી લોહી શરીરનું પોષણ કરનાર દરેક ધમનીઓમાં સ્વચ્છ ફરતું અટકી, લોહી ઉકળતા મગજની જ્ઞાન તંતુઓમાં ડબાણ પોંહોચતાં માનસિક રોગો પોતાને હાથે ઉત્પન કરવાના ભોગી થઇ પડે છે. માટે એવા હેતુઓથી સાવધ રહેવા માટે આનંદમા હંમેશ વખત જાય, તેવા ધર્મ જ્ઞાન સંબંધી પુસ્તકો અને એવા કાર્યોમાં સદૈવ અભ્યાસ રાખવો. જેથી ચિત્તવૃત્તિ આનંદમય રહે—એજ વિજ્ઞપ્તિ છે. જેનો સિદ્ધાંત નીચે.

સ્પષ્ટ-કરણ-દોહોરા.

॥ દ્રષ્ટ પદારથ નાશતે, પ્રગટ અવિધા ફંદ,
॥ તુ સાક્ષી સર્વોપરી, જેહ સચ્ચીદાનંદ. ॥૧॥
॥ જાગ્રત[1] સ્વપ્ન[2] સુસોપ્તી,[3] ભુત-ભવિષ્ય લર્તમાન,
॥ તું આત્માજત્રી કાળમાં, સતુએ માટય નીદાન ॥૨॥
॥ જાગ્રતાદી વસ્થા તણો, જાણુ જથા રથ જેહ,
॥ ચીદ્-પદ-નોતું-ચોકસી, તેમાં નહી સંદેહ. ॥૩॥
॥ પરમ પ્રેમાસ્પદ રૂપ છે, માટે પદ આનંદ,
॥ મણીરસીક ત્રીપદ તણું, અર્થ અનુક્રમ છંદ. ॥૪॥

ટીકા-સત-ચીત-આનંદ-નું

સચ્ચીદાનંદ-થાય છે માટે ચીત્તવૃત્તિ આનંદમાં રાખવાથી કાળાંતરે જો આનંદને ઓળખવાનો અભ્યાસ રાખવાથી પરમાત્મા સચ્ચીદાનંદની કૃપા મેળવવા પણ ભાગ્યશાળી થઇએ.

સરટીફીકેટ ક્ષયરોગ સારા થયાના

મારી છોકરીનામે ભીખાઇજીને લાંબી મુદતથી ક્ષય રોગ લાગુ પડતાં ઘણી દવાઇ કરી કંટાળી ગએલા તેમજ આશા પણ મુકી દીધેલી, એવામાં વૈ૦ શા૦ મ૦ પા૦ની દવાઇથી વ્યાધી તદન સારો થઈ ગયો છે. દવાઇ મુકી દીધાને લગભગ આઠ દસ વરસ થઇ ગયાં છે.

(સહી) પાલણજી જામાસજી પોષ્ટવાળા

મુ૦ સુરત, નાનપરા પોપટ મોહોલ્લો.

નં૦ ૨

મારી છોકરી નામે જરબાનુને ક્ષયરોગ થએલો, જેને માટે ઘણા વૈદ તથા ડાકટરની દવા કીધેલી પણ સારો ન થતાં, વૈ૦ શા૦ મ૦ પા૦ની દવા કરવાથી તદન આરામ થઇ ગયો છે. દવા મુકી દીધાને દશ બાર વરસ થઈ ગયા છે.

(સહી ખરશેદજી દોરાબજી દારૂવાળા.

મુ૦ સુરત, શાહપોર.

નં૦ ૩.

મારા છોકરાને ક્ષયરોગ થતાં, ઘણાઓએ આશા મુકાવી હતી, તે એમની દવા કરવાથી, તદન બે મહીનામાં સારો થઈ ગયો છે. જેથી એમનો મોટો આભાર ખરેખરા

અંતઃકરણથી માનું છું. આરામ થઈ ગયાને લગભગ દશ વરસ થઇ ગયાં છે.

(સહી) નાનાભાઈ દુવારકાદાસ મારફતીયા.

ઠે૦ સુરત, સોનીફળીઆ.

નં૦ ૪.

મારા અરાડ વરસના છોકરા નામે શેહેર યારજીને આશરે ત્રણ વરસથી ક્ષયરોગ લાગુ પડતાં દરેકે આશા મુકાવી હતી, દવા કરવાથી, ચાર મહીનામાં આરામ થઈ ગયો છે, જેની જડ જવાને આજરે નવ વરસ થઇ ગયાંછે.

(સહી) ડાકટર ધનજીશા રૂસ્તમજી

મુ૦ પુના.

નં૦ ૫.

વૈ૦ શા૧ મ૦ પા૦ હમારા કુટુંબ વૈદ છે. હમારી એક છોકરીને ક્ષયરોગ સારો કર્યો છે. એવણ સ્વભાવે દયાળુ અને પરોપકારી છે. આપણા જૈનમાર્ગમાં સાધુઓ, સાધવીઓ વિગેરેની દવા કરવામાં કોઇ પણ તરફથી ફળની આશા રાખ્યા સિવાય કરે છે, જેમાં સંપૂર્ણ ખાતરી થઈ છે.

(સહી) ઝવેરી ભીખાભાઈ મેળાપચંદ.

જુની અદાલત સુરત.

નં૦ ૬.

મારી ધણીઆણીને સખત ક્ષયરોગની દવા કરવાથી તદન સારી થઈ ગયાંને આશરે વરસ દશ થઇ ગયાં છે.

(સહી) ડાયાભાઈ દુલ્લભભાઈ.

મુ૦ વરીઆવ.

નં૦ ૭.

મને ક્ષયરોગ ત્રણ વરસથી લાગુ પડતાં જીવીતની આશા છોડી હતી, એવામાં વૈ૦ શા૦ મ૦ પા૦ની દવા એક મહીનો કરવાથી સારૂ થયાને આશરે વરસ નવ દશ થઈ ગયાં છે.

(સહી) કેશવજી પરસોતમદાસ

મુ૦ સુરત, રેમતપુરા.

નં૦ ૮.

મારી ધણીઆણીને દમનો સખત રોગ સારો કર્યો છે. જેની બીલકુલ આશા નહોતી, જેને સારૂ થયાને લગભગ પંદર વરસ થઇ ગયાં છે, અને તંનદુરસ્તીમાં છે.

(સહી) ઠાકોરદાસ વીજભુખણદાસ.

મુ૦ વાડીફળીઆ, સુરત.

સરટીફીકેટ-મમેરાના સુરમાનું—મારી ધણી-આણીની આંખમાં મોતીઆનું પાણી ઉતરવાથી વૈ૦ શા૦ મ૦ પા૦નો મમેરાને સુરમો તથા મોતીનો પાક, વી. પી. થી મંગાવી એમના કહેવા મુજબ ઉપયોગ કરતાં લગભગ દોઢ, બે મહીનામાં સારી રીતે દેખી શકે એવી આંખ સુધરી ગઇ છે.

(સહી) બાબુ કનઈયાલાલ બ્રીજલાલ પ્રોફેસર.

મુ૦ કલકત્તા.

ટીકાકારને ખુલાસો.

कस्यदोष:कुलनास्ती—व्याधिनाकेन पीडीत :॥

व्यसनं केन न प्राप्त कस्य सौख्य निरंतरम् ॥

અર્થ—કોનાથ કુળમાંનથો ! વ્યાધિથી કોણ પીડાયો નથી વ્યસન કોણે પ્રાપ્ત કર્યું નથી ? નીરંતર એક સરખું સુખ કોણને ટકી રહ્યું ? સવાલ જવાબ બધેજ નકાર છે. એટલે દરેકમાં દોષ અને ખામી તો ખરાજ. માટે

દુહો—ચુક જીવકો ધર્મ હે, ક્ષમા ધર્મ એક જ્ઞાન
મણીશંકર તેમને; પ્રીત્યે કરે પ્રણામ ! ૧
વૈદ્ય કરણી પુર્શ તે, જેણે સરજ્યા વેદ;
ભાશ્યા જાણે બીજા પણ, નગણે કારણ ભેદ ૨

સૌ કરતાએ સરજીયા, સ્થાન બતાવ્યા બોલ;
અર્થે હોયે એક સૌ, જેમ કાંટાનો તોલ. ૩
ભાશામાં ભારેપણું, માને મતીનો મંદ;
ગીંગો ગોબર ઠેલવા, માંડે વાંકો ફંદ. ૪

ટીકા.

ગીંગોકરી એક જાતનો ભમરો દુરગંધી ઉપર બેસે છાણુના ગોળામાં ઢવાળીને અવળે પગે ઠેકીને ઠેલનો પાછે પગલે હીંડે એવી અવીચારીપણે ભાસ્ય કરનાર વીશ્વથી વીપરીત હોય.

દુહો—શીખ્યા સરખી સર્વને ડામણુ સૌને હોય,
મુળ ડગે નૈ માપથી, જો સમજીને જોય. ॥૧॥
પ્રીત્ય પરસ્પર વૈરતા ઈંદ્રી વીશય વીવેક,
જન્મ મર્ણની ઝાળ તે આખા જગમાં એક.

નીલમણી અર્કથી—મારી આંખના ફુલા દરેક અસાધ્ય ગણેલા તે ૨૦ દીવસમાં તદન સારા થયાં છે.

(સહી) **માસ્તર જગન્નાથ રઘુનાથ**

મુ૦ સાયણ.

આંખના પડદા ફાટી ગયા તે સારા થયા—મારી આંખે ઘણી લાંબી મુદત્તથી આંધળો થએલો, જેને માટે

સુરત, મુંબાઈમાં આંખ સંબંધી દવા કરનારાઓએ મારી આંખ તપાસી કહેલું કે, તમારી આંખના પડદા ફાટી ગયા છે, એવી સલાહ આપતાં સારૂં થવા વિશે ના કહી હતી. એવામાં વૈ૦ શા૦ મ૦ પાં૦ નો મમેરાનો સુરમો તથા મોતીનો પાક ખાવાથી, થોડી મુદત્તમાં તદન દેખતો થયો છું.

(સહી) માસ્તર કૃષ્ણારામ જગજીવન
મુ૦ સુરત, ભુત શેરી.

મમેરાનો સુરમો તથા નિલમણી અર્ક.

મોતીનો પાક, અને મોતીના ઠંડા સુરમાંથી સારા થએલા દરદીના નામ–ઠામ–ઠેકાણાં વિગેરે સ્થળ સંકોચને લીધે ટુકાણમાં દર્શાવ્યા છે.

(સહી) ચપડીઆ કેવળભાઇ જીવણભાઇ વડવાલી શેરી એમની આંખની દરેક દવાથી સંખ્યાબંધ દરદી મેં મારી જાતે સારા કર્યાં છે.

નામ–ઠામ–ઠેકાણું વ્યાધિનો વખત સારા થયાનો ટાઇમ.

(સહી) ઠક્કર ચુનીલાલ પરસોતમદાસ જદાખાડી સુરત.

મોતીઓ ૩ વર્ષનો ૧ મહિનામાં સારો.

(સહી) કંસારા ભીખાભાઈ અંબારામ હરીપુરા, સુરત.

મોતીઓ ૫ વ. નો ૩ મહિનામાં સારો.

(સહી) સોની મથુરાદાસ આત્મારામ મનીઆરાશેરી સુરત

ડેયા છામરવા વ. ૮ નો ૨ મહીનામાં

(સહી) હાજીભાઈ અહમદભાઈ આબકારી ઈન્સપેકટર
મુ. લાજપોર તા. સચીન

મારી ઘણીઆણી છોટીબાને બંને આંખના ફુલા વરસ
૫ના ૩ મહીનામાં સારા થયા.

(સહી) ચોકસી બાપાલાલ ઈચ્છારામ

મારી છોકરીની બંને આંખમાં કાળીકોમાનુસુર ૧ મહિનામાં

(સહી) દેવરાજ વારતાભાઈ સલાબતપુરા સુરત.

છોકરાને ઝામરવા ૩ વ. ૫ મીનીટથી ૧ રહિ.

(સહી) રઘુનંદર ભગવાનસીંહ પો. ડો. સ્ટેટ સચીન

ફુલા—છારી ૧—વ.નો ૨૦ દીવસમાં

(સહી) પ. અબદુલ રસુલ હાંસોટ પ. ગા. ડુંગરી

છોકરાને ડેયા-ફુલા—૩ વ. નો ૧ મહિનામાં

હૃદયશુળનું સરટીફીકટ.

હમારા એક વતની પણ હાલમાં ભરૂચના રહીશ ઝવેરીલાલને ઉપલો વ્યાધી થવાથી મેં તેમ બીજાઓએ તેમની કરવા છતા આરામ ન થવાથી મારા રૂબરૂ ૧૫ દીવસ એમની દવા કરવાથી ખાત્રી થઈ છે કે ફરીથી એ દરદ ઉદભવ્યું નથી.

(સહી) વૈદ્ય લીલાધર હરિશંકર મુ. કરાંચી.

મને છાતીનું ઘણું સખત દરદ થવાથી દવા કરી કંટાળી જીવીતની આશા મુકી હતી તે એમની દવાથી એક દીવસમાં ફાયદો મળતાં એક મહીનામાં જડમુળથી આરામ થઈ ગયો ને જેને ત્રણ વરસ થઈ ગયા છે.

(સહી) નારણદાસ કાસીદાસ મુ. સુરત હેળાપીઠ.

સ્વભાવનું ઔષધ.

આથી જણાવવામાં આવે છે કે સ્વભાવ કે જેનું ઔષધ નથી એમ કેટલાએકનું માનવું છે, અને કેહવું છે. પણ તે તદન અસંભવીત છે, અને એના ગુણ ગ્રહણ કરવાથી કદી પણ નીષ્ફળ જાય તેમ નથી. મગજની અંદર રહેલી શીરાઓને જ્ઞાનતંતુ કરી કહે છે. તે દરેક કામ કરવામાં એ ચેતન આપે છે, અને તે દ્વારા એ વિચાર બાહાર નામમાં લખવામાં અગર બોલવામાં પ્રકાશ કરે છે.

વેદાંગોવચ સત્વ વાપરવાની વીગત.

હવે ઉપલી દવા વાપરવાથી રાજસ અને તામસ ગુણોને અલગ રાખી સાત્વિક ગુણોમાં પોતાની ફરજ બજાવે છે મગજની જ્ઞાન તંતુનું દ્રઢ થવું ખરો વીચાર કાયમ દાખી મન ઉપરનું ઉદાસીન વાદળ દૂર થઈ મન સ્થિર થાય છે જેથી માનશીક રોગો શરીરમાં પ્રવેશ થવા પામતા નથી.

ઉપલી દવામાંથી સવાર સાંજ ૪–૪ વાલ દવા પાણી આઉંસ ૧માં પલાળી ૧૦ મિનિટ થોભ્યા બાદ પી જવી. પરેજી કોઇ પ્રકારની નથી. કીંમત શીશી ૧ના રૂા. ૨

ઉપલી દવાની વારંવાર સુચના અને તેને લગતું શોધન કરવામાં અત્રેના શ્રીયુત હજુર ડેપ્યુટી કલેકટર સાહેબ દુર્ગેશ્વરભાઇ નટવરજી કે, જેઓ એક સાત્વિક ગુણના નિરાભિમાની અને વેદાં ૧ વિષયના તત્વ જ્ઞાની હોવાથી સમાગમીઓના મનને આનંદ આપવામાં એક પરોપકારી વૃત્તિવાળા છે. એઓ તરફથી સંપુર્ણ મદદ મળવાથી જે દવા તૈયાર થઇ છે. તેમાં જન કલ્યાણથેં મળતા આશિર્વાદથી એઓશ્રીનો આભાર સાથે ઉપકાર માનું છું. તેમાં પણ દુઃખીઓના અંતઃકરણને મળતા આશ્વાસનથી એઓ શ્રીનું સંપૂર્ણ કલ્યાણ સમાયલું છે.

સરટીફીકેટ.

વૈ. શા. મ. પા. ને લખી મોકલવામાં આવે છે કે, તમારી ઉપલી દવાથી મગજની ભ્રમણા હંમેશને માટે દૂર થઈ છે. હવે મગજ કામકાજ કરવામાં મજબૂતાઈ ભરેલો થયો છે. તેમજ દંતમંજનથી લાંબી મુદત્તનાં હાલતા દાંત મજબૂત થયા છે. અને માથાનો દુખાવો પાંચ મિનિટમાં તમારી દવાથી સારો થયો છે.

(સહી) ગોવીંદરાવ, બી, એન, સરફોજદાર.
વડોદરા રાજ્યના.

વિસ્ફોટક સારા થયેલા.

૧—મોઢું આપ્યા શિવાય આરામ થાય પછી છ વરસે લખી આપ્યું.

(સહી) ઝવેરી પ્રેમચંદ હેમચંદ ગોપીપુરા સુરત.

૨—સારૂ થયાં પછી ચાર વર્ષ બાદ જણાવું કે માહા વુથાવાળો વિસ્ફોટક ૧૫ થી ૨૦ દિવસમાં નાબુદ કર્યો છે.

(સહી) છગનલાલ વખતચંદ સુરત નાણાવટ.

૩—મારા ધારવા પ્રમાણે વિદ્વાન પંડિત જે માન એમને મળે છે એ ગુણ એમની દવા અને પરોપકાર વૃત્તિનું સાધન હું સમજું છું. મારા અનુભવમાં મારી એક છોકરી જયદા કુંવરીને મોઢું આપ્યા શિવાય વિસ્ફોટક સારો કર્યો છે.

(સહી) વૈ. શા. વિશ્વનાથ વીનાયકરાવ મુ. રાજકોટ.

ગર્ભને જઠરાગ્નિ કેમ પાચન કરતો નથી.

॥ અધો મુખે તે ઉદરે વસે છે;
॥ જરા જળે પુર્ણ સદૈવરે છે,
॥ પ્રવેશ તેમાં પવને ન થાયે;
॥ તે કારણે ગર્ભ પચી ન જાયે.

મને ત્રણ વરસનો માથાનો દુખાવો પાંચ મિનિટમાં સારો કર્યો તે સાથે, મૃગી (ફેફરાનો રોગ) અને સંગ્રહણી જેવા સખત રોગો સારા થય ને સાત વરસ થઇ ગયા છે.

(સહી) કીશાભાઈ છબીલદાસ મુંબાઈ.

છ માહા રોગ સારા થયા—વધરાવળ, વિસ્ફોટક, હરસ સખત તાવ, પેટનો ગુલ્મ, તેમજ ગરમીના રોગો એક પછી એક સારા થયા.

(સહી) સુબેદાર દુર્ગાશીંગ દેવીશીંગ મુ. પ્રયાગ.

એમની મદનયોગેશ્વર કસ્તુરીની ગોળી વી. પી. થી મંગાવતાં શકિત ઉપર આબાદ ગુણ ધરાવે છે. તેમ દંતમંજતની દવા અકસીર છે.

ગણપતરાવ નારાયણરાવ ડી. પો. ઇ. જી. જળગામ.

દાંતમંજન.

થી હાલતા દાંત મજબૂત થઇ—સજડ થાય છે. અવાળુનું ચડવું, લોહીનું નીકળવું, કળતર વિગેરે ઉપર અકસીર છે. કીંમત શીશી ૧ના આના ૪.

દંતમંજનથી મારા પોતાના દાંતમાંથી નીકળતી રસી બંધ થઈ તેની સાથે હાલતા બંધ થયા છે.

એબી, જો. હેડ એકાઉન્ટંટ—માલેગામ ધુલીઆ.

દશ મિનિટમાં બાલ નીકળી જાય છે,

બાલ નીકળી ગયેલી જગ્યાએ ડાઘ અગર રંગમાં ફેરફાર થતો નથી તેમ બાલ નીકળી ગએલી જગ્યાએ ૭ વાર ૧૦-૧૦ મિનિટ પછી વારંવાર ચોપડવાથી પાછા ઉગતા નથી. વીષી પાણીમાં બરાબર મેળવી બે ત્રણ મિનિટ રેહેવા દઈ દોરા પુર જાડો લેપ કરવો ઉપર બતાવેલા ટાઇમે કાઢી નાખવો—કીંમત શીશી ૧ના આના ૪.

બરોળનું સરટીફીકેટ.

આઠવરસનુ બરોળનું દરદ સારૂં કર્યું છે, જે હાલ નવ વરસ થઇ ગયાં છે.

ગજ્જર ફકીર ભીખાભાઈ રેમતપરા, સુરત.

સ્ત્રીને થતું છોડ.

સ્ત્રીને ગર્ભ રહ્યા પછી તે થોડી મુદત્ત વૃદ્ધિને પામી પાછળથી તેમાં કાંઇ વિકૃતિ થવાને લીધે, તેની વૃદ્ધિ અટકી જાય છે, અને ગર્ભાધાનના જે ચિન્હ થતાં હતાં તે બંધ પડી જાય છે. ગર્ભની આવિકૃત્તિને છોડ કહે છે, કેટલીએક વખતે આ વિકૃત્તિ ગર્ભ રહ્યાની સરૂઆતથીજ થાય છે. તેની આસપાસ એક જાતની માંસની વૃદ્ધિ થાય છે. જે સારી પેઠે વધવાથી ગર્ભને નીર્જીવ કરી દે છે—છોડ બે જાતનો છે, એક ખોટો અને બીજો ખરો જેના ચિન્હ તપાસીને યોગ્ય દવા અને સલાહ આપવામાં આવશે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

રિષ્ટ વિના મૃત્યુ નથી.

॥ पुष्पं फलस्य धूमेग्नि ॥ वर्षस्य जलदोदयाः ॥
॥ यथा भविष्य तो लिंग ॥ रिष्ट मृत्योस्तथा ध्रुवम् ॥१॥

જેમ ફળ થતાં પેહેલાં પુષ્પ જોવામાં આવે છે. જેમ અગ્નિ પ્રગટ થતાં પેહેલાં ધૂમાડો જોવામાં આવે છે. અને જેમ વૃષ્ટિ થતાં પેહેલાં વાદળ ચડી આવેલું જોવામાં આવે છે તેમ મૃત્યુ થવાનું હોય તે પેહેલા રિષ્ટ ચિન્હ પ્રકૃત્તિ બદલાઇને વિકાર ઉપજવો તેને રિષ્ટ ચિન્હ કહે છે) પણ નિશ્ચય જોવામાં આવે છે.

આયુષ્ય એટલે શું.

॥શરીરને પ્રાણ સંબંધરે છે, વિપક્ષી તો આયુષ્ય તે વદે છે,
॥દૈવાધીને તેહ વીયોગ થાએ, મુનીંદ્ર મૃત્યુ કરી તેહ ગાયે.

મૃત્યુનુ લક્ષણ.

॥ પ્રાણ પડયાને ટાંકણે, તે વડતનની થાય;
॥ તો શું મૃત્યુ ના મટે, ઓષધને ઉપાય.

ઊત્તર

ાનીર્મિ થયું સર્વ નીમીત શીવે, જન્મ્યો કદાતે જન કોન જીવે;
ાવ્યાધી હરે ઔષધીયો કદાપી, અવશ્ય મૃત્યુ નમટે તથાપિ,

અમ્લપિત્ત—ખાધા પછી જે ખોરાક ટકતો નથી તેને અમ્લપિત્ત કહે છે. વર્ષાઋતુમાં સ્વકારણુથી સંચીત થઈ રહેલું પિત્ત દુષ્ટ થઇ અમ્લપિત્ત પેદા કરે છે.

સરટીફીકેટ આમ્લપિત્ત સારો થયાનું—મને સાત વરસનો આમ્લપિત્તનો રોગ સારો કર્યો છે. તેમજ મોતીના પાકની ડબ્બીઓ વારંવાર મંગાવવાથી મગજ અને આંખની ગરમીને અકસીર ફાયદો આપે છે.

વકીલ જેવચરામ ઈચ્છારામ મુ. જોધપુર.

પીનસ નાકમાંથી પડતાં છોડ ઉપર—આ તેલ મુકવાથી પીનસ નાકમાં છોડનું ખાજવું. ખપડી પડવી, તથા ચાંદીને રૂંજવે છે—કીંમત શીશી ૧ના આના ૪

પ્રતાપ લંકેશ્વર તેલ—કાનમાં સવાર સાંજ ત્રણ ત્રણ ટીપાં મુકવાથી, બેહારાસ, ચસકા, શૂળ, અને નીકળ તીરસી ત્રણ દીવસમાં દૂર કરે છે. કીંમત શીશી ૧ના આના ૪

શાગર ગોટા હિસત્વ—બવાશીર–હરસ માટે વાહાડ કાપ કરવાને દરજ્જે પોંહોચેલાને દિવસમાં ત્રણ વખત પાણી સાથે ફાકી જવાથી આરામ થાય છે. કીં. શીશી ૧ ને રૂ. ૧.

ઠંડો મલમ—આ મલમથી કાળો કોડ, કરોળીઆ ચામડીના ગમે તે પ્રકારના ડાગ, તથા ચાઠાં, આંખની કીકીની આસપાસની કાળાસને, ૮ દિવસમાં મટાડે છે. ડબ્બી ૧ના આના ૪

ગંગા લહેરી—આ દવા લીંબુના રસમાં ચોપડવાથી ત્રણ દિવસમાં આરામ કરે છે. ડબ્બી ૧ના આના ૪

ધનુરવાની—સખત બીમારી કે જેની આશા મુકી હતી તે સારી કરી છે.

શોની હરકીશનદાસ દામોદરદાસ સોનીફળીઆ સુરત.

મારી ધણીઆણી લાંબા વખતથી હરસની બીમારીથી રાત દીવસ બેચેહેન રેતી હતી તે શાગર યોગદિથી ૧૫ દિવસ માં તદન સાદી થઇ છે.

(સહી) ઠક્કર મોરારજી જાદવજી મુંબઇ

ખરસવાનો મલમ—ગમે જાતના હાથપગના ખરસવાનીકીડ ખુજલી તથા અંદરથી નીકળતી રસી ઉપર ચોપડવાથી આઠ દિવસમાં જડ કાહાડે છે, ડબ્બો ૧ના આના ૪

નીલમણીઅર્કથી—મારી ધણીઆણીને બંને આંખમાં ફુલાં પડવાથી દેખાતું ન હોતું તે આઠ દિવસમાં તદન આરામ કરવાથી એમનો જીંદગી લગીનો આભારી છું

(સહી) ઠા. પરવતસીંગ જેસીંગપરમાર જાતે ગરાસીઆ

મુ. સચીન.

સુર્યોદયસત્વ— આ દવા વાલ ા થી ૧ લઈ દુધમાં જોઇ શાકર મેળવી લેવાથી ૫ થી ૧૦ મિનિટમાં માથાનો દુઃખાવો આરામ થાય છે. કી. પડીકાં.-૮નો રૂા. ૧

માથાના દુઃખાવા ઉપર સુર્યોદય અર્ક-ના ૨ આ ઊમદા અર્ક ઘણી અમીરી ચીજોની મેલાવટ કરી બનાવેલો છે, જેનો ઉપયોગ ૧૦ થી ૧૫ ટીપાં હાથેલીમાં લઈ કપાળ ઉપર મસળવાથી તેમજ એ દવાનો નાશ લેવાથી માથાનો દુખાવો શાંત કરી મગજને બરફ કરતાં વધારે ઠંડક આપે છે. -શીશો ૧ ના આના ૭.

વૈદ્ય—બોધ

જન જોઇને આપવી આ દવાયે, ફરીથી તેમાંથી ફજેતી ન થાએ,
દુખે વૈદ્યને તાતના તુલ્ય જાણે-મટયા પુઠળે જમતણી જોડ જાણે.
કરી મુકાને ચોફેરા ચા - ખોલે-વધે માદગી આખાને બોલલે,
મને મુળગુ કયાં થયું છેજ સારૂ- અરૂણુ આથમે થાય છે રોગ જારૂં.
મટેતો કેસે મારે કર્મે ઉગાર્યો-નરેતર કેહજે પેલે વૈદ્યે માર્યો,
બાધી જે વેળા વૈદ્યની ઔષધી છે-વદે તવ કહે જે લવારી વધી છે.
દવાથી કહે વૈદ્ય દુઃખ તો મટયું છે-રોગી કે બાધા આખડીથી મટયું છે,
ભેષજ ભય થકી કે બાધક દર્દ ભાગો-રોગી કે ફકીરને દોરે ફેર લાગ્યો.
ફેરાફલ ન આપે ફજેતીજ થાએ-ડાયા વૈદ્યનો એ થકી તો લજાએ,
ખરીદી પ્રમાણે ખરૂં મુલ્ય લેવું-દવાદામ લઇને પડીકુંજ દેવું.
જુઠા જગતના જન જીત્યા ન જાએ-જુઠું બોલે તોનાજ ફરીઆદ થાએ,
નીજ નગન થઇ અન્યનેવસ્ત્ર દેવા-નથી ન્યાયના ગ્રંથમાં શ્લોક કેહવા.

श्लोक.

आ तुरेषु पीता वैद्य–स्वस्थे चिंतेच बाधवः
गते रोगेषुए वैद्य–सो वैद्य इतरे जनाः

હીસાબ કોનો રાખવો.

श्लोक–गीतीवृत.

॥ आयु क्षण लव मात्रं न लभ्यते हेम कोटी भिकवायी;
॥ तच्चेत गच्छति सर्वं, मृषातत् काधिकाहानीः ॥

કરોડો સોના મોહોરો ખરચવાથી ક્ષણ માત્ર પણ આયુષ્ય મળતું નથી, માટે એવા અમુલ્ય આયુષ્ય વરસોના વરસ પરમેશ્વરના નિયમો પ્રમાણે ન ચાલતાં, કેટલા એક વૃથા પક્ષી જેવી ક્રિયાઓમાં ગુમાવી નાખે છે, તે ઉપરાંત બીજી મોટી હાની શું ગણાય? પૈસા ટકાની હાનીનો સર્વ કોઇ હીસાબ કરે છે, પણ અમુલ્ય આયુષ્ય લુટાઇ જાય છે, તેનો હીસાબ કરતા નથી. એજ ધોળે દિવસે કેટલું અંધેર ગણાય. આયુવેદ શાસ્ત્રવેત્તાઓએ પણ સિદ્ધ કરેલું છે કે, આયુષ્યના આધાર ઉપર દરેક ધંધાનો હીસાબ કરી શકાય છે.

દરેક રત્નો આયુષ્ય.

સાચવવાથીજ—મળા શકે છે.

॥ મળશે હારાદામ, ઠામ પણ જીવે મળશે;
॥ ટળસે દેહના દોષ, હોશ હૈયાની ફળશે. ॥ ૧ ॥
॥ સુત વીત શામાને સદન, મોક્ષ મળે આકાયથી;
॥ ગત આયુષ્ય મળે નહીં, મણી અનેક ઉપાયથી. ॥ ૨ ॥
॥ દુખી ઓ થાયે દેહ, મોહ મમતા પરહરીએ;
॥ આકીન રાખી એક, અંગને ઔષધ કરીએ. ॥ ૩ ॥

નીયમીત પણામાં રહી, વૃત્તિનો નિશ્ચય રાખવાથી, ઉપદ્રવ ન થતાં, આયુષ્યનો વધારો થાય છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર

સાબીતી આપવામાં આવે છે કે,

આમાં દર્શાવેલા તમામ સરટીફીકેટો કે, જે, વૈદ્ય શાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકરને મળેલાં છે, તેમાં કોઈ પણ ગ્રહસ્થોએ ચાલુ ઔષધમાં આપ્યાં નથી પરંતુ વ્યાધી નિવૃત થયા પછી વરસ દાડે તથા પાંચ વરસે અને તેથી

પણ લાંબી મુદત્ત વિત્યા બાદ ઘણાજ સરટીફીકેટો મળેલા છે. જેમના ઘણાજ થોડા ઉપર દર્શાવ્યા છે.

(સહી) સુકદેવરામ આદીતરામ માજી

મુળીરાજના કારભારી.

સરટીફીકેટોની સાબીતી.

ખરે ખરી માહીતીથી વ્યાધી નીવારણ થયા પછીના મળેલા સરટીફીકેટોની હકીગતમાં ઉપલા મતને મળતો છું એટલુંજ નહીં પણ હમારા કુટુંબમાં, વાતોદર, બરોળ, તેમજ જવર, ક્ષય જેવા, અસાધ્ય રોગો, એઓએ જડ મુળથી સારા કર્યાં છે. એમનામાં : સાહસ કામ કોઈ રીતે જોવામાં આવતું નથી, અને જેમ વૈદ્યાને લગતાં તમામ ગુણો એમનામાં છે. તેમ એમના જેવી નાડી પરીક્ષા કોઈ પણ વૈદ્યની મારાતો અનુભવમાં આવી નથી.

ડી. જી. કે, એચ, જાગીરદાર સુરત.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

રત્ન-દર્શન,

સંસાર રૂપી માર્ગમાં તાપ :રૂપી સૂર્યના કિરણોથી ઉત્પન્ન થએલી દાહ રૂપી, વ્યથાથી ખેદ પામેલા, અને તેને લીધે જાણે નિર્જળભુમિમાં થાકીને જળની ઇચ્છાથી ભટકતા હોય તેવાં સંસારી લોકોને આધી, વ્યાધીથી, મુક્ત કરવા રૂપ સમીપમાં સુખદાઇ અમૃતના સમુદ્ર જેવા પરમ શાંતિ આપનારા શ્રી અશ્વનિકુમાર વૈધનાથ માહારાજા ધીરાજને શાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી આગ્રંથ અર્પણ કરૂંછું.

સ્પષ્ટી કરણ.

દુ:ખ નાશક મનોત્સાહ વર્ધક દર્પણમાં દર્શાવેલા વિષયો પ્રસંગોપાત ઘણા જાણવા જેવા છે, તેમજ પરમાત્માની કૃપાથી વ્યાધી નિવારણ થએલી વાણીનું રટણ કરવાથી પુસ્તકમાં આવેલા અમૂલ્ય વિષયો રોગથી અજ્ઞાન દશાએ પામેલાને અને નિરોગીને તેમ થતા અટકાવી વ્યાધીથી મુક્ત કરી શરીરને સુખ આપવામાં ખરે ખરૂં એક અમૂલ્ય જવાહિર છે. જે ત્રીપુટી રૂપે પુરવાર કરી આપે છે.

વૈધશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

ત્રિપુટી સર્વત્ર છે.

श्लोक.

॥ त्रया लोका स्त्रयो वेदा स्त्रय संध्या स्त्रयः सुरा॥

॥ त्रयोग्नेयो गुणा स्त्रीणि स्थिता सर्वत्रया क्षरे ॥ १ ॥

ભાવાર્થ—ભૂઃ ભુંવઃ સ્વઃ એ ત્રણ લોક છે.
એ ત્રીપુટીની એકતા બતાવનાર મહર્લોક છે.
ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, એ ત્રણ વેદ છે.
જે વેદત્રીયીનોનું સમીકરણ અથર્વેદ છે.
પ્રાતઃ મધ્યાન્હ, સાયં એ ત્રણ સંન્ધ્યા છે.
જે સંન્ધ્યાત્રયનું સામ્ય નિરઃપેક્ષ માહાકાળ છે.
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણ દેવ છે.
જે દેવતા ત્રયનુ મુળ સ્વરૂપ નિશ્કળ શિવતત્વ છે.
દક્ષિણાગ્નિ, ગાહર્પત્ય, આહવનીય, (વડવાનળ) અગ્નિ જઠરાગ્નિ) એ ત્રણ અગ્નિ છે.
જે અગ્નિત્રયનું એકત્ર સ્વરૂપ આખા જગતનું જીવન તત્વ છે.

સત, રજ, તમ, એ ત્રણ ગુણ છે. એ સ્વં ૐ માં છે. જેને ગુણાતિત કહે છે.

अ, उ, म, અને અર્ધ માત્રાથી ॐ બને છે. જાગ્રત અવસ્થા વિશ્વવિરાટ-उकार સ્વપ્નાવસ્થા હિરણ્યગર્ભ, मकार, સુષુપ્તિ અવસ્થા પ્રાજ્ઞ ઇશ્વર. अ. તુરીઆવસ્થા સાક્ષી ब्रह्म. એ सत्य છે.

ઉપર કહેલી ત્રિપુટીનું બધું સ્વરૂપ, વાત, પિત્ત અને કફ એ શબ્દોથી શરીર અંતઃરગત અનુભવમાં વૈદ્ય વિદ્યાએ આણી મુકયું છે. ને તે વિદ્યાનો યશસ્વી જળહળતો પ્રકાશ એ ત્રણે અવસ્થાની વિશમતાને દૂર કરીને તેમાં સામ્યાવસ્થાને સ્થાપવા પ્રતિ છે. દીર્ઘાયુષ્ય અને સાક્ષાત ઇશ્વર સાથે એ સામ્ય દ્વારા આ દેહમાંજ ઐક્યતાને સિદ્ધ કરવાનું માત્ર તે દ્વારાજ બની શકે એમ છે, એજ પરમ આરોગ્ય, એજ પરમ સુખ, એજ પરમ આનંદ, અંતિમ પ્રાપ્તવ્યપદ અર્ધ માત્રને સ્થાને ચંદ્ર સુર્યના યુગ્મવત જળહળી રહે છે.

આર્યહિત વર્ધક ઔષધાલય.

મુ૦ સોનીફળીઆ સુરત. } વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર.

ખાસ ચેતવણી.

દવાની શીશી ડબ્બી વિગેરે ઉપર જે લેબલો હોય છે, તેના ઉપર હમારા *V. S. M. P.* ની લાલ સહીવાળી નીશાની જોઈ લેવી.

બનાવટીથી સાવધ રહેવું.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા
વૈદ્યશાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર
સોનફળીઆ-સુરત.

સુરત ખપાટીઆ ચકલાપર આવેલા શ્રી. ખુ. અ. ના ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં વીઠ્ઠલદાસ કીકાભાઈએ છાપ્યું.

વિશેષ-સુચના

૧-હીંદુસ્તાનમાં તેમજ બીજા પરદેશોમાં જગ જા
થએલી અમારી મુખ્ય દવાઓ દાખલ કરી છે. પરંતુ તે શિ
આયુર્વેદોક્ત સર્વ જાતીની વનસ્પતિના યોગથી બનાવેલી, ભસ્
ગોળીઓ, ચુરણ, આસવ, અવલેહ, મંજન, અંજન, ઘૃત, તે
કાઢાઓ, ઇત્યાદિક તમામ દેશી ઓષધીઓ હમારે ત્યાં તૈયાર મળે

૨-કોઇ પણ દરદી પોતાના દરદની સંપૂર્ણ હકીકત લ
જણાવશે તેને વૈદકીય અભીપ્રાય ફી-લીધા શિવાય આપવા ર
યોગ્ય દવા ઘણી કીફાયતે વાજબી કીંમત લઇ મોકલવામાં આવ
તેમજ દરેકનો પત્ર વ્યવહાર ખાનગી રાખવામાં આવશે.

૩-એક રૂપીઆથી ઓછી કીંમતનું વી. પી. કરવામા આવશે નહી.

૪-દવા વાપરવાની રીત દવા સાથેજ મોકલી આપવામાં આવશે.

૫-અમારી દવાઓનું પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચ દવાની કીંમતથી જુદુંજ સમજવું.

આંખના તમામ રોગોની દવા માટે અમારા દવાખાનામાં આવનાર પાસે ફી લેવામાં આવતી નથી.

આર્યહિતવર્ધક ઔષધાલ

મુ૦ સુરત
સોનીફળીઆ

વૈદ્ય શા
મણીશંકર પાર્વતીશંકર